
વર્ષ : ૪૪ ❖ અંક:૪/૫
જૂન-જુલાઇ સંયુક્ત અંક-૨૦૨૦

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

Retail Price Rs. 10/- Each

## "ગુરુ-ગુણના ભંડાર ગુરુજી"




**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ००૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (०૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# રાષ્ટ્રીય સંકટ કોરોના વાઈરસના જંગમાં સંસ્થા દ્વારા થયેલ સેવાકીય પ્રવૃત્તિઓ














**5100 Copy & 2 Photo Positive**


-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) મુમુક્ષુ, સ્વાધ્યાયકાર, સંત અને સદ્‌ગુરુ ................ ....................... પૂજ્યશ્રી આત્માનંદજી .... ૬

(૩) વૃત્તિનાં મૂળ અને સ્વરૂપની ઓળખ પામીએ ! ......... ....................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૮

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન..... ................... .............પ્રા. ચંદાબહેન પંચાલી............. ૧૦

(૫) શ્રી અમિતગતિ સામાયિક પાઠ .. પૂજ્ય બહેનશ્રી .... ૧૪

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી .... શ્રી અશોકભાઈ શાહ .... ૧૫

(૭) સમ્યક્ તપ ............... બા.બ્ર. શ્રી સુરેશજી .... ૧૯

(૮) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર .. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૧

(૯) એક અલગારી, અદ્‌ભુત સંત...શ્રી પારુલબેન ગાંધી..૨૫

(૧૦) મુનિશ્રી સંતબાલજીના .. શ્રી ગુણવંત બરવાળિયા .. ૨૭

(૧૧) પરમાત્માનું સ્વરૂપ .... શ્રી વલભજી હીરજી ......૩૦

(૧૨) સાધનાની જેવી શુદ્ધિ .... શ્રી અમીચંદભાઇ પટેલ ..૩૧

(૧૩) પુસ્તક સમાલોચના ..... શ્રી મિતેશભાઇ શાહ .....૩૨

(૧૪) બાળ વિભાગ ......... શ્રી મિતેશભાઇ શાહ .... ૨૮

(૧૫) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૦



**વર્ષ : ૪૪ જૂન-જુલાઇ સંયુક્ત અંક ૨૦૨૦ અંક-૪/૫**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોનઃ (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

સાત વર્ષની લઘુવયે આપને જાતિસ્મૃતિજ્ઞાન થયું. એ જ્ઞાન વર્ધમાન થતું થતું એ જ ભવમાં ૯૦૦ ભવના જ્ઞાન સુધી પહોંચ્યું. અમને તો ગયા ભવમાં અમે ક્યાં હતા અને અહીંથી જીવન પૂર્ણ કરીને ક્યાં જઈશું એની પણ ખબર નથી. આપના બોધવચનોથી અને આપની કૃપાથી માત્ર એટલી જ ખબર છે કે આ મનુષ્યભવ જે અમને મળ્યો છે તે દુર્લભ છે અને “એક ભવ જો આત્માનું રૂડું કરવામાં જશે તો અનંતભવનું સાટું વળી રહેશે.”

વળી, આપે એમ પણ કહ્યું છે કે, “જ્ઞાની પુરુષોના વચનો ગાંઠે બાંધીને તે પ્રમાણે પરિણામી કરવાથી આત્માની સામાયિક થાય છે.” તેથી અમે હવે એવો નિશ્ચય કર્યો છે કે, આ ભવમાં તો આત્માની સામાયિક કરવી જ છે. પૂર્વે યથાયોગ્ય વિચાર કર્યા વિના પ્રવૃત્તિ કરી છે તેવી આવા (વિકટ) સંજોગો પ્રાપ્ત થયા છે. સાથે સાથે આપ પ્રભુની પરમકૃપાથી વીરપ્રભુનો બોધ એના શુદ્ધ સ્વરૂપમાં અમને આપે આપ્યો છે, તે કોઈ અપૂર્વ વાત બની છે. “ક્ષણે ક્ષણે અને પ્રસંગે પ્રસંગે જીવનું મૂઢપણું વિચારવામાં ન આવે તો આવો જોગ બન્યો તે પણ વૃથા છે” એમ જાણી આવો પ્રાપ્ત જોગ વૃથા જવા દેવો જ નથી એવો દૃઢ સંકલ્પ અમે કર્યો છે અને આ ભવનું બાકીનું આયુષ્ય આપની આજ્ઞા પ્રમાણે અને સદ્‌ગુરુદેવના ચરણશરણમાં જ પૂર્ણ કરવાની ખરા અંતઃકરણથી અમે ભાવના ભાવીએ છીએ અને પોતાને જ કહીએ છીએ -

“શ્વાસે શ્વાસે અંજલિજલ પેરે, આયુષ્ય ઘટતું જાય રે,
શ્વાસે શ્વાસે યમરાજાનું આગમન સંભળાય રે;
મહાદુર્લભ આ મનુષ્યજન્મને, સફળ કરી લે નિર્ધારીને,
વીજળીના ચમકારે ચેતન ! મોતી પરોવી લે વિચારીને.”

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥


# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક-૧૩૩

**વવાણિયા, બીજા ભાદરવા સુદ ૨,**
**ભોમ, ૧૯૪૬**

આત્મવિવેકસંપન્ન ભાઈ શ્રી સોભાગભાઈ,
મોરબી



આજે આપનું એક પત્ર મલ્યું. વાંચી પરમ સંતોષ થયો. નિરંતર તેવો જ સંતોષ આપતા રહેવા વિજ્ઞપ્તિ છે.

અત્ર જે ઉપાધિ છે, તે એક અમુક કામથી ઉત્પન્ન થઈ છે; અને તે ઉપાધિ માટે શું થશે એવી કંઈ કલ્પના પણ થતી નથી; અર્થાત્ તે ઉપાધિ સંબંધી કંઈ ચિંતા કરવાની વૃત્તિ રહેતી નથી. એ ઉપાધિ કળિકાળના પ્રસંગે એક આગળની સંગતિથી ઉત્પન્ન થઈ છે. અને જેમ તે માટે થવું હશે તેમ થોડા કાળમાં થઈ રહેશે. એવી ઉપાધિઓ આ સંસારમાં આવવી, એ કંઈ નવાઈની વાત નથી.

ઈશ્વર પર વિશ્વાસ રાખવો એ એક સુખદાયક માર્ગ છે. જેનો દૃઢ વિશ્વાસ હોય છે, તે દુઃખી હોતો નથી, અથવા દુઃખી હોય તો દુઃખ વેદતો નથી. દુઃખ ઊલટું સુખરૂપ થઈ પડે છે.

આત્મેચ્છા એવી જ વર્તે છે કે સંસારમાં પ્રારબ્ધાનુસાર ગમે તેવાં શુભાશુભ ઉદય આવો, પરંતુ તેમાં પ્રીતિ અપ્રીતિ કરવાનો આપણે સંકલ્પ પણ ન કરવો.

રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે, આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું ? હાડ, માંસ, અને તેની મજ્જાને એક જ એ જ રંગનું રંગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે, અને તેને લીધે નથી કંઈ જોવું ગમતું, નથી કંઈ સૂંઘવું ગમતું, નથી કંઈ સાંભળવું ગમતું; નથી કંઈ ચાખવું ગમતું કે નથી કંઈ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતું કે નથી ઊઠવું ગમતું, નથી સૂવું ગમતું કે નથી જાગવું ગમતું, નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું રહેવું ગમતું, નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે; તથાપિ તે પ્રત્યે આશા નિરાશા કંઈ જ ઊગતું જણાતું નથી. તે હો તોપણ ભલે અને ન હો તોપણ ભલે, એ કંઈ દુઃખનાં કારણ નથી. દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે, અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે. એ વૃત્તિને લીધે સમાધિ રહે છે. તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી, દેહભાવ દેખાડવો પાલવતો નથી, આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલોક અંતરાય છે. ત્યારે હવે કેમ કરવું ? કયા પર્વતની ગુફામાં જવું અને અલોપ થઈ જવું, એ જ રટાય છે. તથાપિ બહારથી અમુક સંસારી પ્રવૃત્તિ કરવી પડે છે. તે માટે શોક તો નથી, તથાપિ સહન કરવા જીવ ઇચ્છતો નથી ! પરમાનંદ ત્યાગી એને ઇચ્છે પણ કેમ ? અને એ જ કારણથી જ્યોતિષાદિક તરફ હાલ ચિત્ત નથી. ગમે તેવા ભવિષ્યજ્ઞાન અથવા સિદ્ધિઓની ઇચ્છા નથી. તેમ તેઓનો ઉપયોગ કરવામાં ઉદાસીનતા રહે છે. તેમાં પણ હાલ તો અધિક જ રહે છે. માટે એ જ્ઞાન સંબંધે ચિત્તની સ્વસ્થતાએ વિચારી માગેલા પ્રશ્નો સંબંધી લખીશ અથવા સમાગમે જણાવીશ.

જે પ્રાણીઓ એવા પ્રશ્નના ઉત્તર પામવાથી આનંદ માને છે તેઓ મોહાધીન છે, અને તેઓ પરમાર્થનાં પાત્ર થવાં દુર્લભ છે એમ માન્યતા છે, તો તેવા પ્રસંગમાં આવવું પણ ગમતું નથી પણ પરમાર્થ હેતુએ પ્રવૃત્તિ કરવી પડશે તો કંઈ પ્રસંગે કરીશ. ઇચ્છા તો નથી થતી.

આપનો સમાગમ અધિક કરીને ઇચ્છું છું. ઉપાધિમાં એ એક સારી વિશ્રાંતિ છે. કુશળતા છે, ઇચ્છું છું.

**- વિ. રાયચંદના પ્રણામ**

# મુમુક્ષુ, સ્વાધ્યાયકાર, સંત અને સદ્ગુરુ

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



**ભૂમિકા :** વર્તમાનયુગને વિજ્ઞાનયુગ કહેવામાં આવે છે. છેલ્લા ચારપાંચ દાયકામાં ચીલાચાલુ (પાશ્ચાત્ય) શિક્ષણ આપણા દેશમાં ઘણું વધ્યું છે અને લોકો પોતાના શિક્ષણના આધારે પોતાને બહુ બુદ્ધિમાન માને છે ! આપણા દેશમાં થયેલા પ્રાચીન, મધ્યયુગીન તેમજ અર્વાચીન યુગના સંતો અને ધર્માત્માઓ (મહાપુરુષો) પ્રત્યે તેમના મનમાં આદરભાવ લગભગ નહીંવત્ છે અને ભૌતિકવાદ તેમજ અંધ-અર્થવાદની બાહ્ય ઝાકઝમાળથી અંજાઇ જઇને સૌ તેનું જ અનુકરણ કરી રહ્યા છે. આજે જ્યારે આપણા દેશની ઉત્તમ અધ્યાત્મપ્રધાન સંસ્કૃતિ પ્રત્યે સમાજના લગભગ બધા જ વર્ગો ઉદાસીન જેવા દેખાય છે ત્યારે ઉપરોક્ત શીર્ષક દ્વારા નિર્દિષ્ટ આરાધકોનું સંક્ષિપ્ત વિવેચન થોડાક સંસ્કૃતિપ્રેમી અને વિચારશીલ વ્યક્તિઓને પોતાની સાધનામાં ઉપયોગી અને સ્વ-પર ઉપકારક થશે એમ જાણી, અત્રે પ્રસ્તુત કરેલ છે. આ લેખન અધ્યાત્મપદ્ધતિને મુખ્ય રાખીને કરેલ છે અને તેથી વાચકવર્ગને પણ તે અપેક્ષાએ સમજવા ભલામણ છે.

**મુમુક્ષુ :** જે આધિ-વ્યાધિ-ઉપાધિ તેમજ જન્મ-જરા-મરણથી કાયમને માટે મુક્ત થવાની જિજ્ઞાસા અને ઉદ્યમવાળો હોય તે મુમુક્ષુ. વિકારો અને કર્મોથી મુક્ત થઇ આત્મશાંતિ, આત્મજ્ઞાન પામવાની અતરંગ ઇચ્છા તે મુમુક્ષુતા.

"સર્વ પ્રકારની મોહાસક્તિથી મૂંઝાઇ એક મોક્ષને વિષે જ યત્ન કરવો" એમ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ વ્યાખ્યા કરેલ છે.

આપણે મુમુક્ષુનાં લક્ષણ રૂડી રીતે જાણ્યાં હોય તો આપણું સ્વનિરીક્ષણ કરી શકીએ કે હું મુમુક્ષુ છું કે કેમ ? અને છું તો કઇ કક્ષાનો ? આમ, સતત વિવેક-વિચારના માધ્યમથી પોતાના દોષોનો વિલય અને સદ્ગુણોનો આવિર્ભાવ કરવામાં મુમુક્ષુ દત્તચિત્ત (સાવધાન) રહે છે.

વેદાંતમાં શમ, દમ, ઉપરતિ,તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન આ છ મૂળભૂત ગુણો સાધક મુમુક્ષુના કહ્યાં છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય આદિ ગુણો જાગ્રત મુમુક્ષુને વિષે અવશ્ય હોય છે તેમ ઉપદેશી તે પ્રગટ કરવા બોધ આપ્યો છે. શાસ્ત્રો અને જ્ઞાનીઓએ કહેલા આ બધા ગુણોને પોતાના રોજબરોજના જીવનમાં વણી લેવાનો અભ્યાસ કરનાર મુમુક્ષુ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

**સ્વાધ્યાયકાર :** જેઓએ પોતે શાસ્ત્રોનું રૂડી રીતે વાંચન-મનન કર્યું હોય અને અન્ય સાધકોને કે જિજ્ઞાસુઓને, નાનાં કે મોટા સમૂહમાં તેનો અર્થ સમજાવવાની કંઇક ક્ષમતા કેળવી હોય તે સામાન્ય વાંચનકાર (સ્વાધ્યાયકાર)* કહેવાય. સાચો સ્વાધ્યાયકાર તો તે જ બની શકે જે પોતે ખરેખરો મુમુક્ષુ હોય; કારણ કે સ્વાધ્યાય તે એક શ્રેષ્ઠ તપ છે અને તે પ્રથમ તો પોતાના જ જ્ઞાનને અને શ્રદ્ધાને પાકા કરવાના ઉદ્દેશથી અને ધ્યાનાદિની વૃદ્ધિ દ્વારા નિજ કલ્યાણ અર્થે કરવાનું કહ્યું છે. અન્ય મુમુક્ષુઓને તેવા સ્વાધ્યાયનો લાભ મળે તે પ્રાસંગિક કે આનુષંગિક જાણવું.

જેમનામાં ઉત્તમ મુમુક્ષુ કે જ્ઞાનીના સદ્ગુણો પ્રગટ્યાં હોય, જેમણે સત્સંગ અને સદ્ગુરુના માધ્યમે

★ (સ્વાધ્યાયના પાંચ પ્રકાર : વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય, ધર્મોપદેશ. (શ્રી તત્ત્વાર્થસૂત્ર/૯/૨૫))

કરીને વિનયપૂર્વક અને ગુરુગમ સહિતની જ્ઞાન-આરાધના દ્વારા યથાર્થપણે તત્ત્વજ્ઞાન, તત્ત્વાભ્યાસ અને તત્ત્વનિર્ણયની ભૂમિકાને સંપ્રાપ્ત કરી હોય; જેમનામાં ઉત્તમ સદાચાર, સહજ વકતૃત્વ અને ભાષાશાસ્ત્ર-શબ્દશાસ્ત્ર-કાવ્યશાસ્ત્ર આદિનું રૂડું જ્ઞાન હોય અને વિવિધ નયોને તથા પ્રમાણને જાણીને નિષ્પક્ષપણે અને નિઃસ્વાર્થપણે બોધ દેનાર હોય, તેવા જનપ્રિયતાવાળા, સુસ્વરધારક, ધીર અને ગંભીર વાણીવાળા મહાત્માઓ ઉચ્ચકોટિના સ્વાધ્યાયકાર જાણવા, જે આ જમાનામાં અત્યંત વિરલ છે. પોતે જે ઉદ્‌બોધન કરતાં હોય તેમાં પોતાને કેટલી સાચી શ્રદ્ધા છે અને તેને જીવનમાં ઉતારવા પોતે કેટલો પ્રયત્નશીલ છે તેની સતત જાગૃતિ સ્વાધ્યાયકારે રાખવાની હોય છે. કથની-કરણીમાં બહુ અંતર ન રહે અને બન્ને એકરૂપ બને તેવો ઉદ્યમ કરવો.

**સંત :** 'સત્' ના સાક્ષાત્કાર દ્વારા અંતની વાતનો જેઓ અંત પામ્યા હોય તેવા, શાંતિના ધારક અને શાંતિના દાયક ધર્માત્માઓને સાચા સંત કહીએ. તેમનું પૂરું વર્ણન શબ્દો દ્વારા ન થઇ શકે, કેમકે નેણ-વેણ આદિના દિવ્યત્વીકરણથી તેઓ કથંચિત્ શુદ્ધાત્મા બન્યા છે. જો કે એક પ્રકારે જોતાં બધાય સંતો સરખાં છે પણ સૂક્ષ્મ સૈદ્ધાંતિક દૃષ્ટિએ વિચારતા તેમની પવિત્રતા, સમાધિની તરતમતા, પ્રગટેલા સદ્‌ગુણો, પુણ્યોદયની પ્રકર્ષતા, તેમજ બાહ્ય સાધન-પદ્ધતિની વિવિધતા જોતાં તેમનામાં અનેક ભેદો સંભવે છે. આમ છતાં તે સૌમાં એક પણ અપવાદ વિના સાચા જ્ઞાનવૈરાગ્ય, વિશ્વપ્રેમ અને નિઃસ્વાર્થતા અવશ્ય હોય છે. કીર્તિની, પૂજાવાની કે લૌકિક મોટાઈની તેમના અંતરમાં લેશ માત્ર પણ ઇચ્છા હોતી નથી, જેથી તેઓ લોકેષણા, પુત્રેષણા અને વિત્તેષણાથી (વિત્ત=ધન) રહિત કહેવાય છે.

**સદ્‌ગુરુ :** ઉપર કહ્યાં તેવા સંતના ગુણો જેમનામાં અતિ ઉચ્ચ કોટિએ પહોંચ્યા હોય અને તેથી જેમનામાં શુદ્ધ આત્મજ્ઞાન અને સહજ સમાધિ સ્પષ્ટ અને નિરંતર દૃષ્ટિગોચર થતાં હોય તેમને સદ્‌ગુરુ કહીએ. જેઓની સર્વગ્રંથિઓ છેદાઇ ગઇ છે; જગતના જીવોના અજ્ઞાનરૂપ અંધકારને ટાળવા જેઓ એક મહાન, પ્રબળ, પ્રેરક અને શરણરૂપ અવલંબન છે; જેમને તરણ-તારણ, ભવનિસ્તારક, પરમ-દયાળ અને પરમકૃપાળુ કહ્યાં છે; સમસ્ત જગત જેમને તૃણસમાન નિસ્સાર ભાસે છે, જેમના સમસ્ત વ્યક્તિત્વમાંથી નિરંતર દિવ્ય-પ્રેમ, કરુણા અને સમતા પ્રવહે છે; જેઓ અત્યંત નિષ્પાપ, પૂર્ણપ્રેમમય, પવિત્ર અને દર્શનમાત્રથી પણ મુમુક્ષુઓને પ્રેરક બને છે; તેવા મહાન ધર્માત્માઓની દિવ્ય, નિર્દોષ, સર્વસંશયછેદક અમૃતમયવાણી અને સાન્નિધ્ય સંપ્રાપ્ત કરી શકાય તો શું ફળ થાય તે વાણી અગોચર છે. અર્થાત્ તેઓ મોક્ષદાતા છે એમ પણ કહી શકાય. તેમનું સમુચ્ચય વ્યક્તિત્વ, વૈવિધ્યપૂર્ણ લૌકિક અને મુખ્યપણે અનેકાનેક અલૌકિક ગુણોથી ભરપૂર હોય છે. માટે જ તેમને પરમાત્મા-તુલ્ય કહ્યાં છે.

શાસ્ત્રોમાં તેમને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કે સાક્ષાત્ પરબ્રહ્મ સમાન કહ્યાં છે. તેમના ઉપદેશને અને સાન્નિધ્યને પ્રાપ્ત કર્યા વિના પરમાત્માની ઓળખાણ થતી નથી; તેથી તેમનો અપરંપાર ઉપકાર કહ્યો છે અને ''સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ એ દઢતા કરી દે જ'' (શ્રીમદ્‌ રાજચંદ્ર) એમ સર્વ ધર્માત્માઓએ પ્રભુને પ્રાર્થના કરી છે.

જેઓ પરમાર્થપ્રેમી હોય અને ઉપર કહેલી કોઇપણ શ્રેણીમાં આવતા હોય તેઓએ, પોતાના સ્થૂળ-સૂક્ષ્મ અહંભાવને યથાશક્તિ-યથાપદવી ઓગાળતા રહીને અને માનપૂજાદિ સર્વ પ્રકારની ઇચ્છાનો ત્યાગ કરીને, પોતાના જીવનને ઊર્ધ્વગામી બનાવવા સતત પ્રયત્નશીલ રહેવું એવી શાસ્ત્રાજ્ઞા છે.

બહુ શાસ્ત્રજ્ઞાન ન હોય તો પણ હૃદયની સરળતા અને નિર્મળતાથી, સત્સંગની સાચી અને સતત ઉપાસનાથી, સાચા વિવેક-વૈરાગ્યને પ્રગટાવવાથી અને સતત જાગૃતિપૂર્વકના અભ્યાસથી સાધનામાં સાચી પ્રગતિ કરી શકાય છે. આ માટે જરૂર છે અંતરંગ શ્રદ્ધાયુક્ત, ધૈર્યપૂર્વકના સતત સત્પુરુષાર્થની. આવી સાધના દ્વારા કર્મો કપાય છે, આત્મવિશુદ્ધિ વર્ધમાન થાય છે અને ક્રમે કરીને આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય છે એવી અમારી માન્યતા અને અનુભવ છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પરમનો સ્પર્શ - ૧૧૬

# વૃત્તિનાં મૂળ અને સ્વરૂપની ઓળખ પામીએ !

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

જિંદગીની કિતાબનું પહેલું પ્રકરણ એ તૃષ્ણા છે અને એનું છેલ્લું પ્રકરણ એ ત્યાગ છે. જિંદગીના પ્રારંભથી જ માનવીના મનમાં એક યા બીજા પ્રકારની તૃષ્ણાઓ વસે છે. એનો પ્રારંભ થાય છે સુંદર મજાનાં આકર્ષક રમકડાંથી. એ બાર્બી ડૉલ હોય કે પછી સુપરમેન હોય. વસ્તુગત તૃષ્ણાનું આ પ્રારંભબિંદુ છે અને પછી જીવન એક પછી એક તૃષ્ણાઓથી વીંટળાતું જાય છે.

તૃષ્ણાની તાસીર એવી છે કે એકવાર જેને પ્રાપ્ત કરવા વ્યક્તિ સઘળું હોડમાં મૂકવા તૈયાર હોય છે, એ વસ્તુ ક્યારેક એને જીવનભર પ્યારી લાગતી નથી. એક વાર જેની તીવ્ર કામના હોય, તે એને પ્રાપ્ત થાય કે કદાચ ન પણ પ્રાપ્ત થાય, તો પણ એક સમય એવો આવે છે કે જ્યારે એ કામનાનું જોર ઓછું થઈ જાય છે. એનું આકર્ષણ સાવ ઓસરી જાય છે અને ક્યારેક તો વ્યક્તિ પોતે જ પોતાની જાત પર હસે છે કે એક સમયે આ તૃષ્ણાની પાછળ કેટલું બધું દોડ્યો હતો !

સમગ્ર ચિત્ત પર એ તૃષ્ણા એકચક્રી શાસન કરતી હતી. મનમાં સતત પ્રદીપ્ત રહેતી તૃષ્ણા મનને સતત ઘમરોળતી હોય અને એ સિવાય કશું સૂઝતું ન હોય. બાળપણમાં મોજશોખનાં સ્વપ્નો દેખાતાં હતાં, તો યુવાનીમાં પ્રિય પાત્રની પ્રાપ્તિ એ જ પરમ અને ચરમ ધ્યેય બની ગયા હતા. એ તૃષ્ણાની પ્રાપ્તિ માટે કેવા કેવા ઉધમાત કર્યા. કેટલીક તૃષ્ણાઓએ મનને એવું ઘેરી દીધું કે એ સદાય લીલીછમ અને ઉછળતી યુવાની જેવી ચંચળ અને સ્વચ્છંદી બની રહી. વય વધતાંની સાથે તૃષ્ણામાં કોઈ ઘટાડો થયો નહીં અને એ તૃષ્ણા સદાકાળ તરુણી જ બની રહી છે.

આવા તૃષ્ણાના રૂપને સાંગોપાંગ અનુભવનાર અને રાજામાંથી સંન્યાસી બનનાર ભર્તૃહરિએ કહ્યું છે,

गात्राणि शिथिलायन्ते तृष्णैका तरुणायते ।

ચહેરા પર કરચલીઓ પડી ગઈ છે, માથાના વાળ પૂરેપૂરા શ્વેત થઈ ગયા છે, સઘળાં અંગો શિથિલ થઈ ગયા છે, પણ તૃષ્ણા તો વધુને વધુ તરુણ થતી જાય છે.

ધનની તૃષ્ણા ધરાવનાર માનવી જીવનનો અંત આવવાનો હોય, ત્યારે ય ધનની તૃષ્ણા છોડી શકતો નથી. એનું શરીર જીર્ણ બને છે, છતાં એના મનની ધનતૃષ્ણા સહેજે ય જીર્ણ થતી નથી. જો વ્યક્તિને કામવૃત્તિ વળગી જાય, તો એ એના મનને ક્યાંય જંપ લેવા દેતી નથી અને અતિ વૃદ્ધાવસ્થામાં પણ એની કામતૃષ્ણા પ્રજ્વલિત રહે છે.

તૃષ્ણા એવી છે કે જે માનવીના જીવનમાંથી સંતોષનો નાશ કરે છે. જેની સતત તરસ રહે એનું નામ જ તૃષ્ણા. આ તૃષ્ણાને મુખ હોય છે, આરંભ હોય છે, કિંતુ એનો અંત કે છેડો હોતો નથી. તૃષ્ણાના આ સ્વરૂપને રાજગુરુ ચાણક્યએ વ્યાધિરૂપ બતાવતા કહ્યું કે એના જેવો વ્યાધિ બીજો કોઈ નથી. બીજા વ્યાધિઓનું તો ઔષધ લેવાથી શમન થઈ શકે, પરંતુ જે વ્યક્તિને કામ, ક્રોધ, મોહ, માયાનો વ્યાધિ લાગુ પડ્યો, તે એ રોગમાંથી મુક્ત થઈ શકતો નથી. એના મનમાં જન્મેલો એ તૃષ્ણાનો વ્યાધિ એના જીવનના અંત સુધી એને પીડા આપે છે. એની પાસે અધર્મ આચરણ કરાવે છે. એને પરિણામે માનવી સતત તૃષ્ણાની પ્રાપ્તિ પાછળ દોડ લગાવતો રહે છે.

ભારતીય ચિંતનની જેમ પશ્ચિમનું ચિંતન તૃષ્ણાને જોતું નથી. એ તૃષ્ણાને મહત્ત્વાકાંક્ષા સાથે જોડીને કશુંક સિદ્ધ કરવા ચાહે છે. જો કે એવી સિદ્ધિની પ્રાપ્તિ પછી પણ અર્થાત્ અઢળક ધનના સ્વામી બન્યા પછી પણ એ તૃષ્ણા માણસને પીડા આપે છે.

તૃષ્ણાનો દુશ્મન છે સંતોષ. જ્યાં સંતોષ આવે, ત્યાં તૃષ્ણાની લીલા સમાપ્ત થઈ જાય છે, પરંતુ આજના મનુષ્યજીવનમાં સંતોષનો છેદ ઉડાડવામાં આવ્યો છે. એને પરિણામે ચોતરફ અસંતોષની આગ ભડકેલી લાગે છે. તૃષ્ણાને સંતોષ સાથે બારમો ચંદ્રમા

છે. તૃષ્ણા જાગતા સંતોષ વિદાય લે છે અને સંતોષ આવતા તૃષ્ણા આથમી જાય છે.

વ્યક્તિની તૃષ્ણા એના ચિત્તમાં અનેક દોષો સર્જે છે. એને ધનની તૃષ્ણા હોય તો એનું જીવન આખું ધનમય બની જાય છે. એને કામની તૃષ્ણા હોય તો સુંદર અંગઉપાંગોમાં જ એની દૃષ્ટિ ખૂંપેલી રહે છે. એને મોહ હોય તો એ સદૈવ મોહમાં જ ડૂબેલો રહે છે, આથી તૃષ્ણા ધરાવનારને આ દુનિયામાં પોતાની તૃષ્ણા સિવાય બીજું કશું દેખાતું નથી. એક અર્થમાં કહીએ તો તૃષ્ણા એને અંધ બનાવી દે છે, જેથી એ પોતાની તૃષ્ણા સિવાય બીજું કશું જોઇ શકતો નથી. માનવીના જીવનની ચારેબાજુ તૃષ્ણા દીવાલો રચે છે અને એ દીવાલો એવી હોય છે કે એને પાર કરવા માટે વ્યક્તિ પાસે અથાગ મનોબળ અને દૃઢ સંકલ્પ જોઇએ.

કામ, ક્રોધ જેવી વૃત્તિઓ અનિષ્ટકારી હોવાનું સહુ કોઇ કહે છે અને એનો ત્યાગ કરવાનો સહુકોઇ ઉપદેશ આપે છે, પરંતુ એનો ત્યાગ કરતાં પૂર્વે વ્યક્તિએ એક વિશિષ્ટ પ્રકારની જાગૃતિ કેળવવી પડે છે. અનિષ્ટને એકાએક છોડવાની જરૂર નથી, કિંતુ એને બરાબર ઓળખીને છોડવાની જરૂર છે. જો કામવાસનાને સમજ્યા વિના છોડી હશે તો એ થોડો સમય એનાથી મુક્ત રહી શકે, પરંતુ કોઇ તીવ્ર સંયોગો ઊભા થાય તો એ પુનઃ કામવાસનાને શરણે જશે.

વિશ્વામિત્ર જેવા રાજર્ષિ બ્રહ્મર્ષિ થયા હતા અને છતાં એ મેનકા પર આસક્ત થયા હતા. આ ઘટનાનો મર્મ એ છે કે ઘણીવાર તૃષ્ણાના મૂળને બરાબર ઓળખ્યા વિના એનો અણધાર્યો કે એકાએક ત્યાગ કરવામાં આવે, ત્યારે એ તૃષ્ણાનું પુનઃજાગરણ શક્ય છે. કોઇ એમ કહે કે એણે મોહ કે ક્રોધની વૃત્તિનો ત્યાગ કર્યો છે અને હવે એ જીવનમાં આ ત્યાગને જાળવી રાખવા માગે છે. કદીય મોહ કરવા માગતો નથી કે ક્રોધ કરવા ચાહતો નથી. પણ જો એ ક્રોધ કે મોહના મૂળ સુધી નહીં ગયો હોય અને એની ભીતરી ઉત્પત્તિનાં કારણોથી અજ્ઞાત હશે, તો એ કોઇ વિપરિત સંજોગો ઊભા થતાં ક્રોધ કરી બેસશે અથવા તો જે મોહત્યાગની એણે ગાઇ-બજાવીને જાહેરાત કરી હશે, એને વશ થઇ જશે.

સામાન્ય દૃષ્ટિએ આને આપણે વ્યક્તિનું પતન કહીએ છીએ. પણ હકીકતમાં એ ઉતાવળિયા ત્યાગનું પરિણામ છે. આથી પોતામાં રહેલી વૃત્તિ, તૃષ્ણા, વિકાર કે વિષયના મૂળ રૂપ સુધી વ્યક્તિ બરાબર પહોંચે નહીં, તો એ પુનઃ એકાએક ઉત્પન્ન થાય એવી શક્યતા છે. આથી વૃત્તિત્યાગની વાત કરનારે સૌપ્રથમ તો એ વૃત્તિના મૂળરૂપને જોવું જોઇએ. કઇ રીતે એ વૃતિ પોતાનામાં જાગે છે ? કયા સંજોગોમાં જાગે છે ? અને કઇ રીતે એ ઉત્તરોત્તર વધુને વધુ પ્રબળ થતી જાય છે એનો વિચાર કરવો જોઇએ. માત્ર બાહ્ય રીતે ત્યાગ કરી દેવાથી કશું વળતું નથી. માત્ર બે હાથ જોડીને નિયમ લેવાથી કશું પળાતું નથી.

હકીકતમાં સૌપ્રથમ વ્યક્તિએ પોતાનામાં રહેલી કામવૃત્તિને બરાબર જોવી જોઇએ. એના સહયોગી કારણો વિચારવાં જોઇએ, એમાં એ વધુને વધુ ઉદ્દીપ્ત થાય તે માટેની આનુષંગિક બાબતો વિશે ચિંતન કરવું જોઇએ. ક્યારેક કામવૃત્તિની પાછળ વ્યક્તિની ખરાબ સોબત કારણભૂત હોય છે, તો ક્યારેક વ્યક્તિની આસપાસનું વાતાવરણ કારણભૂત હોય છે, આથી વૃત્તિના મૂળને સમજ્યા વિના એનાથી મુક્ત થવાથી મોટું અનિષ્ટ સર્જાય છે. એ વૃત્તિ, વિકાર કે વિષયને બરાબર સમજી લીધા પછી જ એનો ત્યાગ કરવો જોઇએ. જો સમજ્યા વિના ત્યાગ કરવામાં આવે, તો સાચો ત્યાગ સંભવતો નથી. નેલ્સન મંડેલાએ જ્યારે સત્તાથી દૂર રહેવાનો નિશ્ચય કર્યો, ત્યારે એમના ત્યાગને બરાબર વળગી રહ્યા.

સામાન્ય સમજ એવી છે કે ત્યાગ તો એક જ ધડાકે થાય. ઘણી વ્યક્તિઓ કોઇના ઠપકાને કારણે કે શરમને કારણે વ્યસનનો ત્યાગ કરવાની જાહેરાત કરતી હોય છે, પરંતુ એ બાહ્ય પરિસ્થિતિજન્ય ત્યાગ લાંબો ટકતો નથી. પરિણામે કોઇપણ વિષય-વિકારને છોડતાં પૂર્વે એને પૂરેપૂરો સમજી લેવો જોઇએ. જો સમજ્યા વિના એ ત્યાગ કરે તો શું થાય ? એ કદાચ થોડો સમય એને માટે કલ્યાણકારી બને, પરંતુ સદા સર્વદા કલ્યાણકારી બની રહેશે નહીં. આ સંદર્ભમાં મહાભારતના રચયિતા ઋષિ વેદવ્યાસે માર્મિક રીતે કહ્યું છે,

**(અનુસંધાન પાના નં. ૧૩ પર)**

### શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્રનું અમૃતરસપાન (ક્રમાંક-૭૫)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

અધ્યાત્મમય હોવાથી અમૃતસાગર, જ્ઞાનદિવાકર હોવાથી જ્ઞાનસાગર અને ધ્યાનસ્થ હોવાથી ધ્યાનસાગર એવા પરમકૃપાળુદેવની બાવન અક્ષરબારી અને અગમનિગમથી પ્રગટતી સરસ્વતી પ્રકાશે છે પત્રાંક ૬૫૦ માં કે "અંતર્મુખદષ્ટિ જે પુરુષોની થઈ છે, તે પુરુષોને પણ સતત જાગૃતિરૂપ ભલામણ શ્રી વીતરાગે કહી છે, કેમકે અનંતકાળના અધ્યાસવાળા પદાર્થોનો સંગ છે, તે કંઈ પણ દૃષ્ટિને આકર્ષે એવો ભય રાખવા યોગ્ય છે. આવી ભૂમિકામાં આ પ્રકારે ભલામણ ઘટે છે, એમ છે તો પછી વિચારદશા જેની છે એવા મુમુક્ષુ જીવે સતત જાગૃતિ રાખવી ઘટે એમ કહેવામાં ન આવ્યું હોય, તો પણ સ્પષ્ટ સમજી શકાય એમ છે કે મુમુક્ષુ જીવે જે જે પ્રકારે પરઅધ્યાસ થવા યોગ્ય પદાર્થાદિનો ત્યાગ થાય, તે તે પ્રકારે અવશ્ય કરવો ઘટે. જોકે આરંભ-પરિગ્રહનો ત્યાગ એ સ્થૂળ દેખાય છે તથાપિ અંતર્મુખપ્રવૃત્તિનો હેતુ હોવાથી વારંવાર તેનો ત્યાગ ઉપદેશ્યો છે."આ વીતરાગના વચનો છે. જે પુરુષની દૃષ્ટિ અંતર્મુખ થઈ છે તેને પણ સતત જાગૃતિરૂપ રહેવાનો ઉપદેશ છે, તો વિચારવાનને તો હોય એવી સ્પષ્ટતા આ વચનોમાં દર્શાવી છે.

શ્રી પૂજ્યપાદ આચાર્યે જૈનેન્દ્ર વ્યાકરણ, શબ્દાવતાર, સર્વાર્થસિદ્ધિ, ઈષ્ટોપદેશ ગ્રંથોની રચના કરી છે. અધ્યાત્મ ગ્રંથરૂપે ધ્વનિત થતો સમાધિતંત્ર ગ્રંથ અલ્પતામાં બહુલતાને નિરૂપે છે. બહિરાત્મા પરમાર્થ સાધે તો અંતરાત્માના અજવાળા પાથરી શકે અને અંતરાત્મા પરમાર્થને સાધે તો સદા સિદ્ધત્વ દશા સ્થિત થઈ શકે. આવી સૂક્ષ્મતા નાનકડા પણ ગહન ગંભીર સમાધિશતક ગ્રંથમાં કંડારાઈ છે. શ્લોક ૪૪ માં આપણે અભ્યાસ કર્યો કે બહિરાત્માને શરીરાદિ સાથે એકતાબુદ્ધિ હોવાથી સ્ત્રીલિંગ રૂપે સ્ત્રીના શરીરને આત્મા માને છે. પુલ્લિંગ લિંગે શરીર છે તેને આત્મા માને છે તથા નપુંસક લિંગે શરીરને જોઈને તેને આત્મા માને છે. લિંગ શરીરનો ધર્મ છે, જડ છે, અચેતન છે એવું બહિરાત્મા સમજતો નથી. અંતરાત્માની શ્રદ્ધા છે કે આત્મા અનાદિ સંસિદ્ધ છે. પરિપૂર્ણ છે. વિકલ્પ અને કથનથી અગોચર છે. આત્મા પરિપૂર્ણ નિર્વિકલ્પ સ્વરૂપ છે. આવું આત્મનિરીક્ષણ સમજણને સ્વચ્છ કરે છે.

હવે શ્લોક ૪૫ માં ફરમાવે છે કે,

जानन्नप्यात्मनस्तत्वं विविक्तं भावयन्नपि ।<br>
पूर्वविभ्रमसंस्काराद् भ्रान्तिं भूयोऽपि गच्छति ॥

**અન્વય :-** आत्मनः तत्त्वं जानन् अपि विविक्तं भावयन् अपि पूर्वविभ्रमसंस्कारात् भूयः अपि भ्रान्तिं गच्छति ॥

**શબ્દાર્થ :-** અંતરાત્મા आत्मनः तत्त्वं = પોતાના આત્માનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, जानन् अपि = જાણતો હોવા છતાં ,विविक्तं भावयन् अपि = અને તેને શરીરાદિથી ભિન્ન ભાવતો હોવા છતાં, पूर्वविभ्रमसंस्कारात् = પૂર્વે એટલે બહિરાત્મ અવસ્થામાં ઉત્પન્ન થયેલા ભ્રાન્તિના સંસ્કારોને લીધે, भूयः अपि = ફરીથી તે, भ्रान्तिं गच्छति = ભ્રાન્તિ પામે છે.

**ભાષાતંર :-** અંતરાત્મા પોતાના આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જાણતો હોવા છતાં અને તેને શરીરાદિથી ભિન્ન ભાવવા છતાં પૂર્વે એટલે બહિરાત્મ અવસ્થામાં ઉત્પન્ન થયેલા ભ્રાન્તિના સંસ્કારોને લીધે ફરીથી તે ભ્રાન્તિ પામે છે.

**ભાવાર્થ :-** બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માની ત્રિવેણીને શ્રી પૂજ્યપાદ આચાર્ય કેવો અંતર્મુખ પુરુષાર્થ બતાવે છે કે જે જીવમાંથી શિવ સુધી પહોંચે છે, નરથી નારાયણ બને છે, વિભાવથી મુક્ત

થઈ સ્વભાવમાં રહેતો જાય છે. અજ્ઞાની સત્‌માર્ગને પામી જ્ઞાની બને છે. એવા સાગરને ગાગરમાં સમાવે તેવો સમાધિતંત્ર ગ્રંથનો મહિમા છે.

અહીં આશંકા વ્યક્ત કરી છે. એકવાર અંતરાત્મામાં સ્થિત થયેલા સાધકને કદાચિત્ હું પુરુષ છું. (पुमान् अहं, गोरो अहम्) હું ગોરો છું, ઈત્યાદિ રૂપ અભેદ ભ્રાન્તિ કેમ થાય છે ? આચાર્યદેવે બહુ ઉત્તમ રીતે સમાધાન થાય તે રીતે પ્રત્યુત્તર આપ્યો છે, पूर्व विभ्रम संस्कारात् । પૂર્વના વિભ્રમના સંસ્કારોથી નીચેના ભાવમાં આવી જાય છે. ખરેખર તો પુરુષાર્થની મંદતા હલકા ભાવ થવામાં કારણભૂત છે.

દેહથી આત્મા ભિન્ન છે. રાગદ્વેષ આત્માનો સ્વભાવ નથી. રાગ-દ્વેષ કર્મબંધનું કારણ છે. માટે રાગ-દ્વેષનો ત્યાગ કરી નિજમાં નિજને સ્થિર કરવો એમ જાણતા હોવા છતાં, ભ્રાન્તિના સંસ્કાર હોવાથી નિમિત્તો પામીને, પુરુષાર્થની નબળાઈથી બહિરાત્મ ભાવમાં સાધક આવી જાય છે. સંસ્કાર બળવાન બની જાય છે. અંતરાત્મપણું અસ્તિત્વ ધરાવતું હોય ત્યારે સમ્યગ્દર્શનના આઠ અંગ - નિઃશંકિતપણું, નિઃકાંક્ષિતપણું નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના પ્રગટ હોય છે છતાં ભ્રાન્તિનો ઉદય થતાં આ અંગો ઉપર આવરણ આવી જાય છે.

પૂર્વની ભ્રાન્તિ કે વિભ્રમના સંસ્કારોમાં ચારિત્ર મોહનો ઉદય પણ હોય છે. એટલે કોઈ જીવને મિથ્યાત્વનો ઉદય ન હોય, પ્રત્યાખ્યાની કે અપ્રત્યાખ્યાની કે નોકષાયનો ઉદય પણ હોય તો સમ્યગ્દર્શન રહે અને સાધુપણું કે શ્રાવકપણું ભાવમાંથી ચાલ્યું જાય એવા પણ કર્મના ઉદય હોય છે. માટે ચેતતા રહેવા જ્ઞાનીપુરુષો ઉપદેશ આપે છે. નિમિત્તાધીન જીવ જ્યાં સુધી છે ત્યાં સુધી ઉત્તમ નિમિત્તોનો યોગ મેળવવા જ્ઞાનીપુરુષો સત્સંગમાં રહેવાનું કહે છે.

પરમકૃપાળુદેવની અમરદેશના ફરમાવે છે કે ‘‘નિમિત્તે કરીને જેને હર્ષ થાય છે, નિમિત્તે કરીને જેને શોક થાય છે, નિમિત્તે કરીને જેને ઈન્દ્રિયજન્ય વિષય પ્રત્યે આકર્ષણ થાય છે, નિમિત્તે કરીને જેને ઈન્દ્રિયને પ્રતિકૂળ એવા પ્રકારોને વિષે દ્વેષ થાય છે, નિમિત્તે કરીને જેને ઉત્કર્ષ આવે છે, નિમિત્તે કરીને જેને કષાય ઉદ્‌ભવે છે, એવા જીવને જેટલો બને તેટલો તે તે નિમિત્તવાસી જીવોનો સંગ ત્યાગવો ઘટે છે અને નિત્ય પ્રત્યે સત્સંગ કરવો ઘટે છે. સત્સંગના અયોગે તથા પ્રકારના નિમિત્તથી દૂર રહેવું ઘટે છે. ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે અને નિમિત્તે નિમિત્તે સ્વદશા પ્રત્યે ઉપયોગ દેવો ઘટે છે.’’ આ અમરવાણી ભ્રાન્તિને કારણે સમ્યગ્દર્શન શિથિલ થાય ત્યારે આંતરિક બળ પ્રદાન કરનારી છે.

**વિશેષાર્થ :-** પરમાત્મપણું પ્રગટ થતાં પહેલા સાધક અવસ્થામાં પરિણામની તરતમતા રહે છે. અંતરાત્મા પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જાણતો હોવા છતાં અને આત્મા દેહાદિથી ભિન્ન છે એવી પ્રતીતિ હોવા છતાં મોહનીય કર્મના પૂર્વના સંસ્કારો ઉદયમાં આવે તો ઉપયોગ ચલિત થાય છે. અંતરાત્મપણાની ત્રણ અવસ્થાઓ છે-જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ.

જઘન્ય અંતરાત્મા ચોથા અને પાંચમા ગુણસ્થાનકે હોય છે. તે સાધકની અવસ્થામાં ઉપશમ સમ્યક્ત્વ પ્રગટ થાય છે. તેનો કાળ અંતર્મુહૂર્તનો છે. તેથી મોહનીયની કષાય પ્રકૃતિનો ઉદય થાય તો જીવ ભ્રાન્ત થઈ પાછો મિથ્યાત્વ ગુણસ્થાને આવે છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો કાળ દીર્ઘ છે. પણ તે સ્થાને પરિણામમાં મલિનતા છે. સમ્યક્ત્વ મોહનીયની પ્રકૃતિ સત્તામાં છે. ક્ષય અને ઉપશમ થયા કરે છે. તેને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે. અહીં સાધકને પૂર્વ સંસ્કારનો ઉદય થાય તો સમ્યગ્દર્શનથી પડે છે. તે સાધક બહિરાત્માપણાને પામે છે. મોહનીયની સાતેય પ્રકૃતિનો ક્ષય થાય તો સાધકને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. પછી પૂર્વકર્મના ઉદયથી ઉત્પન્ન થતાં વિભ્રમના સંસ્કાર ઉદિત થતા નથી. પાંચમા કાળમાં (વર્તમાનમાં) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સુધી સાધકનો પુરુષાર્થ થાય છે.

**(૧) आत्मनः तत्त्वं जानन् अपि** - પોતાના આત્માનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જાણતો હોવા છતાં ફરી તે ભ્રાન્તિ

થઈ જાય છે. રાગદ્વેષ થઈ જાય છે. દેહથી ભિન્ન આત્મા છે એમ જાણ્યા - અનુભવ્યા છતાં પણ રાગ-દ્વેષ રહિત સમાધિ થવાને બદલે અસમાધિ થઈ જાય છે.

(૨) **विवक्तं भावयन् अपि** - અહીં આચાર્યદેવે બે अपि નો પ્રયોગ કર્યો છે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જાણતા છતાં પણ અને ભાવતાં છતાં પણ મોહનીયનો ઉદય પછાડી દે છે. સાથે પુરુષાર્થનું બળ નબળું પડે છે. ભેદજ્ઞાન થયા પછી પણ સંસ્કારો અનાદિના પડ્યા છે તેથી જાગૃત થઈ જાય છે.

(૩) **पूर्व विभ्रम संस्कारात्** - પહેલાના ભ્રાન્તિના સંસ્કાર ઉદયમાં આવતાં, ભેદજ્ઞાનની પક્કડ નબળી પડતાં, પુરુષાર્થનું બળ શિથિલ થતાં, અનાદિના સંસ્કારને વશ થઈ જતાં, જાગૃતિની મંદતા થતાં સમ્યક્ત્વ નબળું પડે છે. સમ્યક્ત્વ વમી જાય છે. બહિરાત્મ અવસ્થામાં શરીરાદિને આત્મા માનવા રૂપ ભ્રાન્તિથી સમ્યક્ત્વનો પાવર ખસી જાય છે અને સાધક મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. કર્મના ઉદયને કારણે પાછો પડ્યો છે એમ નથી, જે ભાવો દબાવ્યા હતા તે પૂર્વ સંસ્કારોને કારણે સમ્યગ્દર્શનથી પડી જાય છે. કારણ મોહનીય કર્મનો અભાવ કર્યો નથી. એટલે કે ક્ષાયિક સમ્યક્ત્વ નથી તેથી પૂર્વ સંસ્કારના ઉદયમાં ભળી જાય છે.

જેમ પાણીમાં મેલ છે. પાણીના મેલને દૂર કરીને નીતરેલું પાણી જુદું જાણ્યું હતું પણ મેલ નીચે બેઠો હતો. એ મેલ પાછો આવ્યો. મેલ હતો પોતાની ભૂલનો. સાધકને સાવધાન કરે છે કે સમ્યગ્દર્શન થયા પછી પણ સાવધાન રહેજે. ચૈતન્ય સ્વભાવનું ભાન છે તેને સાવધાનપણે સાચવજે. ક્ષયોપશમ સમ્યક્ત્વમાં આવું બને છે. ભગવાન અનંતગુણનો પિંડ છે. તેની પાસે નવપૂર્વનું જ્ઞાન પણ અલ્પ છે. પૂર્વના ભ્રાન્તિના જ્ઞાનના ક્ષયોપશમના સંસ્કારમાં પણ મદ આવી જાય કે મારામાં ઘણું જ્ઞાન છે તો પણ પાછો પડી જાય છે. જેને ચૈતન્ય સ્વભાવ, અપરિમિત સ્વભાવ, સામાન્ય સ્વભાવ, પૂરણ સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ, સમાન જાતિનો એકરૂપ સ્વભાવ એવું વસ્તુનું સત્ત્વ છે. એવી જ્ઞાનદશા ભેદજ્ઞાનથી મેળવી, પરથી ભેદજ્ઞાન કરી સ્વસ્વરૂપમાં એકાગ્ર થયો ત્યાં પોતાની ભૂલને કારણે પરજ્ઞાનના માન (અહંકાર) ના સંસ્કાર જાગૃત થયા. પૂર્વની ભ્રાન્તિમાં જોડાઈ ગયો. માટે જ્ઞાની પુરુષો સાવધાન કરે છે. સત્સંગ રાખજે, ભેદજ્ઞાનની ધારાને તીક્ષ્ણ રાખજે. ઉપયોગને સ્વઆત્મામાં જ જોડજે.

(૪) **भूयः अपि गच्छति** - પૂર્વના સંસ્કાર જાગૃત થતાં તે મોહનીય કર્મના સંસ્કારમાં ફરી જોડાય છે. કોઈ સાધક આત્મા અગિયારમે ગુણસ્થાને ચડ્યો હોય પણ ઉપશમશ્રેણીનો ધણી હોય તો ત્યાં પણ એ પૂર્વના સંસ્કાર જાગૃત થતાં નીચે આવી જાય છે. ત્યાં ચારિત્રમોહ નડે છે. તેમાં પણ દર્શન મોહનીય કર્મનો ઉદય થતાં પોતાની ભૂલને કારણે મિથ્યાત્વમાં પણ આવી જાય. માટે જ્ઞાનીપુરુષો વારંવાર જાગૃત કરે છે. અધ્યાત્મમાર્ગ જાગૃતિનો માર્ગ છે.

श्री शीतलप्रसादजी कहते है, ''इस बात के कहने का अभिप्राय यह है कि सम्यक्त्व की प्राप्ति जिन बाहरी कारणों से होती है, उनका साधन कभी छोड़ना न चाहिये । जब तक सम्यक्त्व दृढ़ न हो जावे, तब तक उसके साधनों का अवलंबन रखना चाहिये ।''

આત્માનું પરથી ભિન્નપણું જાણવા છતાં એક વાત લીધી છે અને શરીરાદિથી ભિન્ન ભાસવા છતાં. એમ બે વાત લીધી છે. જાણવા છતાં અને ભાસવા છતાં. આત્મસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ જ્ઞાતાદૃષ્ટા છે એમ જાણવા છતાં, શરીરાદિ, રાગ-દ્વેષથી ભિન્ન ભાસવા છતાં અંતરાત્મા ભ્રાન્તિ પામે છે. રાગ-દ્વેષમાં ભળી જાય છે. હું ગોરો છું, હું સ્ત્રી છું, હું પુરુષ છું એવા અનાદિના સંસ્કાર જાગૃત થઈ જાય છે. હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું શરીરવાળો છુ - આ બધી જ જડની અવસ્થા છે. અનાદિના આ સંસ્કાર હોવાથી સમકિતથી વમી જાય છે.

સૂક્ષ્મતાથી વિચારીએ તો અલિંગગ્રહણના વીસ બોલ છે. શ્રી અમૃતચંદ્ર આચાર્ય ટીકામાં વિસ્તાર કરે છે તેનો સોળમો બોલ છે-દ્રવ્યભાવ વેદરહિત મારું સ્વરૂપ છે. દ્રવ્યના આવા ચિહ્નો - સ્ત્રીલિંગ છું, પુલ્લિંગ છું એવા ચિહ્નો તથા અંતરમાં સ્ત્રી પુરુષની વાસના તે ભાવ-એમ

દ્રવ્ય અને ભાવ એવો વેદરહિત હું છું. એવું મારું મૂળ સ્વરૂપ છે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપે સદા ટકનારો હું છું.

પૂ. બેનશ્રી ચંપાબેનની આત્મધારાને સ્પર્શીને આવતી અમૃતવાણી કહે છે કે, "સમ્યક્દૃષ્ટિ જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં ધારી રાખે છે, ટકાવી રાખે છે, સ્થિર રાખે છે - એવી સહજ દશા હોય છે. સમ્યક્દૃષ્ટિ જીવને તેમજ મુનિને ભેદજ્ઞાનની પરિણતિ તો ચાલુ જ હોય છે. સમ્યક્દૃષ્ટિ ગૃહસ્થને તેની દશાના પ્રમાણમાં ઉપયોગ અંતરમાં જાય છે તેમજ બહાર આવે છે; મુનિરાજને તો ઉપયોગ બહુ ઝડપથી વારંવાર અંદર ઉતરી જાય છે. ભેદજ્ઞાનની પરિણતિ - જ્ઞાતાધારા બંનેને ચાલુ જ હોય છે. તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી. અવિરત સમ્યક્દૃષ્ટિને ચોથા ગુણસ્થાન પ્રમાણે અને મુનિને છઠ્ઠા - સાતમા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્ત્યા કરે છે. પુરુષાર્થ વિના પરિણતિ ટકતી નથી. સહજ પણ છે. પુરુષાર્થ પણ છે."

પૂર્વના સંસ્કારની ભ્રાન્તિ ઉત્પન્ન થાય અને સાધકનો પુરુષાર્થ મંદ થાય તો ઉદયમાં ભળી જઈ પ્રાપ્ત કરેલું-ભેદજ્ઞાનની ઉગ્રતાથી મેળવેલું સમ્યગ્દર્શન છૂટી જાય છે. માટે જ્ઞાનીપુરુષોનો અખંડ બોધ છે. વિભાવથી મુક્ત થઈ સ્વભાવની ઉગ્રતામાં જામી જા.

"આત્મતત્ત્વ પિછાનીને, ભિન્ન ભાવી રહ્યા છતાં,
ભ્રાન્તિના પૂર્વ સંસ્કારે, ભ્રાન્તિમાં ફરી કો જતાં."
- પૂ. બ્રહ્મચારીજી

"યદ્યપિ આત્મ જણાય ને, ભિન્નપણે વેદાય,
પૂર્વ ભ્રાન્તિ - સંસ્કારથી, પુનરપિ વિભ્રમ થાય."
- શ્રી છોટાલાલ ગાંધી

"शुद्धात्मको सुबुध यद्यपि जानता है,
ध्याता उसे अलस को तज देखता है ।
मिथ्यात्व का उदय पै यदि हाय ! होता,
सद्ध्यान शीघ्र नशता, वह भ्रष्ट होता ॥"
- પૂ. વિદ્યાસાગરજી મહારાજ

(ક્રમશઃ)

**વૃત્તિનાં મૂળ અને સ્વરૂપ ...**

(પાના નં. ૯ પરથી ચાલુ...)

'જેણે ઇચ્છાનો ત્યાગ કર્યો છે, એને ઘર છોડવાની શી આવશ્યકતા છે અને જે ઇચ્છાથી બંધાયેલા છે, એ વનમાં રહે તો પણ એમને શું લાભ થઇ શકે ? સાચો ત્યાગી જ્યાં રહે ત્યાં જ વન અને ભવન-કંદરા છે.'

આમ, ત્યાગ કરતાં પૂર્વે જેનો ત્યાગ કરો છો તેનો સંપૂર્ણ અને અખિલાઇથી વિચાર કરવામાં આવે, તો જ એ ત્યાગ વિશેષ ટકાઉ બને છે. સામાન્ય રીતે વ્યવહારમાં આપણે જોઇએ છીએ કે વ્યક્તિ કોઇ આવેશમાં આવીને જીવનમાં અમુક વસ્તુનો ત્યાગ કરતો હોય છે. કોઇ બ્રહ્મચર્યની બાધા લેતા હોય છે તો કોઇ મિષ્ટાન્ન છોડવાનો નિયમ લે છે. કોઇ મર્યાદિત દિવસોમાં જ અમુક મંત્રો બોલવાનો અભિગ્રહ સેવે છે, તો કોઇ ભોજનમાં અમુક જ ચીજવસ્તુઓ લેવાનો નિયમ રાખે છે. કોઇ સંપત્તિના ત્યાગનો વિચાર કરે છે, તો કોઇ સમૃદ્ધિને છોડવાનો સંકલ્પ કરે છે. પરંતુ આ બધાની પાછળ મહત્ત્વની બાબત તો એ છે કે જેને છોડીએ છીએ એના વિશે પૂરો વિચાર કર્યો છે ખરો?

જો તૃષ્ણાનો મૂળગામી અને સર્વતોમુખી વિચાર કરવામાં ન આવે તો તૃષ્ણાનો ત્યાગ કરનાર પણ સંજોગ બદલાતા કે સમય જતાં ફરી એનો ભોગ બને છે.

## સ્વસ્થ જીવનની સપ્તપદી

**(૧) સમ્યક્ આહાર, (૨) સમ્યક્ નિદ્રા, (૩) સમ્યક્ શ્રમ, (૪) વિધાયક વિચારસરણી, (૫) પ્રાર્થના-ધ્યાન (૬) નૈસર્ગિક જીવન (૭) અહંશૂન્ય થવાની દિશામાં નિરંતર ગતિ.**

## શાસ્ત્રસાર

**જે વાત કરોડો ગ્રંથોમાં કહેલી છે તે હું (વેદવ્યાસ) તમને અર્ધા શ્લોકમાં કહી દઉં છું : "બીજાઓને સુખ પહોંચાડવામાં એટલે કે પરોપકાર કરવામાં પુણ્ય છે અને અન્યને પીડા આપવામાં પાપ છે."**

પરમ પૂજ્ય શ્રી અમિતગતિ આચાર્ય વિરચિત

# શ્રી અમિતગતિ સામાયિક પાઠ

એક અનુચિંતન

પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી

**(શ્લોક - ૧૮)**

**न स्पृश्यते कर्मकलंकदोषैर्यो-**
**ध्वांतसंड्घैरिव तिग्मरश्मिः ।**
**निरंजन नित्यमनेकमेकं,**
**तं देवमाप्तं शरणं प्रपद्ये ॥ १८ ॥**

**अन्वयार्थ :** ध्वान्त संघैः = અંધકારના સમૂહથી, तिग्मरश्मिः इव = જેમ સૂર્ય સ્પૃષ્ટ નથી થતો, यः = એ પ્રકારે, कर्म कलंक दोषैः = કર્મકલંક અને રાગાદિ દોષો, न स्पृश्यते = સ્પર્શી નથી શકતા, निरंजनम् = નિરંજન, નિર્મળ, नित्यम् = નિત્ય, अनेकम् = અનેક તથા, एकम् = એકરૂપ છે, तं = તેવા, आप्तम् = આપ્ત, देवम् = દેવનું, अहम् = હું, शरणम् प्रपद्ये = શરણ ગ્રહણ કરું છું.

**પદ્યાનુવાદ :**

સ્પર્શ તલભાર તિમિર કેરો, થાય નહિ જ્યમ સૂર્યને,
ત્યમ દુષ્કલંકો કર્મના અડકી શકે નહિ આપને;
જે એકને બહુરૂપ થઈ, વ્યાપી બધે વિરાજતો,
તેવા સુદેવ સમર્થનું સાચું શરણ હું માગતો.

**ગદ્યાનુવાદ :**

જેમ સંપૂર્ણ અંધકારનો સમૂહ પણ સૂર્યને સ્પર્શ નથી કરી શકતો, એ જ પ્રકારે જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મકલંકો તથા રાગદ્વેષ આદિ દોષો જેને સ્પર્શ પણ નથી કરી શકતા, જે નિત્ય નિરંજન સ્વરૂપ છે. તથા જે એક છતાં બહુરૂપ થઈ બધે વ્યાપ્ત છે એવા આપ્ત - પ્રભુનું હું શરણ ગ્રહણ કરું છું.

**વિશેષાર્થ :**

અત્ર ઉત્તમ સાધક પરમવિનય દ્વારા પરમાત્માનું શરણ ગ્રહણ કરે છે. જેને ધ્યાન - ચિંતન દ્વારા 'સમતા' પ્રાપ્ત કરવી છે તેણે જે મહાપુરુષોએ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા દ્વારા સમતાની સંપૂર્ણ સિદ્ધિ કરી હોય તેમનો આશ્રય કરવો પડે. કારણ કે જેની પાસે જે વસ્તુ હોય તેની પાસે જ તે વસ્તુ પ્રાપ્ત થઈ શકે એવો સિદ્ધાંત કહ્યો છે.

શ્રી ભક્તામર સ્તોત્રમાં શ્રી માનતુંગાચાર્ય જણાવે છે :

"એમાં કાંઈ નથી નવીનતા નાથ ! દેવાધિદેવ !
ભક્તો સર્વે પદ પ્રભુતણું પામતાં નિત્યમેવ;
લોકો સેવે કદી ધનિકને, તો ધની જેમ થાય,
સેવા થાતાં પ્રભુપદ તણી આપ જેવા જ થાય."

ધ્યાનની પ્રથમ અને મધ્યમ ભૂમિકામાં પ્રજ્ઞાવાન અને નિર્મળ હૃદયવાળો સાધક પ્રભુના ગુણો ગાતાં ગાતાં પ્રભુના સ્વરૂપનું જ ધ્યાન કરે છે. જેમ બાળકને ચાલણગાડીની તથા લાકડીના અવલંબનની જરૂર છે તેમ સાધકને શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જિન પરમાત્માના ધ્યાનની જરૂર છે. યથા -

"આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર."

- પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર - પ. ૯૫૪

આચાર્યશ્રી અહીંયા ભગવાનને સૂર્યની ઉપમા આપીને ફરમાવે છે કે સૂર્ય સ્વયં જ પ્રકાશનો પુંજ હોવાથી કોઈ પ્રકારનો અંધકાર તેમની પાસે ફરકી શકતો નથી, તેવી રીતે જેમને અનંત આનંદ અને અનંત જ્ઞાન પ્રગટી ગયા છે તેમની પાસે કોઈપણ પ્રકારનું પાપ કે કલંક ફરકી શકતા નથી. ભગવાન પૂર્ણ પવિત્ર અને પુણ્યાનુબંધી પુણ્યના ધારક છે.

**પરમાત્માની સર્વવ્યાપકતા :-**

પરમાત્મા પોતાના આત્મપ્રદેશોની અપેક્ષાએ તો એક જ છે અને દેહસહિત (અરિહંત) અવસ્થામાં તેમના દેહમાં જ વ્યાપેલા રહે છે, પરંતુ તેઓ ઉત્કૃષ્ટ

**(અનુસંધાન પાના નં. ૧૮ પર)**

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

**૧૮ મા તીર્થંકરશ્રી અરનાથ ભગવાન સ્તવન પ્રારંભ**

ગણિશ્રી દેવચંદ્રજી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની ઉચ્ચ સંપત્તિ ધરાવતા એક મહાપુરુષ હતા એ તો એમની તાત્ત્વિક પ્રભુભક્તિથી આપણને વિદિત થાય છે, પરંતુ તેમને તો રત્નત્રયની પૂર્ણતા કરી પરમાત્મપદની ખેવના નિરંતર રહેતી અને તેથી જ તે પરમપદ જેમણે પ્રાપ્ત કર્યું છે તેવા શ્રી તીર્થંકર ભગવંતોની ભક્તિથી છલકાતા આ અદ્ભુત સ્તવનો તેમના હૃદયમાંથી નીકળતા. અને તેને માણવા આપણે પણ પ્રભુ-ગુરુકૃપાથી ભાગ્યશાળી થયા છીએ.

ગણિશ્રીની ભક્તિમાં અંધશ્રદ્ધાનો અલ્પાંશ પણ જોવા ન મળે, કારણ કે જિનેશ્વર પ્રણીત તત્ત્વજ્ઞાન-જેમ કે, નિમિત્ત-ઉપાદાન, પ્રમાણ-નય-નિક્ષેપ આદિ અનેકાંતમય સિદ્ધાંત તેમની પ્રભુભક્તિનો પણ આધારસ્તંભ રહેતો, જે આપણે પહેલાંના અનેક સ્તવનોમાં જોયું અને આ સ્તવનમાં પણ જોઇશું. જે કર્તા-કારણ-કાર્ય સંબંધ અને ઉપાદાન-નિમિત્ત સંબંધ વિશે તેમણે શ્રી અજિતનાથ અને શ્રી સંભવનાથ આદિ સ્તવનોમાં સમજણ આપી તે જિનસિદ્ધાંત ઉપર પ્રસ્તુત શ્રી અરનાથ સ્તવનમાં વ્યાખ્યાઓ આપીને વિશિષ્ટ પ્રકાશ પાડશે. તો ચાલો, આ સુંદર તત્ત્વજ્ઞાનસભર ભક્તિરસનું પાન કરી આપણા આત્માને પણ ઉજ્જવળ કરીએ.

**પ્રણમો શ્રી અરનાથ, શિવપુર સાથ ખરોરી;**
**ત્રિભુવન જન આધાર, ભવનિસ્તાર કરોરી. ૧**

**શબ્દાર્થ :** શ્રી અરનાથ પ્રભુને વંદન કરો, જેઓ મોક્ષનગરી જવા માટેનો ખરેખરો સાથ છે, જેઓ ત્રણ લોકના જીવોના આધાર છે અને જેઓ ભવપાર કરાવનાર છે. (શિવપુર = મોક્ષ; ખરોરી = ખરેખરા; ભવનિસ્તાર = ભવથી પાર કરાવનાર, ભવથી મુક્ત કરાવનાર)

**વિશેષાર્થ :** સ્તવનના મંગળાચરણમાં જ ગણિશ્રી દેવચંદ્રને પ્રભુનો કેટલો મહિમા જાગ્યો છે તે ભક્તહૃદયના દર્શન થાય છે. તેઓ સ્વયં તો પ્રભુને કોટિ કોટિ વંદન તો કરતાં જ હશે પરંતુ સર્વ ભવ્ય જીવોને આહ્વાન કરે છે કે સૌ ''પ્રણમો શ્રી અરનાથ'' - અત્યંત ભાવપૂર્વક પ્રભુ અરનાથને વંદન કરો; મન, વચન, કાયાથી વંદન કરો. મનથી પ્રભુના સ્વરૂપનો વિચાર કરી પ્રભુ-નામસ્મરણ કરો, વાણીથી પ્રભુસ્તવના કરો અને કાયાથી પંચાંગ આદિ રીતે વંદન કરો. પ્રભુને નિષ્કામપણે માયા, મિથ્યાત્વ અને નિદાન શલ્યરહિત વંદન કરવાથી અનંત કર્મોની નિર્જરા થાય છે. પ્રભુની નિષ્કામ ભક્તિથી ઈન્દ્ર, નરેન્દ્ર આદિ સાંસારિક સુખો તો પ્રાપ્ત થાય જ છે પણ મોક્ષાર્થીને તો શિવપુરી, મોક્ષનું સુખ પ્રાપ્ત થાય છે. આમ, પ્રભુ ત્રિલોકના સર્વ પ્રાણીના સર્વ દુઃખોનો ક્ષય કરનાર, એટલું જ નહીં પણ તેમના સર્વ પ્રકારના સુખનો આધાર હોવાથી તેમને **''ત્રિભુવન જન આધાર''** કહ્યાં અને જે મોક્ષાભિલાષી છે તેવા જીવો માટે તો પ્રભુ કરુણાના ભંડાર બની મોક્ષ સુધી સાથ આપે એવા સારથિ છે, કારણ કે બારમા ગુણસ્થાન પર્યંત, કેવળજ્ઞાન ઉત્પન્ન થવાના પ્રથમ સમય સુધી પ્રભુએ ઉપદેશેલું શ્રુતજ્ઞાન આધારભુત છે. (Ref : શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક - ૭૫૧). તેથી દેવચંદ્રજી અહીં પ્રભુને શિવપુરી અર્થાત્ મોક્ષના ખરેખરા સાથી કહે છે. આમ, ભવસમુદ્રથી પાર કરાવી મોક્ષના દ્વાર સુધી પહોંચાડી દે છે માટે પ્રભુને ''ભવનિસ્તાર'' કરનાર કીધાં. પ્રભુને ''શિવપુરના સાથ'' નિમિત્ત અપેક્ષાએ કીધાં કારણ કે ભક્તિમાર્ગમાં નિમિત્તની મુખ્યતા રહેશે તે આપણે પહેલાનાં અનેક સ્તવનોમાં જોયું. પરંતુ કાર્ય ઉપાદાનમાં એટલે સાધકમાં થશે અને તેના પુરુષાર્થથી થશે. આમ, નિમિત્ત-ઉપાદાન બન્નેની અનિવાર્યતા હોવાથી અને તેની સમજણ મોક્ષમાર્ગમાં અત્યંત આવશ્યક અને ઉપયોગી હોવાથી તેના સંદર્ભમાં શ્રી દેવચંદ્રજી આખી કારણ-કાર્ય વ્યવસ્થાને સ્પષ્ટ રીતે, વ્યાખ્યારૂપે દૃષ્ટાંત દ્વારા

ગાથા-૮ સુધી સમજાવશે અને ત્યારબાદ તેનો પરમાર્થ ગાથા ૯ થી ૧૫ માં સમજાવશે તે અવલોકીએ.

**કર્તા કારણ યોગ, કારજ સિદ્ધિ લહેરી;**
**કારણ ચાર અનુપ, કાર્યાર્થી તેહ ગ્રહેરી. ૨**

**શબ્દાર્થ :** ચાર અનુપમ કારણનો યોગ બનતાં જ્યારે કાર્યાર્થી (કર્તા) તે કારણોને ગ્રહણ કરે છે ત્યારે કાર્ય સિદ્ધિને લહે છે, પ્રાપ્ત થાય છે. (લહેરી = લહે છે, પામે છે, પ્રાપ્ત કરે છે; અનુપ = અનુપમ, અદ્વિતીય; કાર્યાર્થી = કાર્યનો અર્થી એવો કર્તા; ગ્રહેરી = ગ્રહણ કરે છે).

**વિશેષાર્થ :-** શ્રી દેવચંદ્રજી મોક્ષમાર્ગમાં અત્યંત ઉપયોગી તેમજ પ્રચલિત એવો કર્તા-કારણ-કાર્યનો સિદ્ધાંત અહીં રજૂ કરે છે. કોઇપણ કાર્યની સિદ્ધિ કરવા માટે સૌ પ્રથમ તો તે કાર્યનો અર્થી, તે કરવાનો અભિલાષી એટલે કે કર્તા હોવો જોઇએ એ તો સ્વાભાવિક છે. તે કર્તાને કાર્ય નિષ્પન્ન થવા માટેની અનુકૂળ કારણ-સામગ્રી નો યોગ પ્રાપ્ત થાય અથવા પ્રાપ્ત કરે અને તે કારણ કે કારણોને ગ્રહણ કરે એટલે કે તેનો ઉપયોગ કરે ત્યારે **''કારજ સિદ્ધિ લહેરી''** - કાર્યની સિદ્ધિ થાય. કર્તા અને કારણનો આ રીતે યોગ બને તો જ કાર્યસિદ્ધિ થાય, તે વિના કદાપિ કાર્યસિદ્ધિ ન થાય એવો ત્રિકાળ અબાધિત સિદ્ધાંત છે, જે સર્વત્ર લાગુ પડે છે, પછી તે સંસારના કાર્યો હોય કે મોક્ષના. જો કે દેવચંદ્રજીનો ઉદ્દેશ તો આ સિદ્ધાંત દ્વારા આપણને મોક્ષમાર્ગે જ દોરી જવાનો છે. હવે પહેલાં તેઓ કાર્યસિદ્ધિ માટેના ચાર પ્રકારના કારણોનો ઉલ્લેખ કરે છે : (૧) ઉપાદાન-કારણ (૨) નિમિત્ત-કારણ (૩) અસાધારણ-કારણ અને (૪) અપેક્ષા-કારણ. આ ચારને 'અનુપ' કહેવાનું તાત્પર્ય એ છે કે આ ચારે કારણો સ્વતંત્રપણે પોતાની લાક્ષણિકતાથી અદ્વિતીય છે અને વિશિષ્ટ અસ્તિત્વ ધરાવે છે. તે દરેકની હવે વ્યાખ્યા અથવા તો લક્ષણો એક સુપ્રસિદ્ધ દૃષ્ટાંત દ્વારા પ્રસ્તુત કરે છેઃ

**જે કારણ તે કાર્ય, થાયે પૂર્ણ પદેરી;**
**ઉપાદાન તે હેતુ, માટી ઘટ તે વદેરી. ૩**

**શબ્દાર્થ :** કાર્યના પૂર્ણ પદે અર્થાત્ કાર્ય પૂર્ણ થતાં જે કારણ પોતેજ કાર્યરૂપે થાય છે તેને 'ઉપાદાન કારણ' કહેવાય છે; જેમ ઘડારૂપ કાર્યમાં કારણભૂત માટી સ્વયં ઘડારૂપે થાય છે એમ વદવામાં, કહેવામાં આવે છે (એમ સુવિદિત છે) (પૂર્ણ પદેરી = કાર્ય પૂર્ણ પદને પામતાં, કાર્ય સમાપ્ત થતાં; હેતુ = કારણ; ઘટ=ઘડો)

**વિશેષાર્થ :** માટી અને ઘડાના પ્રચલિત અને સરળતાથી સમજાય એવા દૃષ્ટાંત દ્વારા શ્રી દેવચંદ્રજી 'ઉપાદાન-કારણ' નું લક્ષણ જણાવે છે. (આ દૃષ્ટાંતથી જ આગળના બીજા ત્રણ કારણો પણ સમજાવશે.) **''જે કારણ તે કાર્ય થાયે''** - જે કારણ કાર્ય પૂર્ણ થયે સ્વયં કાર્યરૂપે પરિણમે, **''ઉપાદાન તે હેતુ''** - તેને ઉપાદાન કારણ કહેવાય છે. અહીં દૃષ્ટાંતરૂપે માટી તે **'કારણ'** છે જેમાંથી ઘડારૂપ **'કાર્ય'** નીપજે છે. તે કાર્ય ''પૂર્ણ પદેરી'' - પૂર્ણ થતાં અર્થાત્ ઘડો બની જતાં માટી જે કારણ હતું તે સ્વયં ઘડારૂપ કાર્યમાં પલટાઇ જાય છે. ઉપરોક્ત જણાવેલ વ્યાખ્યા પ્રમાણે માટી તે ઘડારૂપ કાર્યનું ઉપાદાન-કારણ છે. (અગાઉ જણાવ્યા પ્રમાણે ઉપાદાન આદિ કારણોનો પરમાર્થ, મોક્ષમાર્ગમાં તેની ઉપયોગિતા દેવચંદ્રજી ગાથા-૯ થી ફરમાવશે. હમણાં ગાથા-૮ સુધી તો માત્ર તે કારણોના લક્ષણ સુંદર રીતે રજૂ કરે છે. હવે 'નિમિત્ત-કારણ' ની સમજણ બે ગાથામાં આપે છે તે બન્ને ગાથાઓને સાથે લઇને વિચારશું :

**ઉપાદાનથી ભિન્ન, જે વિણ કાર્ય ન થાયે;**
**ન હુવે કારજરૂપ, કર્તાને વ્યવસાયે. ૪**

**કારણ તેહ નિમિત્ત, ચક્રાદિક ઘટ ભાવે;**
**કાર્ય તથા સમવાય, કારણ નિયતને દાવે. ૫**

**શબ્દાર્થ :** જે ઉપાદાનથી ભિન્ન હોય, જેના વિના કાર્ય ન થાય અને કર્તા વ્યવસાય કરે, પ્રયત્ન કરે છતાં, જેના વિના ઉપાદાન-કારણ કાર્યરૂપ ન થાય તેને 'નિમિત્ત' કહેવાય છે. જેમ ઘડો થવારૂપ કાર્યમાં ચક્ર આદિ નિમિત્ત બને છે એ દૃષ્ટાંતે. આ સમવાય કારણ અર્થાત્ સંબંધમાં આવેલું સહયોગી કારણ નિયત સમયમાં કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી જ નિમિત્ત-કારણ કહેવાય, ત્યાર પછી નહિ.

**વિશેષાર્થ :** માટીમાંથી ઘડો બનાવવાનું કાર્ય તે કર્તા એવા કુંભારના વ્યવસાયથી, પ્રયત્નથી થાય છે. (કુંભાર પણ જો કે નિમિત્ત છે, પણ અહીં દૃષ્ટાંત સમજવા પૂરતું તેને વ્યવસાયી કર્તા તરીકે લઇએ

છીએ.) માટી, જે ઉપાદાન-કારણ છે, તે "ઉપાદાનથી ભિન્ન" એવા ચક્ર, દંડ આદિ વિશિષ્ટપણે સહયોગી સાધનો, સામગ્રીનો કુંભાર ઉપયોગ કરે ત્યારે જ ઘડારૂપ કાર્ય સફળતાપૂર્વક બને એ સર્વવિદિત છે. અહીં ચક્ર, દંડ આદિ નિમિત્ત-કારણ છે. કોઈપણ કાર્ય તેને અનુરૂપ નિમિત્ત-કારણ વિના થવું અસંભવ છે. તે નિમિત્ત-કારણના લક્ષણો આ પ્રમાણે અહીં બે ગાથામાં કહ્યાં : (૧) તે **"ઉપાદાનથી ભિન્ન"** દ્રવ્ય હોય (૨) **"જે વિણ કાર્ય ન સંભવે"** - જેનું અવલંબન લીધા વિના કાર્ય કદાપિ ન થાય. ચક્ર, દંડ આદિ નિમિત્ત કારણનો સહયોગ લીધા વિના માટીમાંથી ઘડો કદાપિ ન બને. (૩) **"ન હુવે કારજરૂપ, કર્તાને વ્યવસાયે"** - અર્થાત્ કર્તા જ્યારે વ્યવસાય કરે, પ્રયત્ન કરે પણ જો આ કારણ સામગ્રી ભેગી કરી તેનો ઉપયોગ ન કરે ત્યાં સુધી ઉપાદાન પણ **"ન હુવે કારજરૂપ"** - કાર્યરૂપ ન પરિણમે. "ન હુવે કારજરૂપ" નો એમ પણ અર્થ થઇ શકે કે ઉપાદાનની જેમ નિમિત્ત કારણ સ્વયં કાર્યરૂપ થઇ જતું નથી, માત્ર કાર્ય થતાં સમયે તેનો ઉપયોગ અવશ્ય કરવાનો હોય છે. (૪) નિમિત્ત તે સમવાય કારણ, સહયોગી કારણ છે, જેની કારણતા નિયત સમય સુધી, કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી જ રહે છે. કાર્ય પૂરું થતાં તેની નિમિત્ત કારણતા પણ સમાપ્ત થઇ જાય છે. નિમિત્ત-કારણતા લક્ષણોની આમ સ્પષ્ટતા કરી હવે દેવચંદ્રજી કાર્યસિદ્ધિમાં ત્રીજું કારણ - "અસાધારણ-કારણ" વિશે સમજાવે છે તે જોઇએ :

**વસ્તુ અભેદ સ્વરૂપ, કાર્યપણું ન ગ્રહેરી;**
**તે અસાધારણ હેતુ, કુંભે સ્થાસ લહેરી. ૬**

**શબ્દાર્થ :** વસ્તુ અર્થાત્ ઉપાદાનથી જે અભેદપણે, અભિન્નપણે (કાર્ય થતાં સમયે) રહે છે, છતાં કાર્યરૂપે પરિણમતી નથી તેને 'અસાધારણ-કારણ' કહેવાય છે; જેમ કે, ઘડાના કાર્યમાં થાળી આદિ અવસ્થા પ્રાપ્ત થાય છે તે અસાધારણ-કારણ. (કુંભે = ઘડામાં; સ્થાસ = થાળી; લહેરી = લહે છે, પ્રાપ્ત થાય છે.)

**વિશેષાર્થ :** અસાધારણ-કારણ તે ઉપાદાન-કારણની જ એક અવસ્થા છે. દૃષ્ટાંત લઇએ તો માટી ઘડાનું રૂપ લે તે પહેલાં તેનો થાળી (સ્થાસ) જેવો ઘાટ બને છે તે અવસ્થાને "અસાધારણ હેતુ" અથવા કારણ કહેવાય છે. તેનું લક્ષણ એ છે કે તે 'વસ્તુ' એટલે 'ઉપાદાન' એવી માટીથી અભેદ છે કારણ કે માટીનું જ તે બીજું સ્વરૂપ છે, પરંતુ તે "કાર્યપણું ન ગ્રહેરી" - તે અવસ્થા કાર્યરૂપે, ઘડારૂપે પરિણમતી નથી; ઘડો પૂર્ણપણે બને તે પહેલાં તે વિલીન થઇ જાય છે. પણ ઘડાની તે પૂર્વ અવસ્થા હોવાથી તેને પણ કારણરૂપે લીધી છે. (પૂર્વ પર્યાયને ઉત્તર પર્યાયની કારણ કહેવાય છે, એ દૃષ્ટિએ). હવે આગળ કારણ-કાર્ય સિદ્ધાંતમાં ચોથા પ્રકારનું કારણ 'અપેક્ષા-કારણ' બે ગાથામાં સમજાવે છે, તેથી તે બે ગાથા સાથે લઇશું.

**જેહનો નવિ વ્યાપાર, ભિન્ન નિયત બહુ ભાવી;**
**ભૂમિ કાલ આકાશ, ઘટ કારણ સદ્ભાવી. ૭**

**એહ અપેક્ષા હેતુ, આગમ માંહી કહ્યોરી;**
**કારણ પદ ઉત્પન્ન, કાર્ય થયે ન લહ્યોરી. ૮**

**વિશેષાર્થ :** અહીં શબ્દાર્થને વિશેષાર્થમાં જ સમાવી લઇએ છીએ. 'અપેક્ષા-કારણ' ના લક્ષણો બતાવતાં દેવચંદ્રજી ફરમાવે છે કે : (૧) **"જેહનો નવિ વ્યાપાર"**- જે કારણની કાર્ય કરવામાં પ્રવૃત્તિ થતી નથી તેમજ કર્તાને તે કારણ મેળવવા કંઇ પ્રયાસ કરવો પડતો નથી. (૨) **"ભિન્ન નિયત બહુ ભાવી"** જે કાર્યથી ભિન્ન હોય છતાં જેની આવશ્યકતા રહે છે. પરંતુ તે કારણનો બીજા અનેક કાર્યોમાં ઉપયોગ થાય છે. નિમિત્ત કારણની જેમ તે માત્ર અમુક કાર્યમાં જ વિશિષ્ટપણે સહયોગી નથી થતું (૩) **"કારણ પદ ઉત્પન્ન"** - કાર્ય કરવાની પ્રક્રિયા ચાલતી હોય તે સમય પૂરતી જ તેનામાં કારણતા ઉત્પન્ન થાય છે. (૪) **"કાર્ય થયે ન લહ્યોરી"** - કાર્ય પૂર્ણ થતાં કારણતાનો પણ તેમાંથી નાશ થઇ જાય છે. આવા લક્ષણો ધરાવતી વસ્તુઓને અપેક્ષા-કારણ જિનાગમમાં કહ્યાં છે. જિનાગમની સાક્ષી આપી દેવચંદ્રજી આપણને વિશ્વાસ આપે છે કે આ કારણો જિનેશ્વર-પ્રણીત આગમમાં કહ્યાં છે; તે કંઇ પોતાની ઉપજાવી કાઢેલ વાત નથી ! ઘડાના દૃષ્ટાંત દ્વારા આ અપેક્ષા-કારણને વધુ સ્પષ્ટ કરે છે. ઘટ બનવામાં ભૂમિ, કાળ એટલે સમય અને આકાશ તે અપેક્ષા કારણ છે કારણ કે તેમાં ઉપરોક્ત લક્ષણો જોવામાં આવે છે. (૧) આ ત્રણ કારણો સ્વયં ઘડો બનાવવામાં પ્રવૃત્ત થતાં નથી. વળી, કુંભારને તેના માટે કોઇ પ્રયાસ કરવો પડતો

નથી. (૨) તે કાર્યથી તદ્દન ભિન્ન હોવા છતાં તેની આવશ્યકતા રહે છે. જેમ કે, કુંભાર 'ભૂમિ' ઉપર જ તે કામ કરી શકે, તે અમુક અનુકૂળ 'સમયે' જ તે કામ કરે છે અને 'આકાશ' સ્વચ્છ હોય અર્થાત્ વરસાદ વગેરે વિઘ્ન ન હોય ત્યારે જ તે કામ થઇ શકે. આમ, ભૂમિ, કાળ અને આકાશ તે ત્રણેય **'ઘટ કારણ સદ્ભાવી'** છે - ત્રણેયની આવશ્યકતા રહે છે, પરંતુ **'બહુભાવી'**- તે ભૂમિ આદિ કારણોનો તે જ સમયે બીજો અનેક કાર્યોમાં ઉપયોગ થતો જોવા મળે છે. ઘડારૂપ કાર્યની પ્રક્રિયા દરમિયાન આ ત્રણેયની અપેક્ષા રહે છે તેથી તેમાં 'અપેક્ષા-કારણતા' ઉત્પન્ન થઇ કહેવાય. પરંતુ કાર્ય પૂર્ણ થતાં તે કારણતા પણ ''ન લહ્યોરી'' - રહેતી નથી. ઘડો બન્યા પછી ભૂમિ કે આકાશને કોઇ યાદ પણ કરતું નથી. તો આ પ્રમાણે કારણ-કાર્ય વ્યવસ્થામાં સ્થાન ધરાવતાં ચાર કારણોની દેવચંદ્રજીએ સુંદર વિવક્ષા કરી. તેનો પરમાર્થ અને આત્મસિદ્ધિરૂપ કાર્યમાં ઊપયોગીતા તેઓશ્રી આગળ સમજાવવાના છ. તેમ છતાં ઉપરોક્ત ચાર કારણોને સમજવા તે માત્ર બુદ્ધિની કસરત ન બને તે માટે આપણી સાધનાના લક્ષે પરમાર્થને ટૂંકમાં સમજી લઇએ.

અશુદ્ધિ સંસારી આત્મા યથાર્થ પુરુષાર્થ કરી શુદ્ધાત્મા બને છે. તે કાર્યમાં (૧) ઉપાદાન - કારણ આત્મા પોતે જ છે, જે સ્વયં શુદ્ધાત્મારૂપ કાર્યપણે પરિણમે છે અને આ કાર્યનો કર્તા પણ પોતે જ છે. (૨) આ કાર્યમાં સત્‌દેવ - સદ્‌ગુરુ - સત્‌ધર્મ તે નિમિત્ત-કારણ છે. (૩) સિદ્ધદશા પામતાં સુધીના વચ્ચેના ગુણસ્થાનો તે આત્માની જ અવસ્થાઓ છે, પણ તે સિદ્ધદશારૂપ કાર્ય બનતાં રહેતી નથી, તે વચગાળાની દશાઓ ''અસાધારણ-કારણ'' થયું અને આત્મજ્ઞાનરૂપ કાર્ય માટે સંજ્ઞી-પંચેન્દ્રિયપણું, અથવા સિદ્ધત્વ માટે મનુષ્ય ગતિ આદિ અપેક્ષા-કારણ છે. મુખ્યતા ઉપાદાન-નિમિત્ત કારણોની છે, જેના માટે પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આપેલ બે અદ્‌ભુત ગાથાઓનું સ્મરણ કરીએ:

*સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;*
*સદ્‌ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.*
(ગાથા-૧૩૫)

*ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;*
*પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.*
(ગાથા-૧૩૭)

ગણિશ્રી દેવચંદ્રજી આવો જ પરમાર્થ સ્તવનમાં દર્શાવેલ ચાર કારણોને વિષે આગળ સમજાવવાના છે તે યથાવસરે વિચારીશું.

(ક્રમશઃ)

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

## શ્રી અમિતગતિ સામાયિક પાઠ ...

(પાના નં. ૧૪ પરથી ચાલુ...)

શુક્લધ્યાનની શ્રેણિએ ચઢી સર્વ ઘાતીકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રગટાવે છે. તે કેવળજ્ઞાનનું એવું અપૂર્વ માહાત્મ્ય છે કે દર્પણની જેમ લોકાલોક તેમાં સહજ જ્ઞેયરૂપે ઝળકે છે. તેથી જ્ઞાનની અપેક્ષાએ ભગવાનને સર્વવ્યાપક કહ્યા છે.

આવા અચિંત્ય માહાત્મ્યવાળા - અનંત ગુણોના ભંડાર પરમાત્માનું હું સાચા અંતઃકરણથી શરણ માંગું છું.

અશરણ કે તુમ શરણ હો,
નિરાધાર આધાર;
મૈં ડૂબત ભવસિંધુ મેં,
ખેઓ લગાઓ પાર.
- શ્રી વિનયપાઠ

પર પ્રેમ પ્રવાહ બઢેં પ્રભુસેં,
સબ આગમ ભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાની કહે,
નિજ કો અનુભવ બતલાઈ દિયે.
- શ્રીમદ્ રાજચંદ્ર, પ. ૨૬૫

નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે.

- શ્રી મોક્ષમાળા - શિક્ષાપાઠ - ૫૬

**શ્રી સદ્‌ગુરુ ચરણાર્પણમસ્તુ**

# સમ્યક્ તપ (ક્રમાંક-૭)

બા.બ્ર. સુરેશજી

**પ્રાયશ્ચિત્ત તપની વિધિ :-** સર્વ પ્રથમ તો કોઇ દોષ થઇ જતાં તરત જ પોતાના આત્માની સાક્ષીએ જ ભગવાન કે નમસ્કારમંત્રનું સ્મરણ કરી તેનું પ્રતિક્રમણ કરી લેવું જોઇએ. પછી યોગ્ય અવસરે પોતાના ગુરુ સમક્ષ જઇને બાળકવત્ નિર્દોષ ભાવથી જે દોષ થયો હોય તેને સાંગોપાંગ બતાવવો જોઇએ. પછી પોતાના દોષની ગર્હા કરતાં યોગ્ય દંડની માંગ કરવી જોઇએ. ત્યારબાદ તેઓ જે પણ દંડ આપે તેને તેમના આશીર્વાદ માનીને ઉત્સાહ સાથે તે દંડને ભોગવવો જોઇએ તથા ભવિષ્યમાં તે અપરાધ ફરી ન થાય તેનો દઢ સંકલ્પ કરવાની સાથે-સાથે જે નિમિત્તોથી તે અપરાધ ફરી થવાની સંભાવના લાગે તેમનો પરિત્યાગ, અપરિચય કે અલ્પપરિચય કરવો જોઇએ. પ્રાયશ્ચિત્તમાં એક વાતનું વિશેષ ધ્યાન રાખવું જોઇએ કે પ્રાયશ્ચિત્ત જ્યાં સુધી થઇ શકે ત્યાં સુધી પોતાના દીક્ષાગુરુ પાસેથી જ ગ્રહણ કરવું જોઇએ. હા, પોતાના ગુરુ ઉપલબ્ધ ન હોય કે તેમની અનુમતિ હોય તો જ કોઇ અન્ય આચાર્ય પાસે પ્રાયશ્ચિત્ત લેવું જોઇએ, નહી તો પ્રાયશ્ચિત્ત દોષયુક્ત મનાય છે.

પ્રસંગવશ પ્રાયશ્ચિત્ત (આલોચના) ના દશ દોષોનો ઉલ્લખ કરીએ છીએ, જેનાથી પ્રાયશ્ચિત્ત તપ દોષયુક્ત થઇ જાય છે.

**(૧) આકંપિત દોષ :-** ઉપકરણ(શાસ્ત્ર-પીંછી) આપવાથી મને નાનું પ્રાયશ્ચિત્ત આપશે એમ વિચારીને ઉપકરણાદિ આપી ગુરુમાં કૃતજ્ઞતા ઉત્પન્ન કરીને પછી આલોચના કરવી આકંપિત દોષ છે. આ એક પ્રકારે લાંચ આપવા જેવો મહાદોષ છે.

**(૨) અનુમાનિત દોષ :-** વચનોથી અનુમાન કરીને આલોચના કરવી અનુમાનિત દોષ છે. અહીં અનુમાનનું તાત્પર્ય પહેલાથી જ ગુરુને પાબંદ કરવાથી છે જેમ કે હું પ્રકૃતિથી જ દુર્બળ - ગ્લાન છું, ઉપવાસ આદિ કરી શકતો નથી, જો હલકું પ્રાયશ્ચિત્ત આપશો તો સારું રહેશે, એમ કહીને આલોચના કરવી અનુમાનિત દોષ કહેવાય છે. દંડના ભયથી શિષ્ય એવું કરે છે જે તેની માનસિક દુર્બળતા અને દોષમુક્તિની અંતરંગ ભાવના ન હોવાની સૂચક છે અથવા મારા ગુરુ ઘણા કરુણાવાન છે, ઘણું ઓછું પ્રાયશ્ચિત્ત આપશે એવું અનુમાન કરીને ગુરુના સામે આલોચના કરવી અનુમાનિત દોષ છે.

**(૩) દૃષ્ટ દોષ :-** અન્ય અદૃષ્ટ (ગુપ્ત) દોષોને છુપાવીને લોકોએ જે દોષ જોઇ લીધો છે તેની જ આલોચના કરવી દૃષ્ટ દોષ છે. આમાં માયાચારીનો દોષ લાગે છે.

**(૪) બાદર દોષ :-** આળસ કે પ્રમાદવશ પોતાના સૂક્ષ્મ અપરાધોની જાણકારી પ્રાપ્ત કરવામાં નિરુત્સક થઇને સામાન્ય સ્થૂલ દોષ જ કહેવા બાદર દોષ કહેવાય છે. અહીં શિષ્યમાં પોતાના દોષ જોવાની અંતરંગ રુચિ ન હોવી અને દોષો પ્રત્યેની લાપરવાહી હોવી તે દોષ છે.

**(૫) સૂક્ષ્મ દોષ :-** કઠોર પ્રાયશ્ચિત્તના ડરથી મહાદોષ સંતાડીને તેનાથી હલકા દોષની આલોચના કરવી સૂક્ષ્મ દોષ છે. આમાં પણ શિષ્યમાં દોષમુક્તિની અંતરંગ ભાવના નથી દેખાતી. શરીરના કષ્ટ, લજ્જા આદિને ચિત્તવિશુદ્ધિથી વધારે મહત્ત્વ આપે છે, તેથી મુમુક્ષુતાની કમી અને માયાચાર બન્ને દોષ લાગે છે.

**(૬) છન્ન દોષ :-** ગુરુની સામે કોઇ અન્ય તે જ દોષની આલોચના કરી રહ્યો હોય તે સમયે માત્ર તેની હા માં જ હા મળાવી કહેવું કે મેં પણ આ દોષ કર્યો છે પરંતુ પોતાના દોષને સવિસ્તાર ન કહેવો છન્ન દોષ છે. આમાં લજ્જાને લીધે કે તથારૂપ પોતાના દોષ પ્રત્યે અગંભીરતાના કારણે દોષને સવિસ્તાર કહેવામાં ડરે છે કે અનુત્સાહિત છે. આમાં લજ્જા અને પ્રમાદ બન્ને દોષ લાગે છે.

(૭) **શબ્દાકુલિત દોષ :-** કોલાહલ વચ્ચે એવી રીતે આલોચના કરવી કે ગુરુને બરાબર સંભળાય પણ નહિ અને દોષનિવેદન પણ થઇ જાય. આમાં પણ શિષ્ય એક તો લજ્જાના કારણે ગુરુ ને સ્પષ્ટ કહેવામાં ડરે છે અથવા પોતાની દોષશુદ્ધિ પ્રત્યે અગંભીર છે માટે જેમ તેમ કરીને પોતાના માથાનો ભાર ઉતારતો હોય એમ જલ્દી - જલ્દી દોષકથન કરી દે છે. અંતરંગમાં આ ઇચ્છા છે કે મારો દોષ ગુરુ પૂરો સાંભળ્યા વિના જ પ્રાયશ્ચિત્ત આપી દે તો સારું છે, એટલા માટે કોલાહલમાં જેમ-તેમ આલોચના કરે છે. આમાં માયાચાર અને પ્રમાદનો દોષ લાગે છે.

(૮) **બહુજન દોષ :-** આલોચના પછી પ્રાયશ્ચિત્ત મળતા શું આચાર્યએ જે પ્રાયશ્ચિત આપ્યુ છે તે ઉચિત છે ? શું આગમમાં તેનું વિધાન છે ? આ પ્રકારની શંકા સાથે અન્ય સાધુઓ પાસે આ વિષયમાં ચર્ચા કરવી બહુજન દોષ કહેવાય છે. આમાં પોતાના ગુરુ ઉપર શંકા કરવાનો ભારે મોટો દોષ લાગે છે.

(૯) **અવ્યક્ત દોષ :-** દોષોને સમજવામાં અને તેનું યોગ્ય પ્રાયશ્ચિત્ત આપવામાં અસમર્થ ગુરુ પાસે આલોચના કરવી અવ્યક્ત દોષ કહેવાય છે. આમાં ગુરુ અસમર્થતાના કારણે દોષોને બરાબર રીતે સમજી શકતા નથી અને પ્રાયશ્ચિત્ત શાસ્ત્રોનો અભ્યાસ ન હોવાને કારણે દોષ પ્રત્યે લાપરવાહ થઇ નાના-મોટા સામાન્ય પ્રાયશ્ચિત્ત આપે છે, જેનાથી શિષ્ય પણ રાજી થાય છે અને ગુરુ પણ રાજી થાય છે પરંતુ આ બન્ને માટે અહિતકર છે, બન્ને પ્રમાદના ભાગી બને છે. આમાં ક્યાંક ને ક્યાંક ગુરુનો શિષ્ય વધારવાનો લોભ પણ હોઇ શકે છે કારણ કે એવા ગુરુ પાસે કોણ જવા ન ઇચ્છે જે મહાન દોષોને પણ નજરઅંદાજ કરી દે. આશય એ છે કે યોગ્ય ગુરુ પાસે જ આલોચના કરવી જોઇએ, નહી તો નિમ્ન કહેવત ચરિતાર્થ થઇ શકે છે,

**ગુરુ લોભી શિષ્ય લાલચી, દોનોં ખેલે દાવ;**
**દોનોં બૂડેં બાપડે, બૈઠ પત્થર કી નાવ.**

(૧૦) **તત્સેવી દોષ :-** એવા ગુરુ પાસે દોષોની આલોચના કરવી જે દોષ તે ગુરુમાં પણ હોય. આ તત્સેવી દોષ છે. જેમ દાનનું ફળ લેનાર પાત્રના આધારે ફલિત થાય છે તેવી રીતે જ્ઞાન, પ્રાયશ્ચિત્ત, ઉપદેશાદિનું પરિણમન પણ દેનાર ગુરુની પાત્રતાની અપેક્ષા રાખે છે. જેનું આચરણ સ્વયંના જીવનમાં નથી તેનો ઉપદેશ યથાયોગ્ય પ્રભાવકારી હોતો નથી, તેવી રીતે જ જે દોષ ગુરુમાં પણ હોય તે દોષનું પ્રાયશ્ચિત્ત દોષિત ગુરુ પાસે લેવાથી પોતાનું યથાયોગ્ય શુદ્ધિકરણ થઇ શકતું નથી. તેથી, તથારૂપ નિર્દોષ ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લેવું જોઇએ, જેથી પ્રાયશ્ચિત્ત સાથે યથાયોગ્ય ન્યાય થઇ શકે.

આશય એ છે કે આલોચનાના ઉપરોક્ત દશ દોષોને ટાળીને નિર્દોષ રીતે પ્રાયશ્ચિત્ત તપ કરવું જોઇએ, જેનું ફળ અનુપમ છે. એવો 'સરળચિત્ત સંતો' નો હિતોપદેશ છે.

**પ્રાયશ્ચિત્ત તપના લાભ**

(૧) પોતાના દોષોથી ઉત્પન્ન મલિનતાને દૂર કરીને પોતાના નિર્દોષ આત્મસ્વરૂપમાં સ્થિર થવું એ નિશ્ચય પ્રાયશ્ચિત્ત છે, જેનું ફળ અનંત કર્મોની નિર્જરા અને પરમાનંદની પ્રાપ્તિ છે.

(૨) પ્રાયશ્ચિત્ત તપથી વિશુદ્ધ પરિણામો દ્વારા પૂર્વના પાપકર્મોનું સંક્રમણ થઇ પુણ્યમાં બદલાઇ જાય છે.

(૩) પ્રાયશ્ચિત્તથી સુદૃઢ પાપકર્મ પણ શિથિલ થઇ જાય છે અર્થાત્ તેની સ્થિતિ-અનુભાગ અલ્પ થઇ જાય છે, જેને અપકર્ષણ કહે છે.

(૪) કઠોર પ્રાયશ્ચિત્તથી પૂર્વબદ્ધ પાપકર્મોની ઉદીરણા પણ થાય છે.

(૫) પ્રાયશ્ચિત્તથી મન શુદ્ધ અને પ્રસન્ન થઇ જાય છે, જેનાથી આત્માની નિર્મળતા વધે છે.

(૬) પ્રાયશ્ચિત્તથી આત્મા નિઃશલ્ય થઇ જાય છે, જેનાથી આત્મા મોક્ષમાર્ગમાં તીવ્ર વેગથી ગતિ કરવા લાગે છે કારણ કે શલ્યવાળા આત્માના પરિણામ સદાય મલિન રહ્યા કરે છે, જેથી આગળનો આત્મવિકાસ રોકાઇ જાય છે.

આ પ્રકારે પ્રાયશ્ચિત્ત તપના બહુવિધ ગુણો જાણીને તેનું હૃદય ખોલીને સમ્યક્ પ્રકારે આરાધન કરવું જોઇએ, જેનું ફળ અનિર્વચનીય છે. અહીં 'સમ્યક્

**(અનુસંધાન પાના નં. ૨૪ પર)**

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૧૦)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

**સ્તોત્ર અને પાર્શ્વપ્રભુનો મહિમા-૪**

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**त्वं तारको जिन ! कथं भविनां त एव,**
**त्वामुद्वहन्ति हृदयेन यदुत्तरन्तः ।**
**यद्वा दृतिस्तरति यज्जलमेषनून -**
**मन्तर्गतस्य मरुतः स किलानुभावः ॥१०॥**

● **અન્વયાર્થ :**

(हे) जिन ! त्वं भविनां कथं तारकः (?) यद् त एव उत्तरंतः हृदयेन त्वां उद्वहन्ति । यद्वा दृतिः यत् जलम् तरति नूनं स एष अंतर्गतस्य मरुतः किल अनुभावः ॥

● **શબ્દાર્થ : त्वं** - તું, આપ, **तारकः** - તારનારા, ભવસમુદ્રથી પાર કરનારા, **जिन !** - (હે) જિનેશ્વર પ્રભુ !, **कथं** - શી રીતે, કઈ રીતે, **भविनां** - સંસારી (ભવ્ય) જીવોના, **त** - તે ભવી સંસારી જીવો, **एव** - જ, **त्वाम्** - તને, આપને, **उद्वहन्ति** - વહન કરે છે, ધારણ કરે છે, **हृदयेन** - હૃદયમાં, ચિત્તમાં, **यद्** - જે કારણથી, **उत्तरन्तः** - ભવસમુદ્ર પાર ઉતરતા, **यद्वा** - અથવા, **दृतिः** - મશક, ચામડાની કોથળી, **तरति** - તરે છે, **यत्** - જે, **जलम्** - જલ ઉપર પાણીમાં, **एष** - આ, **नून** - નિશ્ચે ચોક્કસ, **अन्तर्गतस्य** - અંદર રહેલા, **मरुतः** - વાયુ, હવા, **स** - તે, **किल** - ખરેખર, સાચે જ, **अनुभावः** - પ્રભાવ.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ :**

(હરિગીત)

**તારક તમે જિનરાજ ! કેવી રીતથી સંસારીના ?**
**તમને હૃદયમાં ધારી ઉલટા તારતા સંસારી આ !**
**આશ્ચર્ય છે ! પણ ચર્મકેરી મશકથી સાચું ઠરે,**
**અંદર ભરેલા વાયુના આધારથી જળને તરે. (૧૦)**

(મંદાક્રાંતા)

**કેવી રીતે પ્રભુ ! ભવિકને આપ તારી રહ્યા છો ?**
**ભવ્યોકેરા હૃદયકમળે આપ પોતે વહ્યા છો !**
**દેખાયે છે મશક તરતી વાયુ જો સંચરે છે,**
**નિશ્ચે પોતે પવનબળથી પાણીમાં રે તરે છે. (૧૦)**

● **ભાવાર્થ :** હે જિનદેવ ! તમે ભવ્ય જીવોને સંસાર સાગરથી તારનાર કેમ થઇ શકો છો ? કેમ કે ભવ્ય જીવો જ્યારે સંસારસાગર તરે છે ત્યારે તેઓ તમને હૃદયમાં ધારણ કરે છે એટલે તેઓની સાથે તેમના હૃદયમાં રહેલા તમે પણ તરી જાઓ છો ! એટલે તેઓ તમને તારતા હોય એવું લાગે છે. પણ ના, એમ નથી. મશક પાણીમાં તરે છે, તે મશકની અંદર રહેલા પવનનો જ પ્રભાવ છે. તાત્પર્ય કે પાણીમાં મશક તરે છે તો તેની સાથે તેની અંદર રહેલો પવન પણ તરે છે. કિંતુ ખરેખર તો પવનના પ્રભાવથી જ મશક તરે છે. એવી જ રીતે અંતરાત્મામાં રહેલા પ્રભુના પ્રભાવથી જ ભવ્ય જીવો સંસારસાગર તરી જાય છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** આ ૧૦ મા શ્લોકથી, સામાન્ય રીતે સમજમાં ન આવે એવા વિરોધી જણાતા પ્રસંગો અન્ય અપેક્ષાથી કેટલા સત્ય છે તે આચાર્યશ્રીએ વિચક્ષણતાથી પ્રભુના સંદર્ભમાં યથાર્થ સમાધાન કરેલ છે. વિરોધ વિષે આશ્ચર્ય બતાવી, તેનું કેવી અપેક્ષાથી સમાધાન કર્યું છે એ સમજતા આત્મિક આહ્‌લાદ આવે છે.

શરૂઆતના ઘણા શ્લોકોમાં પાર્શ્વપ્રભુના ગુણો વર્ણવવામાં પોતાની મર્યાદા દર્શાવ્યા પછી, પ્રભુના તારક (તિન્નાણં તારયાણં) ગુણને સંભારતા પોતાને વર્તતું આશ્ચર્ય આચાર્યશ્રી આ કડીમાં પ્રગટ કરીને લૌકિક દૃષ્ટાંતથી તર્ક અને યુક્તિ દ્વારા સમાધાન કરે છે.

પૂર્વના ૯ શ્લોકોમાં પાર્શ્વપ્રભુના નામનો મહિમા પ્રગટ કરીને હવે આ ૧૦ મા શ્લોકમાં પ્રભુ પ્રત્યેના ભાવનો મહિમા બતાવ્યો છે. ૮ મા શ્લોકમાં

આચાર્યશ્રીએ કહ્યું કે જે જીવના અંતરમાં પ્રભુ બિરાજે છે તે જીવ કર્મોથી જલ્દી મુક્ત થાય છે. એટલે કે પ્રભુ સંસારસમુદ્ર તરવા માટે નૌકા સમાન છે. તેમના આ તારક ગુણનું વિશ્લેષણ કરે છે. સામાન્ય રીતે તારક નીચે અને તરનાર ઉપર હોય છે. જેમકે લાકડું પાણીમાં તરે છે અને સાથે સાથે તેના પર જે જીવ કે સામાન હોય તેને પણ તારે છે. પરંતુ જો તરનારની ઉપર તારનાર હોય તો તરનાર ડૂબી જાય. લાકડાની નીચે તારવાની વસ્તુ રાખવામાં આવે તો તે વસ્તુ પાણીમાં ડૂબી જાય, માત્ર લાકડું જ તરે. આથી આચાર્યશ્રી આશ્ચર્ય વ્યક્ત કરે છે કે પ્રભુ તરનાર છે કે તારનાર ?

પરમાત્મા જે ભવ્યાત્માના હૃદયમાં પ્રતિષ્ઠિત થાય તે સંસારસાગર સહેલાઈથી તરી જાય છે. એટલે કે જેને પરમાત્મા ઉપર વિશ્વાસ, દૃઢ પ્રતીતિ, શ્રદ્ધા છે અને તેમને પોતાના હૃદયમાં બિરાજમાન કર્યા છે, અર્થાત્ જેના પરમ પ્રેમના પાત્ર પરમાત્મા છે તેને સંસારમાં ભટકવું પડતું નથી.

આનંદઘનજી મહારાજ કહે છે કે,

**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે,**

**ઓર ન ચાહું રે કંત....**

જગતમાં વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ, પ્રસંગ કે પ્રક્રિયા અનેક હોય. તેમાંથી કોઇ પ્રિય હોય, કોઇ પ્રિયતર હોય પરંતુ પ્રિયતમ તો એક પરમાત્મા જ છે. જેણે હૃદયમાં પ્રિયતમ પરમાત્માને ધારણ કર્યા છે તેને આ સંસારસાગરમાં ડૂબવાનો ભય રહેતો નથી, તે સંસારમાં ક્યાંય ખૂંચી કે ડૂબી જતો નથી.

અત્રે ભગવાનને ભવિજનોના તારક કહીને જૈન તત્ત્વજ્ઞાનની વાત કરી છે. બે પ્રકારના જીવો કહ્યા છે : ભવિ અને અભવિ. તેમાં જે ભવિ (ભવ્ય) જીવ છે તે જ મોક્ષે જવાની લાયકાત (પાત્રતા, યોગ્યતા, ઉપાદાન, ભવિતવ્યતા) ધરાવે છે અને અભવિ જીવ કદાપિ પંચમગતિ મોક્ષને પામી શકતા નથી. તે જીવોમાં યથાર્થ પાત્રતા અને તે માટેનો જરૂરી પુરુષાર્થ નથી. તેમ છતાં અભવિ જીવો જપતપ આદિથી નવ પૂર્વ સુધી ભણી શકે છે અને નવમી ગ્રૈવેયકના દેવલોક સુધી જઇ શકે છે. માટે કોઇને પણ જપતપાદિ ક્રિયા કરતા રોકવા કે ટોકવા નહીં, એમ જ્ઞાનીઓ કહે છે.

પહેલા તો આચાર્યકવિશ્રી શંકા કરે છે અને પછી લૌકિક ઉદાહરણથી તેનું સમધાન કરે છે. આચાર્યનો તર્ક યુક્તિયુક્ત, સુસંગત અને સમાધાનયુક્ત છે. અત્રે બુદ્ધિનો તર્ક લડાવી આચાર્યશ્રી જાણે પ્રભુને પડકારીને કહે છે કે ભવિજનોને તારનારો તું કેવી રીતે ? ઉલ્ટાનું, તે ભવિજનો તને પોતાની હૃદયરૂપી નાવમાં બેસાડીને જાણે સંસાર સાગર પાર ઉતારતા જણાય છે !

શ્લોકમાં ઉપરના બે ચરણમાં આ તર્ક ઉઠાવીને હવે આચાર્યશ્રી પોતે જ તેનું સમાધાન નીચેના બે ચરણમાં કરે છે. સિદ્ધસેન દિવાકરસૂરિજી કહે છે કે હે પ્રભો ! તમે જ ખરેખર ભવ્ય જીવોના તારનારા છો. જેમ ચામડાની મશકમાં રહેલા વાયુને બાહ્ય સ્થૂળ દૃષ્ટિએ મશક તેને પાણી પર તારે છે, પરંતુ સૂક્ષ્મદૃષ્ટિએ જોતા તો તે વાયુ જ મશકને તારે છે. તે જ પ્રમાણે ભવ્યજીવોના હૃદયમાં રહેલા તમે જ તેમને સંસારજળથી તારો છો. સંસારી જીવ એ ખાલી મશક જેવો છે અને પ્રભુ અંદર ભરેલા વાયુ સમાન છે. એટલે વાયુ અને મશક એ બેમાં તરનાર મશક અને તારનાર વાયુ છે. મનુષ્ય એ મશક જેવો છે અને તેના હૃદયમાં પ્રભુનું સ્થાપન વાયુ જેવું છે. મશકને તારવા માટે તેમાં તારક વાયુ પૂરવાનો જેમ પુરુષાર્થ કરવો પડે છે તેમ જીવને તરવા માટે પ્રભુને હૃદયમાં બિરાજમાન (સ્થાપન, પ્રતિષ્ઠા) કરવાનો પુરુષાર્થ આવશ્યક છે.

ખાલી મશક વજનદાર હોવાથી એકલી તરી શકતી નથી. જ્યારે પવન તો એવો હળવો છે કે ગમે ત્યાં જઇ શકે, તરી શકે અને રહી શકે. પવન એ મશક સાથેની સરખામણીમાં વજન અપેક્ષાએ ઘણો હળવો છે. તેથી પવન સાથેની મશકનું સમગ્રપણે કદના પ્રમાણમાં વજન (ઘનતા) ઘટતું હોવાથી બન્ને સાથે રહીને તરી શકે છે. આ જ પ્રમાણે સંસારી જીવ ઘણા કર્મોથી લદાયેલો છે. સંપૂર્ણ મળ રહિત હળવા પવિત્ર પ્રભુજી જ્યારે સંસારી જીવના હૃદયમાં સ્થાપિત

થાય છે ત્યારે તે જીવ સંસાર સમુદ્ર તરવા કર્મ અપેક્ષાએ હળવો અને સમર્થ બને છે.

એ પ્રસિદ્ધ છે કે વાત્સલ્યભાવથી ભગવાન અને માતાને તુંકારા (એકવચન, બીજો પુરુષ) થી બોલાય છે. ભારતીય દર્શનશાસ્ત્રોમાં પરમાત્માને પ્રેમોર્મિમાં **त्वं** અર્થાત્ **'તું'** કહીને સંબોધન કર્યું છે. ભક્ત જ્યારે અહં થી ઉપર ઉઠીને ઉત્કૃષ્ટ પ્રેમરસમાં ડૂબે છે અને સાક્ષાત્ પરમાત્માને સન્મુખ જુએ છે ત્યારે તે એકવચનનો અર્થાત્ તુંકારનો પ્રયોગ કરે છે. **त्वं** શબ્દ તાદાત્મ્યભાવને પ્રગટ કરે છે. અહીં આચાર્યશ્રીએ પ્રેમોદ્ગાર કરતા ભગવાનને આત્મીયભાવથી સંબોધન કર્યું છે.

સ્થૂળ જગતની વિડંબનાઓ અને નાશવંત પરિવર્તનશીલ સંસારને જોતાં મહાત્માઓએ મુક્ત થવા માટે પરમાત્મારૂપી સૂક્ષ્મ શક્તિનો આશ્રય લીધો છે કેમકે સંસાર દુઃખમય છે. ભગવાન મહાવીરે કહ્યું **खणमित्त सुक्खा, बहुकाल दुक्खा** એટલે સંસારમાં સુખ ક્ષણમાત્ર છે અને દુઃખ ચિરકાળ છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે સંસારમાં મુખ્યપણે અશાતાનો ઉદય છે અને ક્વચિત્ શાતાનો ઉદય પણ અંતરદાહ છે (વચનામૃત, પત્રાંક-૯૧૩). જ્ઞાનીઓએ સંસારને એકાંત દુઃખમય કહીને પૂંઠ દીધી છે (મોક્ષમાળા, શિક્ષાપાઠ-૫૨). મહાત્મા બુદ્ધે સંસારને સર્વથા દુઃખમય કહ્યો છે, પરંતુ દુઃખમય સંસારમાં રહેવા છતાં પણ તરવા (શાશ્વત સુખધામ મુક્તિ) માટે પરમાત્માના નામનો આધાર બતાવ્યો છે. **हृदयेन** કહેતા માત્ર પ્રભુના નામને જ ગ્રહણ નથી કર્યું, પરંતુ ઈશ્વરના સમગ્ર સ્વરૂપને ધારણ કરવાની પ્રેરણા આપી છે.

જૈનદર્શનમાં ચાર નિક્ષેપો (પદાર્થને જાણવાના પ્રકાર, જ્ઞાનસાધન) નું નિરૂપણ છે - નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. જીવાત્મા જ્યારે ચારેય નિક્ષેપથી પરમાત્માને સ્પર્શ કરે (જાણે, ઓળખે, અનુભવે) ત્યારે તેનું કલ્યાણ થાય છે. જીવ જ્યારે ભાવનિક્ષેપનો આશ્રય લે છે ત્યારે પરમાત્મા કેવળ મૂર્તિ અને નામના રૂપમાં ન રહેતા શુધ્ધજ્ઞાનરૂપ પર્યાયમાં સાકાર થાય છે ત્યારે જીવ સંસારસાગરને તરી જાય છે. પરમાત્માના નામથી જીવ કેવી રીતે તરે છે ? તેનો ઉત્તર એ છે કે પરમાત્માનું સ્વરૂપ તો નિમિત્ત છે, જીવ પોતાના 'ભાવ' થી તરે છે. આ ભાવ એ જ છે કે જેમાં પરમાત્મા બિરાજમાન છે અને આ ભાવ જીવની ઉપાદાન (પાત્રતા-યોગ્યતારૂપ પુરુષાર્થ) શક્તિ છે. હૃદયમાં ધારણ કરવા એટલે જીવ પરમાત્માને પોતાના ભાવમાં સમાહિત કરી તેને સાકાર કરે. આચાર્ય સમંતભદ્રજી કહે છે કે હે પ્રભુ ! તમારા વીતરાગ ભાવના કારણે જ તમે સંસારના તારક છો.

પ્રસ્તુત શ્લોકમાં ભક્તિયોગ ચાલી રહ્યો છે. આ બાબતમાં વેદાંતની ત્રિપદી સમજવામાં ઉપયોગી થશે. (૧) **अहम् ब्रह्मास्मि**, (૨) **तत् त्वं असि**, (૩) **तत् सत्** ત્રિપદીમાં પ્રથમ ભૂમિકામાં 'હું બ્રહ્મસ્વરૂપ છું' એવું ભાન થાય છે. આગળ વધીને, બીજી ભૂમિકામાં 'આપનું જ અસ્તિત્વ છે' થી ભક્તિયોગનો પ્રારંભ થાય છે. પરમાત્માને દ્વિતીય પુરુષના રૂપમાં રાખીને ઉપાસના કરવામાં આવે છે, પણ જ્યારે જ્ઞાનની પરમ શુદ્ધિ થઈ જાય છે ત્યારે ભક્ત અને ભગવાનનો ભેદ મટી જાય છે ત્યારે તૃતીય પુરુષના રૂપમાં એક માત્ર 'તે સત્ છે' અનુભવીને ભક્ત ભગવાનમાં સમાહિત થઈ જાય છે.

**भवी** શબ્દમાં એ ગૂઢાર્થ છે કે જ્યારે જીવ પરિતસંસારી થઈને તેના કર્મોની સ્થિતિ એક ક્રોડાક્રોડી (થી કાંઈક ઓછી) સાગરોપમ કરે છે ત્યારે તે કલ્યાણને સન્મુખ થાય છે. તે જ ભવ્ય જીવ જિનેશ્વરને હૃદયમાં ધારણ કરી શકે છે અર્થાત્ પોતાની જ્ઞાનપર્યાયમાં પ્રભુની ભાવમૂર્તિની સ્થાપના કરે છે. હવે આ સાધક માત્ર દ્રવ્યમૂર્તિના અવલંબન સુધી સીમિત નથી. દ્રવ્યમૂર્તિ બાહ્ય છે, ભાવમૂર્તિ આંતરિક છે.

આચાર્યશ્રીએ **हृदयेन** કહીને ઉચ્ચ કોટીની આધ્યાત્મિક ભૂમિકાનો નિર્દેશ કર્યો છે. હૃદય બે પ્રકારના છે (૧) **સ્થૂળ હૃદય** (કર્મધારા, કર્મચેતના) જે વિકારી ભાવોથી ભરેલું છે અને (૨) **સૂક્ષ્મ હૃદય** જે જ્ઞાનચેતનાથી ભરપૂર છે. આ ભાવહૃદય જ ભગવાનને ધારણ કરી શકે છે.

અહીં **उद्वहन्ति** શબ્દનો પ્રયોગ અદ્ભુત ભાવોને પ્રદર્શિત કરે છે. પરમાત્માને હૃદયમાં ધારણ

કરવાની બે પ્રકારની સ્થિતિ છે : (૧) **સાંત** - મોહાદિ પ્રબળ કર્મોદયે જીવ પુનઃ માયાબદ્ધ થઇને ભક્તિથી વિમુખ બને છે, અર્થાત્ સંસારમાં ફરીથી ખોવાઇ જાય છે અને (૨) **નિરંતર** - સતત ધારણ કરવું, સદા ભક્તિપરાયણ રહેવું, પરભાવોને છોડવાં, ઊર્ધ્વીકરણ (વિકાસ) કરતા રહેવું, હંમેશાં પ્રભુના ગુણોને પ્રાપ્ત કરતા રહેવું, ભાવોમાં વૃદ્ધિ થતી રહેવી. આ શ્લોકમાં પ્રસ્તુત શબ્દનો અર્થ 'નિરંતર' છે.

**उत्तरन्तः** શબ્દનો અર્થ છે પાર ઉતરવું, તરવું, સીધી રીતે પેલે પાર જવું. અહીં **उद्** નો અર્થ ઊર્ધ્વતરણ અર્થાત્ ઊર્ધ્વદિશામાં તરવું એવો છે. આ એવું વિલક્ષણ તરણ છે કે જે ઊર્ધ્વગમન કરે છે અર્થાત્ સ્વર્ગ કે મુક્તિ તરફ લઇ જાય છે.

સમગ્ર શ્લોક ચિત્તમાં પરમ સ્વરૂપને સ્થાપિત કરીને શુદ્ધ જ્ઞાન પર્યાયમાં સ્વરૂપને પ્રતિબિંબિત કરે છે. મનુષ્યના બે અંગ છે : **(૧) બૌદ્ધિક** - તર્ક અંગ અને **(૨) ભાવાત્મક** - ચારિત્રિક પરિણામથી યુક્ત ગુણાત્મક અંગ. કેવળ બૌદ્ધિકરૂપથી પરમાત્માને સમજવા પૂરતું નથી પણ ભાવાત્મક પરિણમન કરવું; જે મનુષ્યનું સૂક્ષ્મ હૃદય છે તથા મન અને બુદ્ધિથી પર આનંદમય વિજ્ઞાનમય કોષ છે, જ્યાં જીવાત્મા અને પરમાત્માનું મિલન થાય છે.

અંતિમ ચરણમાં **અનુભાવ** શબ્દમાં **અનુ** નો અર્થ ક્રમ અને **ભાવ** નો અર્થ પરિણમન, એટલે ક્રમશઃ પરિણમનરૂપી પ્રભાવ. સમગ્ર સાધનાશાસ્ત્ર જીવની આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં ક્રમ સ્થાપે છે, જેમ કે ગુણસ્થાન પરિપાટી.

**ઉત્થાનિકા :** આગામી શ્લોક ૧૧ માં કામદેવથી અપરાજિત એવા જિનેશ્વરની ભક્તિ કરી છે. સમુદ્રમાં વડવાનળ અગ્નિના દૃષ્ટાંતથી વિષયને સ્પષ્ટ કર્યો છે.

અંતમાં સર્વ જીવ હૃદયમાં શુદ્ધ ભાવે પરમાત્માને ધારણ કરીને તેના અવલંબને સંસાર તરી જાય તે મંગલભાવના સાથે જિનાજ્ઞાથી કાંઇ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

**સમ્યક્તપ ....**

(પાના નં. ૨૦ પરથી ચાલુ...)

પ્રકારે આરાધન'નો અભિપ્રાય વિવેકપૂર્વકથી છે કારણ કે ક્યારેક વ્યક્તિ પોતાના શલ્યોથી હેરાન થઇને બધી જગ્યાએ પોતાના દોષોને કહેતો રહે છે અને તેને તે પોતાની સરળતા માને છે પરંતુ આ સરળતા ન હોઇને વિવેક - વિકળતા છે કારણ કે અયોગ્ય વ્યક્તિ સામે કે સર્વ સાધારણના સામે વ્યક્તિગત દોષ બતાવવાથી પોતાની શુદ્ધિની જગ્યાએ ધર્મની અપ્રભાવના વધારે થાય છે કારણ કે સામાન્ય વ્યક્તિ તેનાથી છળ ગ્રહણ કરે છે કે જુઓ, આવા ધર્માત્માઓમાં પણ આવા મોટા - મોટા દોષ જોવામાં આવે છે તો આપણે આવા દોષ કરીએ તેમાં કોઇ મોટી વાત નથી, એવો વિચાર કરી સામાન્ય અવિવેકીજન પોતાના દોષોનું પોષણ કરે છે. માટે આલોચના યોગ્ય ગુરુના સામે જેમનામાં અપરિસ્રાવિત્વ આદિ ગુણ હોય તથા એકાંતમાં કરવાનું વિધાન આગમમાં બતાવ્યું છે.

**સાધનાની જેવી શુદ્ધિ ....**

(પાના નં. ૩૧ પરથી ચાલુ...)

ધોરીમાર્ગ છે. આપણામાં શુભત્વ અને શુદ્ધત્વનો સંચાર જાગૃત થાય એવું અંતઃકરણ, સાફદિલી જરૂરી છે.

કવિશ્રી જગતમિત્રની એક જોરદાર ગઝલ તેની સાચી દિશા ચીંધે છે :- "આપણામાં શું પડ્યું છે, ખોળવાનું આપણે; ધ્યાન ઊંધી જાય તો ઢંઢોળવાનું આપણે, કામ પૂછે, દામ સાથે નામ દોડી આવશે, કામમાંહે આપણું મન જોડવાનું આપણે" આટલી સાદી વાતમાં આપણી અગિયારમી અધ્યાત્મ દિશા ઊઘડવાનો સાચો રાહ છે. "STRESS" માંથી "FRESH" તાણમાંથી તાજગી, થાકમાંથી ઊર્જા (ENERGY) પામવા સાદી-સરળ-સહજ POSITIVE જીવનશૈલી અનિવાર્ય છે. શ્રીમદ્ રાજચંદ્રે યથાર્થ પ્રબોધ્યું છે :

"શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# એક અલગારી, અદ્‌ભુત સંત : નામે પૂ. આત્માનંદજી

પારુલબેન ગાંધી

૧૯, જાન્યુઆરી ૨૦૨૦, સવાર સવારમાં સમાચાર મળ્યા કે કોબાના અલગારી સંત આત્માનંદજી હવે આપણી વચ્ચે સદેહે નથી રહ્યા. આ પાવન-પવિત્ર સંતનો હંસલો દેહરૂપી પિંજર છોડી કોઈ અગમની યાત્રાએ ઉપડી ગયો. છેલ્લા થોડા સમયથી તબિયતની અસ્વસ્થતા અને ઉંમર એ બંનેને કારણે પૂ.શ્રીનો દેહ ક્ષીણ થઈ રહ્યો હતો, પરંતુ આટલું જલ્દી આવું બની જશે તેની કલ્પના ન હતી. અધ્યાત્મની ઊંચાઈએ પહોંચેલા, કોબા જેવા પાવન તીર્થના સ્થાપક આમ ઓચિંતા અનંતની યાત્રાએ ઉપડી જશે એવો તો કોઈએ સ્વપ્નમાં પણ વિચાર નહીં કર્યો હોય. પૂ. શ્રીની ગેરહાજરીવાળા કોબાની કલ્પના પણ હૃદયને હચમચાવી જાય છે. અનેક જીવોને ધર્મનો મર્મ સમજાવી, તેમના માર્ગદર્શક બની, સાચા માર્ગે ચડાવનાર એવા પૂ. શ્રીને શબ્દાંજલિ - શ્રદ્ધાંજલિ - હૃદયાંજલિ આપીએ તો પણ શી રીતે ?

આકાશ સમ ઊંચુંને ઉદધિ સમ ઊંડું,
તોયે સહુના હૃદયમાં સ્નેહથી સમાયું,
અધ્યાત્માર્થે પલ પલ ઘસાઈ ઊજળું થયેલું,
એવું દીપક જેવું ઝગમગ જીવન જેનું,
એ ઉજાગર કરવાનું, મુજ રજનું શું ગજું ?

પૂ. આત્માનંદજી એટલે એક વિરલ વિભૂતિ, દિવ્ય-ભવ્ય આત્મા, અધ્યાત્મપ્રેરણાની પરબ, અતિ ઋજુ - સરળ હૃદયના સ્વામી, ભવ્ય જીવોના રાહબર, સર્વતોમુખી પ્રતિભાવંત અલગારી સંત. એક એવું અસીમ વ્યક્તિત્વ કે જેને શબ્દોમાં અભિવ્યક્ત કરવું એટલે સૂરજને આયનો દેખાડવાની ધૃષ્ટતા કરવી, કારણ કે ગમે તેટલા વિશેષણો, મારામાં રહેલી બુદ્ધિ કે મારી કલમ એ આત્મીય સ્વજનને શ્રદ્ધાંજલિ આપવામાં અસમર્થ જ રહેવાની. આમ છતાં જ્યારે પૂ. શ્રીને શબ્દાંજલિ આપવાનો યજ્ઞ આરંભ્યો છે ત્યારે મારી સ્મૃતિરૂપી સમિધોની શબ્દાહુતિ આપવા નાનો એવો પ્રયાસ કરું છું.

સ્મૃતિઓનો ઊછળે અફાટ જલધિ અંતર મહીં,
આચમન માટે ધરું છું, એક અંજલિ અહીં.

લગભગ આઠથી દસ વર્ષ પહેલાં પૂ. શ્રીના કોબા તીર્થમાં દર્શન કર્યા. તેમના આશીર્વાદ લેવા ગયા ત્યારે તેમણે થોડી વાતો કરી કહ્યું કે, ''સંસાર તો છે જ પરંતુ હવે થોડું ધ્યાન અધ્યાત્મ પર પણ દેવા જેવું છે.'' સમય - સંજોગોના કારણે તે વખતે તો વધુ વખત તેમના સમીપમાં રહેવાનો અવસર મળ્યો નહીં. પરંતુ બે-ચાર વર્ષ બાદ ઉપરાઉપરી પાંચ-છ કાર્યક્રમોમાં કોબા તીર્થમાં સહભાગી થવાનો અવસર મળ્યો, ત્યારે આ મોંઘેરા વ્યક્તિનો, મહામાનવનો અંતરંગ પરિચય થયો. તેમના વિષે ઘણા બધા લોકો પાસેથી વિવિધ વાતો જાણવા મળી. અમદાવાદના એક સેવાભાવી, કાબેલ, પ્રતિષ્ઠિત ડૉક્ટરમાંથી કોબા તીર્થના સંસ્થાપક એવા પૂ. શ્રીની જીવનયાત્રાનો જ્યારે નજીકથી સંપર્ક થયો ત્યારે હૃદય અહોભાવથી સભર બની ગયું. એક સર્જનશીલ વ્યક્તિત્વ તેની સર્જકતાથી કેટકેટલું નવસર્જન કરી અનેકોના જીવન પરિવર્તનનું નિમિત્ત બને છે તે જોવા તેમના જીવનને જાણવું જ રહ્યું. તેમના જીવનને માટે આ પંક્તિઓ યોગ્ય જ છે કે,

**એક એક પળ સમજી લીધી, અનેક પળ ઉકેલી લીધી,**
**પળ પળ જિંદગી જીવીને, પળમાં તેને સંકેલી લીધી.**

હરિત પર્ણો અને સોનેરી ફળોથી લચી પડેલું આમ્રવૃક્ષ જોઈને કોઈનું પણ મન પ્રસન્નતાથી આનંદિત થઈ મ્હોરી ઉઠે છે. આવા પરોપકારી વૃક્ષો છાંયો, શીતળતા, મહેક, પુષ્પ અને સુમધુર મિષ્ટ ફળો આપે છે. આવા મહોરેલા વૃક્ષની ભવ્યતાનો આધાર તેના

મૂળને આભારી છે. સમાજમાં પણ કેટલીક વ્યક્તિઓ આ મૂળ જેવી હોય છે; જે આખા સમાજની પ્રગતિ, કલ્યાણ, સમૃદ્ધિ માટે પોતાનું સમગ્ર જીવન ખર્ચી નાખે છે. અનેક કષ્ટો સહેવા પડે તો પણ આવી વ્યક્તિઓ ક્યારેય પીછેહઠ કરતી નથી.

તેઓ વ્યક્તિ એક હતા પણ તેમના વ્યક્તિત્વના રંગો અનેક હતા. તેઓ એક મહાન, કાબેલ, સમાજસેવી ડૉક્ટર હતા તેની વાત કરું કે લેખક તરીકે તેઓ અધ્યાત્મના અનેક આયામો સર કરનાર કુશળ કલમકાર હતા તેની વાત કરું? અધ્યાત્મના રસ્તે આગળ વધવા માટે પોતાની કાબેલ કારકિર્દીને નગણ્ય કરનાર એક સવાયા સંતની વાત કરું કે અનેકના જીવનપરિવર્તન માટેના નિમિત્ત બનનાર એક મહાન રાહબર માર્ગદર્શકની વાત કરું ! અન્યના દુઃખે જેનું હૃદય કરુણાથી દ્રવી જાય તેવા અતિ સંવેદનશીલ, મહામના માનવની વાત કરું કે અનેક સિદ્ધિઓના સ્વામી બન્યા પછી પણ તેનો ભૂલથીયે ક્યાંય ઉલ્લેખ ન થઈ જાય તેની તકેદારી રાખતા નિરાભિમાની, નિખાલસ, સરળ, ઉદારદિલ, મુઠ્ઠી ઊંચેરા માનવની વાત કરું ! પોતે સ્વસ્થ હોય કે અસ્વસ્થ પરંતુ હંમેશાં પોતાના નિર્દોષ - વાત્સલ્ય સભર હાસ્યથી સામેની વ્યક્તિઓને પ્રસન્ન કરી દેનાર અખંડ આનંદીની વાત કરું કે દરેકના પ્રત્યે પ્રેમભાવ રાખનાર, રાગ-દ્વેષ ન કરનાર ગુણાનુરાગી - અજાતશત્રુ - ઉત્કૃષ્ટ સંતની વાત કરું ? આટઆટલા ગુણોના સ્વામી - પ્રતિભાશાળી વ્યક્તિત્વને શબ્દોમાં કંડારવું અત્યંત કઠિન છે. એટલે એમ જ કહીશ કે,

સમાવી દેવું તમ વ્યક્તિત્વ મારે,
શબ્દતણા સાગરમાં;
પણ ઓછો પડ્યો શબ્દસાગર,
મારી ભાવના તણા ગાગરમાં....

એક જ વાર પૂ. શ્રીના પરિચયમાં આવનાર વ્યક્તિ પણ તેમના વાત્સલ્યસભર હાસ્ય અને કલ્યાણકારી શબ્દોને જિંદગીભર ન ભૂલી શકે. તેમની ઓચિંતી વિદાયે પૂ. બહેનશ્રી તથા પરિવારને તો નોધારો કર્યો જ છે પરંતુ કોબા જેવા પવિત્ર તીર્થના ભક્તોનું છત્ર પણ છીનવી લીધું છે. તેમના સ્વર્ગગમને સેંકડોની પાંપણોને પલાળી, અંતરને કારમી ચોટ પહોંચાડી છે. તેમણે જે જે કાર્યો કર્યા છે તેને લોકો હંમેશાં યાદ રાખશે. કારણ કે વિશ્વશ્રેષ્ઠ જૈન ધર્મ, જિનશાસન અને જિનાજ્ઞાને તેમણે અંતરમાં અવધારી દેશ-પરદેશના અનેક લોકોને ધર્મગંગાનું - જ્ઞાનગંગાનું આચમન કરાવ્યું છે, અધ્યાત્મ માર્ગે આગળ વધવાની પ્રેરણા પૂરી પાડી છે, મોક્ષમાર્ગે આગળ વધવાનો કલ્યાણમાર્ગ બતાવ્યો છે. એક તીર્થની સ્થાપના માત્ર નથી કરી, પરંતુ પોતે એક ડૉક્ટર જેવા બુદ્ધિજીવી હોવાને કારણે શિક્ષણનું મહત્ત્વ શું છે તે સમજી, શિક્ષણ ગામડાના ગરીબ, આર્થિક રીતે નબળા લોકો કેમ પ્રાપ્ત કરી શકે તે માટેની ચિંતા કરી એક સુંદર એવા ગુરુકુળનું પણ નિર્માણ કર્યું. ડૉક્ટર હોવાને નાતે સ્વસ્થતાનું મૂલ્ય કેટલું હોય છે તેના જ્ઞાતા હોવાથી અવારનવાર કોબા અને તેની આજુબાજુના નાના ગામડાઓના માણસોને કાબેલ સર્જનો, તજજ્ઞોની સેવા મળી રહે તે માટે મેડિકલ સેન્ટર, વિવિધ કેમ્પોનું આયોજન જેવા સામાજિક કાર્યો પણ કર્યા છે. આજના આ વિષમ વાતાવરણમાં યુવાનો જ દેશનું, ધર્મનું, સમાજનું ભવિષ્ય છે તે સમજનાર આ વિશાળહૃદયા, દીર્ઘ દૃષ્ટિવંત મહામાનવે તેઓને માર્ગદર્શન આપવા અનેક શિબિરોનું આયોજન પણ કર્યું છે. તેમણે કરેલા કાર્યોની યાદી બનાવવા બેસીએ તો શાહી પણ ખૂટી પડે. આવા સંત તેમના કર્તૃત્વ પ્રદાનથી હંમેશાં ભક્તોના હૃદયમાં જીવંત રહેશે.

જ્ઞાન - ધર્મ - સેવા - સમર્પણ અને કરુણાનો જેમાં મહાસંગમ થયો છે તેવા અલગારી સંતનું મહાપ્રયાણ માત્ર આજે જ નહીં વર્ષો સુધી અનેકોને રડાવશે. પૂ. શ્રીનું મહાપ્રયાણ તેમના દરેક પરિચિતો, ભક્તો, આપ્તજનોને ખાલીપાનો અહેસાસ કરાવે છે ત્યારે શબ્દો પણ મૌન બની જાય છે, કલમ ચાલતી અટકી જાય છે. આ સંતને આદરભરી શ્રદ્ધાંજલિ, હૃદયાંજલિ, ભાવાંજલિ આપતા સજળ નયને પ્રભુને એ જ પ્રાર્થના કે આ ગરવા સંતને તેમનું લક્ષ્ય મોક્ષ સાધવામાં સહાય

**(અનુસંધાન પાના નં. ૩૪ પર)**

# મુનિ શ્રી સંતબાલજીના જીવનમાં સેવાભાવનું દર્શન

**ગુણવંત બરવાળિયા**

કાન્તદૃષ્ટા મુનિ શ્રી સંતબાલજીએ જૈન ધર્મના પરિઘમાં રહી સેવાભાવને ઉજાગર કર્યો. તેમણે ચીંધેલા જનકલ્યાણ અને ધર્મમાર્ગ આજે પણ અનેક સંસ્થાઓ અને વ્યક્તિ માટે આદર્શ પ્રેરણારૂપ બની રહ્યાં છે.

વિશ્વવાત્સલ્યના આરાધક મુનિ શ્રી સંતબાલજીનો ઈ.સ. ૧૯૩૬નો પૂરા એક વર્ષનો સમય નર્મદા નદીના કાઠે મૌન એકાંતવાસસહ સાધનાકાળનો હતો. આ સમય દરમિયાન તેમણે બધા ધર્મોનો અભ્યાસ કર્યો.

વિશેષમાં ધાર્મિક અને આધ્યાત્મિક સાધના ઉપરાંત સંતને સામાજિક બાબતો અંગે શું કરવું, લોકકલ્યાણ માટેની પ્રવૃત્તિઓમાં કેવી રીતે સક્રિય થવું વગેરે બાબતોના સંપૂર્ણ ક્રાંતિકારક વિચારો ઉદ્‌ભવ્યા. આ એકાંતમાં સત્યની અને સ્વની શોધમાં તેમને વિશિષ્ટ આધ્યાત્મિક અનુભવો સાંપડે છે. આ અંગે વધુમાં યશવંત શુકલે નોંધ્યું છે કે, ‘‘દિવ્યપ્રકાશની અનુભૂતિને તેઓ વિશિષ્ટ, અલૌકિક ચમત્કારરૂપે ધરાવતા નથી, પણ વિશ્વમાં વ્યાપ્ત સત્યની એક ઝલક તરીકે પ્રમાણે છે.’’ સંતબાલ નવા અવતારે આવે છે. એક વર્ષની આ મૌન તપશ્ચર્યા જગતના અન્ય વ્યાપક ધર્મોનાં તત્ત્વ સાથે સંધાન કરાવે છે, તો સત્ય એ જ બધા આચારોનું પ્રેરકતત્ત્વ બની રહેવું જોઈએ એ શ્રદ્ધામાં જઈને મન ઠરે છે. જે ગાંધીનો, ટોલ્સટોયનો, રામકૃષ્ણ પરમહંસનો, સ્વામી વિવેકાનંદનો ધર્માનુભવ છે તેને મળતો પૂ. સંતબાલાજીનો આ ધર્માનુભવ છે.

સંતબાલજીને વ્યાપક ધર્મના આ પરિપ્રેક્ષ્યમાં જ ઓળખવા રહ્યા.

મૌનના અનુભવ પછી મહારાજશ્રીએ જે બાહ્યાચારો હતા તે છોડી દીધા. કોઈ પણ શાકાહારી મનુષ્યને ઘરેથી ભિક્ષાગ્રહણ, મનુષ્યમાત્રની તાત્ત્વિક સમાનતા વિશે આગ્રહ, પ્રામાણિક પરિશ્રમ, સ્ત્રીઓ માટે આદર અને સમાજસેવા. સંતબાલજીના એક વર્ષના મૌનના આ ચિંતનફળ જીરવવાને રૂઢ ધર્મસમાજ તૈયાર નહોતો. ગુરુ નાનચંદ્રજી મહારાજનું એને આંતરિક અનુમોદન ખરું, પરંતુ એ વ્યવહારનિપુણ ધર્મપુરુષ અદીઠ પરિવર્તનના ઉપાસક હતા એટલે સંતબાલજીના અરૂઢ નિશ્ચયોને જાહેરમાં તાળી આપવાને એ તૈયાર નહોતા. રોષે ભરાયેલા ધર્મસમાજને શાંત પાડવા ગુરુએ શિષ્યને શિષ્યત્વમાંથી જાહેર રીતે રદ કર્યો એ સંતબાલજીના જીવનની દારુણ અવસ્થાનો પ્રસંગ હતો.

ગુરુ નાનચંદ્રજીએ બાહ્ય દૃષ્ટિએ અસ્વીકાર ભલે કર્યો હોય, પણ અંતરથી શિષ્યને એમની અનુમોદના છે અને શિષ્યે તો ગુરુ કર્યા તે કર્યા જ ! ગુરુને પાકી પ્રતીતિ થઈ કે શિષ્ય વિશ્વધર્મને માર્ગે છે, લોકાચારના માર્ગે નથી, એટલે વ્યવહારદૃષ્ટિએ સંબંધના છેડા છોડવાં પડે છે.

માત્ર આટલેથી અટકી જવું એટલે અર્ધસત્યનું અનુમોદન કરવા જેવું થાય. અર્ધસત્ય વિકૃતિનું પ્રતિનિધિત્વ કરે છે. કોઈ પણ ઘટનાનું એકાંગી અર્થઘટન અસત્ય કરતાંય વધુ ખતરનાક છે, જે મહાન સંતની અશાતના કરે છે.

અહીં ગુરુનું પગલું માત્ર વ્યવહારધર્મ નિભાવની પ્રતિક્રિયારૂપ છે. ગુરુજી પર દબાણ લાવવામાં આવતા, નાછૂટકે તેમને આ પગલું ભરવું પડે છે.જાહેર નિવેદન અને જાહેર લોકસેવાના કાર્યોને લીધે તેઓ સંપ્રદાયથી અલગ થયા, પરંતુ સાધુવેશ ન છોડ્યો અને પોતાના ગુરુદેવ સાથે ભાવદૃષ્ટિએ સંબંધ રહ્યો. એટલેજ અંતિમ સમય સુધી સંબંધ સાચવ્યો. પોતાના ગુરુની અંતિમ માંદગીમાં સંતબાલજી એમની સેવામાં છેલ્લા છએક માસ જેટલો સમય રહેલા. ગુરુની જન્મશતાબ્દી ઉજવણી પ્રસંગે મુંબઈના ધર્મપ્રેમીઓએ તેમના આ શિષ્યને આગ્રહ કરી ગુરુ શતાબ્દી ઉજવણીમાં પધારવા વિનંતી કરેલ.

સંતબાલાજી પર ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજની પણ એટલી કૃપાદૃષ્ટિ ઊતરી કે તેઓએ ભાલનળકાંઠા વિસ્તારમાં પોતાની વિહારયાત્રા ગોઠવી

હતી. તેમણે સંતબાલજીની પ્રવૃત્તિ નજરે નિહાળી અને અંત સમયે પરમસંતોષ લઈને ગયા હતા.

પોતાનો શિષ્ય જૈન પરંપરાને આધુનિક યુગના વિચારના અનુસંધાન દ્વારા આગળ ધપાવશે એવી પ્રતીતિ થઈ તેથી જ ગુરુદેવ કવિવર્ય શ્રી નાનચંદ્રજી મહારાજે કહેલ કે 'સંતબાલજી જૈન સાધુ નહીં, જગતસાધુ છે.' ગુરુ કોઈ શિષ્ય માટે તે વિશ્વસંત છે, આવા ઉચ્ચારણ કરે તે શિષ્ય માટે ઉત્કૃષ્ટ ઉપલબ્ધિ, પદવી કે સંપદા કરતાં ઓછું ન ગણાય.

જૈન સંઘો અને શ્રેષ્ઠીઓને અંતે પ્રતીતિ થઈ કે આ સંતના જીવન અને વિચારને સમજવામાં કંઈક ગેરસમજ થઈ રહી છે... અને અંતે ગેરસમજનાં વાદળાં વીખરાઈ ગયાં અને સમજણનો સૂરજ ઊગ્યો.

★ અંતે ઘાટકોપર હિંગવાલા ઉપાશ્રયમાં પૂ. સંતબાલજીનું ભવ્ય ચાતુર્માસ કરાવ્યું.

★ જૈન શ્રેષ્ઠી ભાણજીબાપાએ ભિલાઈમાં ચાતુર્માસ કરાવ્યું, જ્યાં સર્વધર્મ સમન્વય અને ઉપાસનાનાં કાર્યો થયાં.

★ જૈન શ્રેષ્ઠી શ્રી કામાણી અને અન્ય જૈન આગેવાનોએ કોલકાતા પધારવા વિનંતી કરી, જ્યાં મુનિશ્રી પ્રેરિત પશુબલિ વધ નિષિદ્ધ સમિતિ દ્વારા ઐતિહાસિક કામગીરી થઈ.

★ મુનિ શ્રી સંતબાલજીના જીવનકાળ દરમિયાન તેમણે કરેલાં જનહિતનાં કાર્યો પર એક દૃષ્ટિપાત કરીએ તો તેમની મહાનતાનાં દર્શન થયાં વગર રહે નહીં.

ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ ઉપરાંત વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ દ્વારા મુંબઈમાં માતૃસમાજ અને ચીંચણના મહાવીર નગર કેન્દ્ર દ્વારા અનેક જનહિતનાં કાર્યોના પ્રેરક બન્યા.

લોકઘડતર માટે 'વિશ્વવાત્સલ્ય' પાક્ષિક ૧૯૪૭ થી શરૂ કર્યું. 'અભિનવ રામાયણ','અભિનવ મહાભારત', અને 'જૈન દૃષ્ટિએ ગીતા દર્શન' ગ્રંથનાં સર્જનોએ મુનિશ્રીને લોકહૃદયમાં પ્રતિષ્ઠા આપી. જાણે મુનિશ્રી ઉત્કૃષ્ટ લોકશિક્ષકની ભૂમિકામાં રહ્યા અને પૂ. સંતબાલજીની વિવિધલક્ષી પ્રવૃત્તિમાં આપણા રાષ્ટ્રના જાણીતા સંતો પૂ. રવિશંકર મહારાજ, મુનિ નેમિચંદજી, પૂ. માનવમુનિ, પૂ. જનકવિજયજી અને પૂ. જ્ઞાનચંદ્રજી આદિ સંતોનો સહકાર મળ્યો.

મુનિશ્રી ન્યાયને પુષ્ટિ કરતાં આંદોલનો, શુદ્ધિપ્રયોગો અને સમાજમાં નૈતિક હિંમતને પ્રબળ કરવાના સમ્યક્ પુરુષાર્થના પ્રેરક હતા.

સુધારણાના કાર્યક્રમો અને આંદોલનોના અડાબીડ જંગલ વચ્ચે પણ મુનિશ્રી 'ઉત્તરાધ્યયન સૂત્ર', 'ધર્માનુબંધી વિશ્વદર્શન' અને 'આચારાંગ સૂત્ર' ની વિવેચના લખી અધ્યાત્મનું નંદનવન સર્જતા હતા. મુનિ શ્રી સંતબાલજી સ્વ-પર સાધના માટે ખૂબ જ જાગૃત હતા. પ્રત્યેક સાધક સાથે એકાત્મકતાનો અનુભવ કરતાં તેઓના નીચેના શબ્દો પ્રત્યેક સાધકને પોતાના બનાવી દે છે :-

''સાધકોના વિકાસ મારો પ્રમોદ છે, સાધકોનું સૂક્ષ્મ પતન પણ મારું આંસુડું છે.''

મુનિશ્રીએ સાધકોને લખેલા પત્રો : વિશ્વચેતના સાથે અનુસંધાન-આ પત્રો વાંચતાં મુનિશ્રીમાં ગુરુપદમાં લોકોત્તર પ્રતિષ્ઠાનું ચિંતન કરનાર આત્મસ્થ સંતના દર્શન થાય છે.

ઓમ મૈયાના આરાધક અને વિશ્વવાત્સલ્યના સંદેશવાહક મુનિ શ્રી સંતબાલજીના જીવનમાં નિશ્ચય અને વ્યવહારનો અદ્ભુત સમન્વય જોવા મળે છે.

મુનિશ્રીએ દર્શાવ્યું હતું કે જૈન સંત તરીકે દીક્ષા લીધા પછી તેઓ એક વિશાળ વિશ્વયોજનાઓનો ભાગ છે. જૈન સાધુએ સમાજની સુધારણા માટે કામ ન કરવું જોઈએ એવું નથી. આવાં કામ માટે કોઈ મનાઈ ફરમાવવામાં આવી નથી. મુનિશ્રીનું આ વિધાન ભગવાન મહાવીરના જીવન સંદર્ભે વિચારવું રસપ્રદ થઈ પડશે. ભગવાન મહાવીરે પોતાના સંઘમાં શૂદ્રજાતિના લોકોમાંથી મેતાર્યમુનિ અને મુનિ હરિકેશીને દીક્ષિત કરી અસ્પૃશ્યતા નિવારણના વિચારને પુષ્ટિ આપી, પશુબલિ પ્રથાને બંધ કરાવી, હિંસા રોકી, ચંદનબાળાના હાથે બાકુળા વહોરાવી દાસીપ્રથાની નાબૂદી માટે પ્રેરણા કરી.

ભગવાને મોરાક ગામના તાંત્રિક અચ્છંદકનાં પાખંડને ખુલ્લાં પાડીને લોકોને અંધશ્રદ્ધા અને વહેમની

બેડીમાંથી મુક્ત કર્યા.

કૌશામ્બીની રાણી મૃગાવતીના રૂપ પર મોહિત રાજા ચંદ્રપ્રદ્યોતને ધર્મદેશના સંભળાવી મૃગાવતીને મુક્તિ અપાવી. આ યુદ્ધભૂમિમાંનું સ્થળ અશુચિ, રૂધિર અને માંસથી ખરડાયેલું હોવા છતાં ભગવાન ઉગ્ર વિહાર કરી પધાર્યા તે મહાવીરની પ્રબુદ્ધ કરુણા, સામાજિક ચેતનાના વિકાસનું પ્રેરકબળ બની એક સ્ત્રીના શીલનું રક્ષણ કરે છે.

ભગવાન મહાવીરના જીવનપ્રસંગોમાં જનહિત અને લોકકલ્યાણની ભાવના અભિપ્રેત છે. મહાવીર ધર્મના કણકણમાં માનવતાનું અમૃત છલકાઈ રહ્યું છે. મુનિ શ્રી સંતબાલજી આવા અમૃતપ્યાલાના પુરસ્કર્તા હતા.

સંત તો સંસારની બળબળતી બપોરમાં ચંદન જેવી શીતળતા આપે છે.

જૈન દર્શનમાં ''સ્વ-પર-કલ્યાણ'' ની વાત આવે છે. મારા કલ્યાણ સાથે વિશ્વકલ્યાણનો વિચાર આ ખ્યાલમાં અભિપ્રેત છે.

શ્રમણ સંસ્કૃતિના વિશિષ્ટ પૂર્વાચાર્યો પૂ. હેમચંદ્રાચાર્ય, પૂ. વિજયવલ્લભસૂરિ, પૂ. અમરમુનિ અને મુનિ શ્રી સંતબાલજી જેવાઓ આ દિશામાં કાર્ય કરી જૈન ધર્મના સેવાભાવને ઉજાગર કર્યો છે.

આચાર્ય આનંદઋષિ, સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ, આચાર્ય તુલસીએ લોકકલ્યાણની પ્રેરણા કરી છે. સમયના સાંપ્રત પ્રવાહમાં આચાર્ય ચંદ્રશેખર મ.સા.એ વીર સૈનિક તપોવન સંસ્કારધામ, પૂ. હેમરત્ન વિજયજીના શિષ્યોએ એલર્ટ યંગ ગ્રુપ, યુગ દિવાકર પૂ. નમ્રમુનિ મ.સા. 'અર્હમ યુવા ગ્રુપ', પૂ. નયપદ્મસાગરજી 'જીતો' દ્વારા જનહિતનાં કાર્યો માટે પ્રેરે છે.

ઘાટકોપર હિંગવાલા ઉપાશ્રયમાં ભારતના પૂર્વ વડા પ્રધાન સ્વ. મોરારજી દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં જૈન ચિંતક ચીમનલાલ ચકુભાઈ શાહ સહિત અને સંઘપતિઓ અને શ્રેષ્ઠીવર્યોએ મુનિ શ્રી સંતબાલજીનો ગુણાનુવાદ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

**પરમાત્માનું સ્વરૂપ....**

(પાના નં. ૩૦ પરથી ચાલુ...)

છે. આકાર વિનાની કોઇ વસ્તુ હોઇ શકતી નથી. અમૂર્તિક દ્રવ્યોનો અમૂર્તિક અને મૂર્તિક પુદ્‌ગલ રચિત દ્રવ્યોનો મૂર્તિક આકાર હોય છે.

પરમાત્મા શુદ્ધ છે. તેમાં કર્તા, કર્મ આદિના કારક નથી, તથા તે પોતાના અનંત ગુણ પર્યાયોનો અખંડ અમીટ એક સમુદાય છે; જેમાંથી કોઇ ગુણ છૂટો પડી જતો નથી, કે ન કોઇ નવો ગુણ પ્રવેશી શકે છે. તે જ પરમાત્માને જિનેન્દ્ર કહે છે, કેમ કે જગતમાં એવી કોઇ શક્તિ નથી કે તેને જીતી શકે અને તેને ફરીથી સંસારી કે વિકારી બનાવી શકે. તે સદા વિનયશીલ રહે છે. કારણ ન હોવાથી રાગ-દ્વેષમાં ફસાતા નથી કે પુણ્ય-પાપ બાંધતા નથી. પરમાત્માનું પદ કોઇ કર્મનું ફળ નથી પણ સ્વાભાવિક આત્માનું પદ છે. તેથી તે કદી વિભાવરૂપ થઇ શકતું નથી. તે સર્વજ્ઞ હોવાથી તેમના જ્ઞાનમાં સર્વ દ્રવ્યોના ગુણ તથા પર્યાય એક સાથે બિરાજમાન છે. તે જ્ઞાતાદૃષ્ટા છે અને અજ્ઞાનથી રહિત છે. મંગળરૂપ છે. તેના ભજનથી આપણું કલ્યાણ થાય છે. પરમાત્મા પરમ શાંત છે. પરમ વીતરાગ છે. અરિહંતના આત્મામાં પણ પરમાત્માના ગુણ પ્રગટ છે. પરંતુ તે ચાર અઘાતીકર્મ સહિત છે. શરીર સહિત છે. તે પણ સિદ્ધ થશે તેથી તેમને પણ પરમાત્મા કહે છે. સર્વજ્ઞ અને વીતરાગ બન્ને અરિહંત અને સિદ્ધ પરમાત્મા છે.

પરમાત્મા આપણા આદર્શ છે. આપણે તેમને ઓળખીને તેમના સમાન પોતાને બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. અનાદિ, અનંત, અવિનાશી શુદ્ધ આત્મા પરમાત્મા છે. પરમાત્માનું જ્ઞાનાનંદ વીતરાગ સ્વરૂપ છે.

## મારું જ કર્મફળ છે.

**સુખ અને દુઃખના પ્રત્યેક પ્રસંગે વ્યક્તિએ એવું ચિંતન કરવું જોઇએ કે સમયના કોઇ તબક્કે મારા જ આત્મા દ્વારા કરવામાં આવેલ કર્મોનો, કર્મસત્તાએ આપેલ આ પ્રત્યુત્તર છે. સુખ-દુઃખ એ કાયમી નથી. સમયના વહેવા સાથે એ ચાલ્યા જશે.**

# પરમાત્માનું સ્વરૂપ

વલભજી હીરજી 'કેવલ'

ઉત્કૃષ્ટ અને પરમ પવિત્ર આત્માને પરમાત્મા કહે છે, જે કેવળ એક આત્મા જ છે. તેની સાથે કોઈપણ પાપ, પુણ્ય રૂપી કર્મનો સંયોગ નથી કે ન તે કોઇ જાતનો કષાયભાવ, રાગ, દ્વેષ, મોહ રાખે છે. તેમનામાં સાંસારિક પ્રાણીઓમાં પ્રાપ્ત થતાં દોષો નથી. સંસારી પ્રાણી ઈચ્છા અને તૃષ્ણાને વશીભૂત થઇને મનથી ઉદ્યમ અથવા આરંભ કરે છે. કામ થાય તો સંતોષ અને કામ ન થાય તો વિષાદ કરે છે. કોઇના ઉપર રાજી થાય છે તો કોઇ ઉપર નારાજ થાય છે. પરમાત્મામાં મોહનો લેશ માત્ર પણ સંબંધ નથી. વળી, ન મન, વચન, કાયા છે. તેથી તેમને કોઇ પ્રકારની ઈચ્છા કે પ્રયત્ન કે કોઇ રાગ-દ્વેષ, મોહ અથવા વિકાર, સંતોષ-અસંતોષ કાંઇ પણ સંભવતું નથી. તેથી પરમાત્મામાં જગતને કરવાનો, સુધારવાનો કે બગાડવાનો કોઇ આરોપ કરી શકાય નહિ. તે સંસારની પ્રપંચજાળમાં પડી શકતા નથી. તે પરમ કૃત્કૃત્ય છે.

જગત અનાદિ છે. આ જગતમાં કાર્યો તો સ્વભાવથી થઇ જાય છે. જેમ કે પાણીની વરાળ થવી, વાદળ થવા, વરસાદ વરસવો, નદીનું વહેવું, માટીને ઘસડી જવી, માટીનું ઠરીને જમીન બની જવું વિગેરે વિગેરે. કેટલાક કાર્યો કરવામાં ઈચ્છાવાળા સંસારી જીવ નિમિત્ત છે. ખેતી, કપડાં, વાસણ વગેરે મનુષ્ય અને માળા વગેરે પક્ષીઓ ઈચ્છાથી બનાવે છે. આ રીતે જગતનું કામ ચાલી રહ્યું છે.

પાપ-પુણ્યના ફળ પણ સ્વયં મળી જાય છે. કાર્મણ શરીરમાં બંધાયેલું કર્મ જ્યારે પાકે છે ત્યારે તેનું ફળ પ્રગટ થાય છે. જેમ કે ક્રોધ, માન, માયા, લોભ કે કામ ભાવનું થવું અથવા નિત્ય ગ્રહણ કરવામાં આવતા ભોજન, પાણી, હવા વગેરે સ્વયં રસ, રુધિર, અસ્થિ, ચરબી, માંસ, આદિરૂપ થઇ જવું, રોગોનું થવું, શરીરમાં બળ આવવું, વિષ ખાવાથી મરણ થવું વિગેરે. જો પરમાત્મા આ હિસાબ રાખે તો તેને ઘણી ચિંતા કરવી પડે તથા જો તેને જગતના પ્રાણીઓ ઉપર કરુણા હોય તો તે સર્વ શક્તિમાન હોવાથી પ્રાણીઓના ભાવ જ બદલી નાખે કે જેથી તેઓ પાપકર્મ ન કરે. જે ફળ આપી શકે, દંડ આપી શકે તે પોતાને આધીન હોય. તેમને ખરાબ કામોમાંથી રોકી પણ શકે. પરમાત્મા સદા સ્વરૂપમાં મગ્ન, પરમાનંદનું અમૃતપાન કર્યા કરે છે. તેમનામાં કોઇ ફળ આપવાનો વિચાર કે પ્રયત્ન હોવો સંભવતો નથી. જો પરમાત્મા કોઇના ઉપર પ્રસન્ન થઇને સુખ આપતા ન હોય તો પરમાત્માની સ્તુતિ, ભક્તિ અને પૂજા કરવાનું શું પ્રયોજન છે ?

એનું સમાધાન એ છે કે તે પવિત્ર છે. શુદ્ધ ગુણોના ધારક છે. તેમના નામસ્મરણથી, ગુણસ્મરણથી, તેમની પૂજા-ભક્તિ કરવાથી ભક્તજનોના પરિણામ નિર્મળ થઇ જાય છે. રાગ-દ્વેષના મેલથી રહિત થઇ જાય છે. ભાવોની શુદ્ધિથી પાપ સ્વયં કપાઇ જાય છે. શુભ ઉપયોગથી પુણ્ય સ્વયં બંધાઇ જાય છે. જેમ શાસ્ત્રો, વાંચવા, સાંભળવાથી પરિણામોમાં જ્ઞાન અને વૈરાગ્ય આવી જાય છે તેવી જ રીતે પરમાત્માની પૂજા-ભક્તિથી પરિણામોમાં શુદ્ધ આત્માનું જ્ઞાન અને સંસાર પ્રત્યે વૈરાગ્ય આવી જાય છે. પરમાત્મા ઉદાસીન નિમિત્ત છે, પ્રેરક નિમિત્ત નથી. આપણે બધા તેમના આલંબનથી પોતાનું ભલું કરી લઇએ છીએ. પરમાત્મા કોઇને મુક્તિ પણ આપતા નથી. આપણે પરમાત્માની ભક્તિ દ્વારા જ્યારે અદ્વૈત એક નિશ્ચય પોતાના આત્મામાં સ્થિર થઇને પરમ સમાધિનો અભ્યાસ કરીશું ત્યારે જ કર્મરહિત પરમાત્મા થઇશું. આ કારણે પરમાત્મા નિર્મળ છે.

પરમાત્માને શરીરનો સંબંધ નથી હોતો તો પણ તે અમૂર્તિક જ્ઞાનમય આકાર ધારણ કરે છે. જે શરીર છોડીને પરમાત્મા થાય છે તે શરીરમાં જેવા ધ્યાનાકાર હતા તેવો જ આકાર મોક્ષ જતાં બની રહે

**(અનુસંધાન પાના નં. ૨૯ પર)**

# સાધનાની જેવી શુદ્ધિ, તેવી સિદ્ધિ ને સફળતા...

**અમીચંદભાઈ શા. પટેલ**

આજે તા. ૨૮-૧૨-૨૦૧૮ ને શુક્રવારે અધ્યાત્મદૃષ્ટિએ તેમજ સાંસારિક રીતે સિદ્ધિ અને સફળતાની વાત લખવાનો ક્રમ છે. સૌ પ્રથમ આત્મશુદ્ધિ અને પશ્ચાત્તાપ શુદ્ધિ અંગે વિચારીએ.

હાલમાં ગાંધીજીની-૧૫૦ ની ઉજવણી ચાલે છે, ત્યારે ગાંધીજીના અધ્યાત્મ માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજી કે જેઓ શતાવધાનની અલૌકિક સિદ્ધિ ધરાવતા હતા તેમની વાત જોઇએ. તેમણે પશ્ચાત્તાપ શુદ્ધિની વાત કરતાં જણાવ્યું છે : "જગત આત્મરૂપ માનવામાં આવે, જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે; બીજી રીતે નહીં." - **શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત પત્રાંક-૩૦૧)**

તેમણે અધ્યાત્મ સાધકને મુમુક્ષુ તરીકે ઓળખાવતાં કહ્યું છે કે આત્માને વારંવાર સંસારનું સ્વરૂપ કારાગૃહ જેવું ક્ષણે ક્ષણે ભાસ્યા કરે એ મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે.

જે સાધકમાં દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય આદિ ગુણો હોય તે લૌકિકમાંથી અલૌકિકનો યાત્રી છે, ભેદમાંથી અભેદની દિશાએ કૂચ કરનારો છે, ભ્રમમાંથી બ્રહ્મનો તેમજ જીવમાંથી શિવત્વ તરફનો માર્ગી છે.

શ્રીમદ્ની આ વાતમાં આખા અધ્યાત્મશાસ્ત્રનો નિર્દેશ છે. આત્મશુદ્ધિ જેવી કોઇ શુદ્ધિ નથી અને તેના વિના સાધના અધૂરી જ છે તેથી સિદ્ધિ પણ અઘરી અને ગહન છે. અલબત્ત, આમાં કેટલાંક સંતો-મહાત્માઓ દીર્ઘ તપશ્ચર્યા બાદ સફળ પણ થયા છે જ. શ્રી રમણ મહર્ષિ, શ્રી અરવિંદ અને માતાજી, સ્વામી વિવેકાનંદ આદિ તેનાં પ્રેરક ઉદાહરણ છે, જે વ્યક્તિથી સમષ્ટિ લગી સૌને સનાતન મનસગુરુની ગરજ સારનાર છે, તારનાર છે.

આ લેખ લખનાર 'અ' ની પણ સ્વાનુભૂતિ પોકારે છે, કે જે કંઇ શબ્દરૂપી બ્રહ્મની કે સમગ્ર જીવનની સિદ્ધિ-સફળતા છે તે માત્ર મનસગુરુ શ્રીમદ્ રાજચંદ્રને જ આભારી છે, જેમને શત શત વંદન હો. વેદમૂર્તિ તપોનિષ્ઠ યુગદૃષ્ટા પં.શ્રીરામ શર્મા પ્રેરિત 'યુગશક્તિ ગાયત્રી' ના તા. ૨૫-૦૭-૨૦૧૮ ના અંકમાં શુદ્ધિ-સિદ્ધિની વાત સાદી સરળ રીતે સરસ સમજાવી છે : કોલસો હજારો વર્ષ જમીનમાં દબાણ સહન કરે છે પછી જ તે હીરો બની શકે છે. લોખંડ, ક્લાઇ, જસત વગેરે પણ તપાવ્યા પછી જ સ્ટીલ, રસાયણ, ઔષધિઓ, સિક્કા વગેરે બનાવવાના કામમાં આવે છે. શુદ્ધિકરણની પ્રક્રિયાથી તુચ્છ ચીજો પણ મૂલ્યવાન બની જાય છે.

આ જ સિદ્ધાંત મનુષ્ય માત્રને લાગુ પડે છે. આત્મશુદ્ધિ વગરનું માનવજીવન તુચ્છ છે. દરેક વ્યક્તિમાં મહાન બનવાની સંભાવના છે. જે આત્મશુદ્ધિ દ્વારા જીવનશુદ્ધિ અને સાધનાથી - દીર્ઘ તપ-જપથી સિદ્ધ થઇ શકે છે. આપણા વ્યક્તિત્વની શુદ્ધિ, આપણા ચિંતનની પવિત્રતા અને આપણી ભાવનાઓની શુદ્ધિરૂપી ત્રિવેણીથી જ મનુષ્યનું ગૌરવ અને ગરિમા વધે છે. તપસાધના દ્વારા આ ત્રિવેણીમાં સ્નાન કરનાર મનુષ્ય જ મહાન બને છે.

સ્વામી વિવેકાનંદે આવી વ્યક્તિની ગુપ્ત વિરાટ શક્તિને ગજવવા ઘણું આર્ષદર્શન આપ્યું છે. તેમની 'ARISE AWAKE & STOP NOT TILL THE GOAL IS ACHIEVED' ......... 'ઊઠો, જાગો અને લક્ષ્યસિદ્ધિ લગી મચ્યા રહો' વાત જબરી ઊર્જાસ્ફૂરક છે. પાવનતાથી પામીએ.

મહાત્મા ગાંધી પણ આ માર્ગેજ મામૂલી માનવીમાંથી મહાત્મા બન્યા. સામાન્ય લોકો માટે તો 'મહાપુરુષ જે થઇ ગયા તે ગુરુ, આપણ ચેલા' - એ જ સફળ જીવનનૈયાની માસ્ટર કી છે, સાચો સચોટ

**(અનુસંધાન પાના નં. ૨૪ પર)**

# પુસ્તક સમાલોચના

**મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી)

(૧) **પુસ્તકનું નામ : ઘડપણ કેણે મોકલ્યું રે લોલ....**

**લેખિકા :** રાજુલબેન રમેશભાઇ શાહ **આવૃત્તિ :** પ્રથમ **પાના :** ૨૫૪

**મૂલ્ય :** હૃદય પરિવર્તન **પ્રકાશક :** શ્રીમતી રાજુલબેન રમેશભાઇ શાહ

ફ્લેટ નં. ૧૭૦૩, હેબીટેટ આરા બાયપ્લેક્ષ, કલ્યાણ જ્વેલર્સની પાછળ, એસ. વી. રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨. ફો.નં. ૨૬૭૯૬૩૩૯ (મો) ૯૮૬૯૨૨૭૧૪૩

આ પુસ્તકમાં વૃદ્ધત્વને લગતા ગીતો, પ્રાર્થનાઓ, સજ્ઝાયો, કવિતાઓ, વાર્તાઓ, લેખો, સુવિચારો, પંક્તિઓ, નાટકો, પ્રસંગો, પૂ. ગુરુભગવંતના પરિચય અને ફોટાઓ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જો હું વૃદ્ધ થઇ ગયો, પોતાના ભૂલે પોતે દુઃખી, વૃદ્ધોની વેદના-વ્યથા, સિનીયર સિટીઝનને સાચવીએ, ઘડપણની લાકડી, વૃદ્ધો અને યુવાનોની ફરજો, ઘડપણ બોલે છે, ઘડપણ કેણે મોકલ્યું, વૃદ્ધાવસ્થા-સમસ્યા અને સમાધાન, જીવનસંધ્યા માટે આયોજન વગેરે અનેક લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જૈનાચાર્યો વિભાગ પણ આપવામાં આવેલ છે. આ પુસ્તકના માધ્યમથી વડીલોની સેવા કરવી અને સાચા શ્રવણ બનવાની પ્રેરણા મળે છે. વડીલો પ્રત્યે અહોભાવ લાવીને આવા સુંદર પુસ્તકની રચના કરવા બદલ રાજુલબહેનને ધન્યવાદ.

(૨) **પુસ્તકનું નામ : એક રે દિવસ એવો આવશે.**

**લેખિકા :** ભાનુબેન ડી. શાહ **પાના :** ૮૦ **મૂલ્ય :** રૂા. ૧૫૦/-

**આવૃત્તિ :** પ્રથમ, ૨૦૨૦ **પ્રાપ્તિસ્થાન :** ભાનુબેન ડી. શાહ, ૨૬, મીલપરા, તપોવન એપા. નં. ૨, કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૨. ફો.નં. (૦૨૮૧) ૨૨૩૯૦૬૨

આ પુસ્તકની રચના શ્રી ઉદયરત્ન મહારાજ સાહેબે લખેલા 'ઊંચા તે મંદિર માળિયાં.... પદના આધારે કરવામાં આવી છે. 'જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે' આ કડવી વાસ્તવિકતા હોવા છતાં મમત્વના બંધનો તોડવા મુશ્કેલ છે. મૃત્યુને આવકારવાની તૈયારી રાખીએ, જેથી તે અળખામણું અને રડાવતું નહીં લાગે. આ પુસ્તકમાં જન્મ-મૃત્યુના ચક્રમાંથી કેવી રીતે બચવું તેના ઉપાયો પણ બતાવ્યા છે. આદ. ભાનુબેન શાહ શ્રુતના ઊંડા અભ્યાસી હોવાથી પુસ્તકમાં અનેક દૃષ્ટાંતો, મહાપુરુષોના અવતરણો વગેરે ટાંકીને પુસ્તકને રસપ્રદ બનાવ્યું છે.

(૩) **પુસ્તકનું નામ : સદ્‌ગુરુદેવ**

**લેખિકા :** ભાનુબેન ડી. શાહ **પાના :** ૧૪૦ **મૂલ્ય :** રૂા. ૧૭૫/-

**આવૃત્તિ :** પ્રથમ, ૨૦૨૦ **પ્રાપ્તિસ્થાન :** ઉપર મુજબ

આકર્ષક મુખપૃષ્ઠ અને સારા કાગળનો ઉપયોગ થયો છે. આધ્યાત્મિક વિકાસ માટે સદ્‌ગુરુની અત્યંત આવશ્યકતા છે. ગુરુકુળ નિવાસ દરમિયાન સદ્‌ગુરુ સદ્‌બોધ દ્વારા શિષ્યનો જીવનઉત્કર્ષ કરે છે. સદ્‌ગુરુ વિના જ્ઞાનપ્રાપ્તિ શક્ય નથી. આ પુસ્તકમાં બલિહારી ગુરુદેવની, સર્વપદ સમાત - સદ્‌ગુરુમાં, કરુણાશીલ સદ્‌ગુરુ, સદાચારની સેવના, ભવનાં મૂળ-આરંભપરિગ્રહ, અહંકાર ત્યજો, અસંગ દશાને વરો વગેરે ૧૫ જેટલા લેખોનો સમાવેશ થાય છે.

# બાળ વિભાગ

**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## (૧) સૌથી મોટી કૃપા

ગુરુની આજ્ઞા અનુસાર, નાગેશ ભટ્ટ વારાણસીમાં આર્ષ સાહિત્યનો અભ્યાસ કરતા હતા. આર્ષ સાહિત્યના ભાષાન્તરનું કામ પણ સાથોસાથ ચાલુ હતું.

ગુરુએ એમને આજ્ઞા કરી હતી : ''વત્સ, આપણા આર્યાવર્તમાં ધર્મ અને સંસ્કૃતિનું પતન થઇ રહ્યું છે. આથી આર્ષ સાહિત્યનો પુનરુદ્ધાર આવશ્યક અને અનિવાર્ય બન્યો છે. આપણા માટે હવે આ જ કાર્ય એક સાચી ઇશ્વરસેવા બને છે. તું આ કાર્ય કરવા પાછળ લાગી જા.''

ગુરુની આ આજ્ઞાનું નાગેશ ભટ્ટ પૂર્ણપણે પાલન કરી રહ્યા હતા. આ કાર્ય વિના એમને અન્ય કોઇ કામમાં રસ રહ્યો નહોતો. નિર્ધનતા અને આર્થિક ભીડની આંધી વચ્ચે એમનો આ સાધનાદીપ અખંડ પ્રજળતો રહ્યો હતો.

એમની આ સાધનાની કીર્ત ફેલાતી ફેલાતી છેક મહારાષ્ટ્રના બાજીરાવ પેશ્વા સુધી પહોંચી. પેશ્વાએ મનમાં એક એવો સંકલ્પ કર્યો કે, 'હવે હું જ્યારે વારાણસીની યાત્રાએ જઇશ ત્યારે અચૂક આ મહાન પુરુષના દર્શન કરીશ. આવી મહાન વિભૂતિના દર્શન કરી હું મારા જીવનને સાર્થક બનાવીશ.'

અને આખરે એકવાર તેઓ બનારસની યાત્રાએ ગયા.

એક દિવસ સવારના પહોરમાં બાજીરાવ પેશ્વા નાગેશ ભટ્ટને મળવા એમની કુટિર પર ગયા.

એ સમયે નાગેશ ભટ્ટ પુસ્તકોના મોટા ઢગ વચ્ચે માથું ઢાળીને એક ગ્રંથનું અધ્યયન કરી રહ્યા હતા. કુટિરમાં પુસ્તકો વિના બીજું કશું જ નહોતું. કુટિર જાણે નિર્ધનતાની ચાડી ખાતી એમ તેમાં જીવનજરૂરી કોઇ ચીજ હતી નહિ.

આવા મહાન વિદ્વાનને આવી કારમી નિર્ધનતામાં સબડતા જોઇને પેશ્વાએ નમ્રતાથી કહ્યું, ''આચાર્ય, આજ્ઞા હોય તો આપને થોડી આર્થિક મદદ કરું ? આપને આર્થિક સહાય કરવાની તક મને મળશે તો એને હું મારું અહોભાગ્ય માનીશ.''

પેશ્વાના બોલવાથી અધ્યયનમાંથી નાગેશ ભટ્ટનું જાણે ધ્યાન તૂટી ગયું.

એકાદ ક્ષણ બાદ તેમણે પેશ્વાને કહેવા માંડ્યું, ''મહારાજ, આ ગ્રંથમાં એક અઘરો શ્લોક આવ્યો છે, તેનો અર્થ હું બેસાડી શકતો નથી. આપ મને એનો અર્થ બેસાડવામાં મદદ કરો તો આપની સૌથી મોટી કૃપા થશે અને હું આપનો ખૂબ આભારી થઇશ. બસ, આથી વિશેષ મારે આપની અન્ય કોઇ સહાયની જરૂર નથી.''

આ નિ:સ્પૃહતા અને અધ્યયનપરાયણતા જોઇ પેશ્વાએ પોતાનું માથું નાગેશ ભટ્ટના ચરણોમાં નમાવી દીધું !

## (૨) આદર્શ અર્ધાંગના

બંગાળના આદરણીય સત્પુરુષ અને રાષ્ટ્રભક્ત અશ્વિનીકુમાર દત્તનાં લગ્ન થયાંને બે વર્ષ થયાં હતાં.

અશ્વિનીકુમારે ધર્મગ્રંથોનો અભ્યાસ કરવા માંડ્યો હતો. એ અભ્યાસના કારણે તેમનામાં ધર્મ - સંસ્કારોનું સિંચન થવા લાગ્યું હતું. માત્ર ધર્મનો જ નહિ, અન્ય ધર્મોનો પણ તેમણે અભ્યાસ કરવા માંડ્યો હતો.

એકવાર તેઓ ખ્રિસ્તી ધર્મવેત્તા અને ભક્ત સેન્ટપોલનું એક પુસ્તક ખૂબ ધ્યાનથી વાંચી રહ્યા હતા.

એમનાં કેટલાંક વાક્યોએ તેમને વિચાર કરતા કરી મૂક્યા.

એ વાક્યોનો ભાવાર્થ એવો હતો કે મનુષ્યે દેહની શુદ્ધિ અને પવિત્રતા અવશ્ય જાળવી રાખવા. એમાં બ્રહ્મચર્ય પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ વાક્યો વાંચતાં જ અશ્વિનીકુમાર વિચારવા લાગ્યા : 'ઓહ ! દેહશુદ્ધિનો આ તે કેવો મહિમા ! મેં લગ્ન કરી લીધાં છે, છતાં 'જાગ્યા ત્યારથી સવાર' એમ માનીને મારે શા માટે બ્રહ્મચર્યનું વ્રત અંગીકાર ન કરવું ?'

ત્યાં વળી મનમાં એક પ્રશ્ન થયો : 'પણ આમાં

તો પત્નીની અનુમતિ વિના કેમ ચાલે ?'

તરત જ તેમણે પત્નીને એક પત્ર લખ્યો અને તેમાં જણાવ્યું, ''મારો વિચાર બ્રહ્મચર્યવ્રત લેવાનો છે, પણ તેમાં આપની અનુમતિની જરૂર રહે છે. તમે અનુમતિ આપશો ખરા ?''

અને પંદર વર્ષની આ અર્ધાંગનાએ પતિને વળતા જવાબમાં લખ્યું, ''હું આપની અર્ધાંગના છું. ધર્મમય જીવનમાં આગળ વધવા આપે સંકલ્પ કર્યો તેની આડે હું આવી શકું નહિ. જો આડે આવું તો હું યોગ્ય અર્ધાંગના ગણાઉં નહિ. હું આપને અવરોધરૂપ કદી બની શકું નહિ. આપ સુખેથી ધર્મમાર્ગે આગળ વધો. હું કદી એમાં બાધારૂપ બનીશ નહિ. એટલું જ નહિ, પણ આપનો એ સંકલ્પ પૂર્ણપણે સાકાર બની રહે તે માટે હું આપને સદા સહાય કરતી રહીશ ! ઈશ્વરને હું પ્રાર્થના કરું છું કે આપને ધર્મમાર્ગે આગળ વધવા સદા બળ આપતા રહે !''

આવી આદર્શ અર્ધાંગના પોતાને મળી છે એ જાણીને અશ્વિનીકુમારનું હૃદય પ્રફુલ્લિત બન્યું.

### (૩) અભિનેતાનો સંકલ્પ

અમેરિકન હાસ્ય અભિનેતા જિમ્મી ડ્યુરાંટ ઘાયલ સૈનિકો સિવાય બીજા કોઈ જાહેર સ્થળ પર કોઈના માટે મનોરંજન કાર્યક્રમ આપતો નહોતો.

એકવાર તે પોતાના એક પત્રકાર મિત્ર સાથે ન્યૂયોર્ક ખાડીના સ્ટેટન દ્વીપની એક હોસ્પિટલમાં ગયો. આ હોસ્પિટલમાં તેણે બીજા વિશ્વયુદ્ધમાં ઘાયલ થયેલા સૈનિકોનું મનોરંજન કરવાનું હતું.

પણ આ જ દિવસે રાતના તેને ન્યૂયોર્ક રેડિયો પર બે કાર્યક્રમો રજૂ કરવાના હતા.

વ્યવસ્થા એવી હતી કે આ હોસ્પિટલમાં ઘાયલ સૈનિકો સમક્ષ મનોરંજનનો કાર્યક્રમ પૂરો કરીને તે સાંજના સમયે એક જહાજમાં બેસીને ન્યૂયોર્ક પહોંચે અને રાત્રિએ ન્યૂયોર્ક રેડિયો પર પોતાનો કાર્યક્રમ રજૂ કરે.

જિમ્મી ડ્યુરાંટે ઘાયલ સૈનિકો સમક્ષ એવો તો મનોરંજન કાર્યક્રમ રજૂ કર્યો કે તેથી સૈનિકો આનંદથી જાણે નાચી ઊઠ્યા.

કાર્યક્રમ પૂરો થવાની અણી ઉપર હતો કે એક ખૂબ ઘવાયેલા સૈનિકે એક અરજના સ્વરમાં જિમ્મી ડ્યૂરાંટને કહ્યું, ''આપ કોઈ નવી ''આઈટેમ'' રજૂ કરો તો ઠીક રહેશે ! અમારા પર જરૂર એટલી કૃપા કરો !''

આ સાંભળીને જિમ્મી ડ્યૂરાંટના પેલા પત્રકાર મિત્રથી બોલ્યા વિના રહેવાયું નહિ.

તેણે ડ્યૂરાંટને કહ્યું, ''આપ અહીં નવી 'આઈટેમ' આપશો ને ન્યૂયોર્ક જનારું જહાજ ઊપડી જશે અને તો પછી આપણે ન્યૂયોર્ક કેવી રીતે પહોંચીશું?'

ડ્યૂરાંટે પત્રકાર મિત્રને કહ્યું, ''મને એની જરાયે ચિંતા નથી. તમે મારી સામે બેઠેલા આ બે સૈનિકોની સામે તો જુઓ.''

પત્રકારે ત્યાં પ્રથમ હરોળમાં બેઠેલા એ બે ઘાયલ સૈનિકો તરફ દૃષ્ટિ કરી. બન્ને સૈનિકોનો એક એક હાથ કપાઈ ગયો હતો, છતાં બન્ને સૈનિકો પોતાના બચેલા હાથની સહાયથી તાળીઓ પાડી રહ્યા હતા.

''જ્યાં કલાની આવી કદર થતી હોય ત્યાંથી હું કઇ રીતે ખસી શકું ? મારી કલાની આવી કદર થતી મેં બીજે ક્યાંય જોઇ નથી.'' ડ્યૂરાંટે કહ્યું.

ડ્યૂરાંટે ઘાયલ સૈનિકો સમક્ષ આખી રાત મનોરંજન કાર્યક્રમ ચાલુ રાખ્યો અને ન્યૂયોર્ક જઇને રેડિયો પર કાર્યક્રમ આપવાનું માંડી જ વાળ્યું.

અને તેણે એ દિવસે સંકલ્પ કર્યો કે, ભવિષ્યમાં પોતે કેવળ ઘાયલ સૈનિકોનું જ મનોરંજન કરશે.

---

### એક અલગારી, અદ્‌ભુત સંત ....

(પાના નં. ૨૯ પરથી ચાલુ...)

કરજે.

મારી ક્ષતિભરેલી, સદાય અધૂરી લાગે તેવી પણ સ્મૃતિના સ્નેહથી છલોછલ અભિવ્યક્તિ પર પૂર્ણવિરામ મૂકવા જઈ રહી છું, ત્યારે એક મહાન તીર્થના સંસ્થાપક, એક મહામાનવ, અલગારી સંત માટે એટલું જ કહીશ કે,

''સ્થૂલદેહે થયા અદૃશ્ય આ શાશ્વતી મહીંથી,
શબ્દદેહે રહેશો તાદૃશ આ સ્મૃતિગ્રંથ મહીં,
સૂક્ષ્મદેહે થયા આહત્ત આ કૃતિના કણ કણ મહીં,
સ્મૃતિદેહે રહેશો આવૃત્ત સ્વજનોના અંતરતર મહીં.''

પૂ. શ્રી વિષે લખતાં ક્યાંય કોઈપણ ક્ષતિ થઈ હોય તો મિચ્છામિ દુક્કડં માગીને વિરમું છું.

# સમાજ-સંસ્થા દર્શન

## રાષ્ટ્રીય સંકટ કોરોના વાઈરસના જંગમાં સંસ્થા દ્વારા થયેલ સેવાકીય પ્રવૃત્તિઓ

કોરોના વાઈરસના પ્રતિકાર માટે દેશવાસીઓ ઝઝૂમી રહ્યા છે ત્યારે માનસેવાને વર્તમાન સંજોગોમાં કર્તવ્ય સમજીને સંસ્થા દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. સંસ્થાના મુમુક્ષુ ભાઈ-બહેનોના આર્થિક સહયોગથી સંસ્થાની આસપાસના વિસ્તારો-નવા કોબા, જૂના કોબા, કસ્તૂરબા વિદ્યાલય, બોરિયા તલાવડી, નભોઇ, સુઘડ, મોટેરા ક્રોસ રોડ, અપોલો હોસ્પિટલ રોડ, ચિલોડા રોડ, અંબાપુર, ભઈજીપુરા, ઉવારસદ, અડાલજ વગેરે વિસ્તારોમાં જરૂરતમંદ પરિવારોને રાશન સામગ્રીની ૩૨૮ જેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું છે. એક કીટમાં ૫ કિલો ઘઉંનો લોટ, ૨ કિલો ખાંડ, ૧ કિલો તુવેર દાળ, ૫ કિલો ચોખા, ૧ કિલો મગની દાળ, ૨ કિલો તેલ, ૧ કિલો દેશી ગોળ, હળદર, મરચા પાવડર, મીઠું તથા સાબુનો સમાવેશ થાય છે. આ સાથે કર્મચારીઓ અને તેમના પરિવાર માટે નાના પાયા પર છાશકેન્દ્ર ચાલુ કરેલ છે. જ્યારથી લોકડાઉન થયું ત્યારથી લગભગ પચ્ચીસ દિવસ સુધી આદ. રાગિણીબેનના આર્થિક સહયોગથી કર્મચારીઓ તથા તેઓના પરિવારને ટામેટાં પણ આપવામાં આવ્યા હતા. સેવાકીય પ્રવૃત્તિઓમાં આર્થિક યોગદાન આપનાર મુમુક્ષુ ભાઈ-બહેનોનો ધન્યવાદ સહ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

## પ્રભુ મહાવીર કેવળજ્ઞાન કલ્યાણકદિન તથા સંસ્થા સ્થાપના દિનની ઉજવણી

વૈશાખ સુદ દસમ એટલે ભગવાન મહાવીર કેવળજ્ઞાન કલ્યાણક દિવસ તથા કોબા સંસ્થાનો સ્થાપના દિવસ. આ શુભ દિને સવારે જિનાભિષેક બાદ પ્રભુ મહાવીરની પૂજા કરવામાં આવી હતી. બા.બ્ર. સુરેશજીએ 'આત્મબોધ શતક' ના આધારે મનનીય સ્વાધાયાય આપ્યો હતો. સંસ્થાની સ્થાપના વેળાએ પૂજ્ય સાહેબજી સાથે ઉપસ્થિત તેમજ સંસ્થાના પાયાના પથ્થર સમાન એવા શ્રી ભોગીભાઈ શાહ પરિવાર, શ્રી રમણિકલાલ શેઠ પરિવાર, શ્રી હેમેન્દ્રભાઇ શાહ પરિવાર, શ્રી જયંતિભાઇ પોપટલાલ, શ્રી રસિકકાકા, શ્રી ચંદ્રકાંતભાઇ શાહ પરિવાર વગેરે મહાનુભાવોની સેવા અને સાધનાને પૂજ્ય બહેનશ્રીએ બિરદાવ્યા હતા. પૂજ્ય બહેનશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસ્મરણો વાગોળતા જણાવ્યું કે સને ૧૯૭૦ પછી પૂજ્યશ્રીની એકાંત સાધના વધતી ગઇ. સને ૧૯૭૪ થી હોસ્પિટલની જવાબદારીમાંથી મુક્ત થતાં સ્વાધ્યાય, ચિંતન, ધ્યાનરૂપ એકાંતસાધના વિશેષ વૃદ્ધિને પામી. તે વખતે પૂજ્ય વર્ણીજી મહારાજના ચાતુર્માસનો લાભ પણ સાંપડ્યો હતો. પૂજ્યશ્રી પુષ્પવીલા, મીઠાખળી-અમદાવાદ સાધના અર્થે પધારતા. આધ્યાત્મિક કેન્દ્રની સ્થાપના કરવાનો વિચાર દૃઢીભૂત થતાં તા. ૦૯-૦૫-૧૯૭૫ ના રોજ શ્રી સત્શ્રુત સેવા સાધના કેન્દ્રના નામથી સંસ્થાની સ્થાપના થઇ. તે વખતે આત્મસિદ્ધિ પારાયણ, ભક્તિ, આરતી વગેરે થયાં હતાં. સને ૧૯૭૬ માં પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં ૪૨ દિવસની દક્ષિણ ભારતની યાત્રા થઇ હતી.

## રાષ્ટ્રીય સંકટ કોરોના વાઈરસની લડત માટે સંસ્થા દ્વારા આર્થિક યોગદાન

વિશ્વભરમાં કોરોના વાઈરસે તબાહી મચાવી છે. આપણો દેશ પણ આ સંકટ સામે હિંમતપૂર્વક ઝઝૂમી રહ્યો છે. આપત્તિકાળમાં દેશ પ્રત્યે સદ્‌ભાવનાના પ્રતીકરૂપે સંસ્થા દ્વારા, મુમુક્ષુ ભાઈ-બહેનોના સહયોગથી દેશ માટે આર્થિક યોગદાન આપવામાં આવ્યું છે. પૂજ્યશ્રી અને પૂજ્ય બહેનશ્રીના આશીર્વાદથી કોબા સંસ્થા તરફથી કોરોના વાઈરસનો પ્રતિકાર કરવા 'પ્રધાનમંત્રી ફંડ' અને 'મુખ્યમંત્રી ફંડ'-એમ દરેકમાં રૂા. ૫૧,૦૦૦/- (કુલ રૂા. ૧,૦૨,૦૦૦) જમા કરાવવામાં આવ્યા છે. આ રાષ્ટ્રીય સંકટમાં રાષ્ટ્રસેવાને ફરજ સમજીને સહયોગ

આપનાર સૌ મુમુક્ષુ ભાઈ-બહેનોને સંસ્થા તરફથી અનેકશઃ ધન્યવાદ પાઠવવામાં આવે છે.

## પ્રભુ મહાવીર જન્મકલ્યાણક દિનની ઉજવણી

ચૈત્ર સુદ તેરસ એટલે વિશ્વવંદ્ય વિભૂતિ પ્રભુ મહાવીરનો જન્મકલ્યાણક મંગલ દિન. આ દિવસે સંસ્થા સ્થિત મુમુક્ષુ ભાઈ-બહેનોએ સવારે જિનાભિષેક બાદ પ્રભુ મહાવીરની પૂજા કરી હતી. ત્યારબાદ બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈનો આત્માર્થપ્રેરક સ્વાધ્યાય યોજાયો હતો. સૌએ પ્રભુ મહાવીરના ગુણગાન કર્યા હતા.

## પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી-પરમ સમાધિદિન

ચૈત્ર વદ પાંચમ એટલે પંચમકાળની વિરલ વિભૂતિ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીનો પરમ સમાધિદિન (દેહોત્સર્ગદિન). આ દિવસે સંસ્થા સ્થિત મુમુક્ષુ ભાઈ-બહેનોએ સવારે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની પૂજા કરી હતી. ત્યારબાદ સૌએ ભાવપૂર્વક શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ કર્યું હતું. પૂજ્ય બા.બ્ર. ગોકુળભાઈએ 'જીવનકળા' પુસ્તકના આધારે પરમકૃપાળુદેવની વૈરાગ્યમય દશા, મુનિઓને ઉદ્‌બોધન, ઈડરમાં એકાંત સાધના, સમાધિપૂર્વક દેહત્યાગ વગેરે બાબતો પર વૈરાગ્યસભર પ્રેરણાદાયક સ્વાધ્યાય આપ્યા હતા. બપોરે શ્રી રાજમંદિરમાં મંત્રજાપનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

## પૂજ્યશ્રીના સમાધિમંદિરની ખાતમુહૂર્તવિધિ સંપન્ન

પૂજ્યશ્રી આત્માનંદજીના સંસ્મરણો જળવાઈ રહે, તેઓનો આત્મહિતકારી બોધ વર્ષો સુધી સૌ વાગોળતાં રહે તે અર્થે સંસ્થામાં અષાઢ સુદ બીજના શુભ દિને પૂજ્યશ્રીના સમાધિમંદિરની ખાતમુહૂર્તવિધિ સંપન્ન થઈ. આ પ્રસંગે ધાર્મિક વિધિ, ધૂન, મંત્રોચ્ચારના વાતાવરણમાં મહાનુભાવોના વરદ હસ્તે પૂજ્યશ્રીના અસ્થિને ભૂમિમાં પધરાવવામાં આવ્યા. સાથે કેટલાક લોકોએ ચાંદીના સિક્કાની પણ પધરામણી કરી હતી.

## 'દિવ્યધ્વનિ' ના વિશિષ્ટ સહયોગી દાતા બનવા અંગે વિજ્ઞપ્તિ

સંસ્થાના મુખપત્ર 'દિવ્યધ્વનિ' દ્વારા સંસ્કારપ્રેરક આધ્યાત્મિક પાથેય પૂરું પાડવા અમો પ્રયત્નશીલ છીએ. સાથે સાથે તેની 'ક્વૉલીટી' જાળવવા પણ પ્રયત્ન કરીએ છીએ. 'દિવ્યધ્વનિ' ના વિશિષ્ટ સહયોગી દાતા તરીકે રૂા. ૨૧,૦૦૦/- નું યોગદાન આપીને સંસ્કારપ્રેરક જ્ઞાનયજ્ઞમાં સહભાગી થવા વિનંતી કરીએ છીએ. 'વિશિષ્ટ સહયોગી દાતા' નું નામ 'દિવ્યધ્વનિ' ટાઈટલ પેજ-૪ પર પ્રકાશિત કરવામાં આવશે.

## સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને રાહતદરે ચોપડા વિતરણનું કાર્ય સંપન્ન

આધ્યાત્મિક પ્રવૃત્તિઓ સાથે સમાજોપયોગી કાર્યો કરવાની સંસ્થાની નીતિ રહી છે. તે માટે સંસ્થા દ્વારા ગુરુકુળ સંચાલન, મેડિકલ સેન્ટરનું સંચાલન, વિવિધ કેમ્પોનું આયોજન, છાશવિતરણ, જરૂરતમંદોને અનાજ-કપડાં આદિનું વિતરણ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલે છે. વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડા વિતરણનું કાર્ય પણ સંસ્થા દ્વારા દર વર્ષે કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ વિદ્યાર્થીઓ માટે સંસ્થા દ્વારા રાહતદરે ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું. આ સત્કાર્ય માટે આદ. શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી (રાજકોટ) પરિવારનો આંશિક આર્થિક સહયોગ સાંપડ્યો છે; જે બદલ સંસ્થા તરફથી તેઓને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણનો કાર્યક્રમ સાનંદ સંપન્ન

અષાઢ સુદ બીજ એટલે સંસ્થાના જિનમંદિરનો નૂતન ધ્વજારોહણ દિન. આ દિવસની ઉજવણી ઉલ્લાસ સભર ધર્મમય વાતાવરણમાં કરવામાં આવી.

સવારે જિનમંદિરમાં શ્રી જિનાભિષેક બાદ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પૂજા કરવામાં આવી. ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટી આદ. શ્રી પ્રકાશભાઈ એચ. શાહ, ટ્રસ્ટીશ્રી ડૉ. રાજેશભાઈ સોનેજી, શ્રી બિપીનભાઈ મણિયાર, શ્રી નિકુંજભાઈ મહેતા, શ્રી મુકેશભાઈ શેઠ, શ્રી હર્ષદભાઈ શાહ વગેરે મહાનુભાવોએ નૂતન ધ્વજ-પૂજા,

ધ્વજારોહણનો લાભ લીધો. સૌ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં જોડાયા. આ પ્રસંગે દર વર્ષે નૂતન ધ્વજારોહણનો લાભ લેનાર આદ. શ્રી શાંતિલાલ સી. મહેતા પરિવાર (મુંબઇ) ને સૌએ ભાવપૂર્વક યાદ કર્યા.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂજ્ય બહેનશ્રીએ સંસ્થાના જિનમંદિરના ઇતિહાસના સંસ્મરણો વાગોળતા જણાવ્યું કે સંસ્થામાં તા. ૨૮-૦૬-૧૯૮૬, અષાઢી બીજના શુભ દિને મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં ભાવપૂર્વક કરવામાં આવી હતી. સને ૧૯૯૫ માં મંદિરનું વિસ્તૃતિકરણ અને સુશોભન કરી વેદી પ્રતિષ્ઠા સહ જિનપ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી. તે વખતે પ્રભુજીનું ભવ્ય અને ભક્તિપૂર્વક સામૈયું કરવામાં આવ્યું. પૂજ્યશ્રી આત્માનંદજી તથા પૂજ્યશ્રી રાકેશભાઈના વરદ હસ્તે શ્રી ઋષભદેવ ભગવાન તથા શ્રી મહાવીર સ્વામીની પ્રતિષ્ઠા ભાવપૂર્વક કરવામાં આવી. તે વખતે યોજાયેલ સ્વાધ્યાયમાં પૂજ્યશ્રીએ જિનદર્શન દ્વારા આત્મદર્શનની પ્રેરણા આપી હતી. પૂજ્ય બહેનશ્રીએ સંસ્થાના વિકાસમાં સહયોગ આપનાર મહાનુભાવોના સ્મરણ સાથે તેઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

આદ. બા.બ્ર. સુરેશજીએ પૂજ્ય ૧૦૫ પૂર્ણમતિ માતાજી વિરચિત 'આત્મબોધશતક' ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે આપણા જીવનમાં મિથ્યાત્વની ધજા ઉતારીને સમ્યક્ત્વની ધજા ચઢાવવાની છે. અશાંતિ તે મિથ્યાત્વનું અને શાંતિ તે સમ્યક્ત્વનું લક્ષણ છે. પરદ્રવ્યોમાં આસક્ત થવું નહિ. દરેક પરિસ્થિતિમાં આત્મજાગૃતિ રાખવી. વિપરીત કર્મના ઉદયમાં પણ મહાપુરુષો વિચલિત થતા નથી.

આ પ્રસંગે આદ. શાંતિલાલ સી. મહેતા પરિવાર (મુંબઇ) તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

| | | | |
|---|---|---|---|
| **પૂજ્યશ્રી સ્મૃતિફંડ :** | (૧) | શ્રી જયેન્દ્રભાઇ હીરાલાલ ખારાવાલા, અમદાવાદ | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| | (૨) | શ્રી પ્રદીપભાઇ શાહ, USA<br>હસ્તે : શ્રી પ્રવીણભાઇ મહેતા<br>(પૂજ્યશ્રી ઓડીયો-વિડીયો પ્રોજેક્ટ) | રૂા. ૩,૫૦,૦૦૦/- |
| | (૩) | શ્રી દિનેશચંદ્ર એસ. બાવીસી,પરિવાર, રાજકોટ<br>(સ્વામિવાત્સલ્ય, કીટ વિતરણ, PM & CM care ફંડ) | રૂા. ૨,૯૭,૦૦૦/- |
| | (૪) | શ્રી મંજુલાબેન ધીરુભાઇ ડગલી, મુંબઈ | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| | (૫) | શ્રી હાર્દિકાબેન શાહ, USA (જીવદયા)<br>હસ્તે : શ્રી પ્રવીણભાઇ મેહતા | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| | (૬) | શ્રી અશોકભાઇ પી. શાહ, મુંબઇ (કીટ વિતરણ) | રૂા. ૧,૦૫,૫૦૦/- |
| | (૭) | શ્રી સરલાબેન બકુલભાઇ પારેખ, ચેન્નઇ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| | (૮) | શ્રી પંકજભાઇ શાહ, મુંબઇ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| | (૯) | શ્રી રક્ષાબેન પ્રફુલભાઇ અજમેરા, USA<br>હસ્તે : શ્રી મહેન્દ્રભાઇ ખંધાર | રૂા. ૫૧,૦૦૦/- |
| | (૧૦) | શ્રી ઇન્દિરાબેન છોટાલાલ ભીમાણી, મુંબઇ | રૂા. ૨૫,૦૦૦/- |
| | (૧૧) | શ્રી મહેન્દ્રભાઇ શરતચંદ્ર મહેતા, પૂના | રૂા. ૧૧,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| | | (PM & CM care ફંડ) | |
| | (૧૨) | શ્રી પદ્મિનીબેન શેઠ, USA | રૂા. ૧૦,૦૦૦/- |
| **અન્નદાન કીટ વિતરણ :** | (૧) | શ્રી પારસભાઇ મોદી, રાજકોટ | ૧૦૦ કીટ વિતરણ |
| | (૨) | શ્રી ડૉ. રાગિણીબેન શાહ, બાંસવાડા (રાજ.) | ૨૫ કીટ વિતરણ |
| | (૩) | શ્રી સરલાબેન ડી. દોશી, USA | |
| | | હસ્તે : શ્રી મહેન્દ્રભાઇ ખંધાર | રૂા. ૨૨,૦૦૦/- |
| | (૪) | શ્રી ગીતાબેન રાજેશભાઇ શાહ, USA | |
| | | હસ્તે : શ્રી મહેન્દ્રભાઇ ખંધાર | રૂા. ૨૨,૦૦૦/- |
| | (૫) | શ્રી ડૉ. રાજેશભાઇ એમ. સોનેજી, અમદાવાદ | રૂા. ૧૪,૭૦૦/- |
| | | (ભોજનાલય, PM & CM care ફંડ) | |
| | (૬) | શ્રી મહેન્દ્રભાઇ ખંધાર, USA | રૂા. ૧૧,૦૦૦/- |
| | (૭) | શ્રી કેવીન આર. શાહ, મુંબઇ | રૂા. ૧૧,૦૦૦/- |
| | (૮) | શ્રી બીનાબેન સોમાણી, અમદાવાદ | રૂા. ૧૧,૦૦૦/- |
| | | (છાશકેન્દ્ર, જ્ઞાનદાન) | |
| | (૯) | એક મુમુક્ષુ તરફથી, કોબા | |
| | | હસ્તે : શ્રી નીતાબેન લોઢીયા | રૂા. ૧૧,૦૦૦/- |
| **સાધારણ ફંડ :** | (૧) | શ્રી નિશાબેન પરાગભાઇ બાવીશી, USA | |
| | | હસ્તે : શ્રી દિનેશચંદ્ર બાવીશી | રૂા. ૧૦,૦૦૦/- |
| **ભોજનાલય કાયમી તિથિ :** | (૧) | સ્વ. શ્રી વસંતબેન પી. શાહ, મુંબઇ | |
| | | હસ્તે : શ્રી અશોકભાઇ પી. શાહ | રૂા. ૨,૦૯,૦૦૦/- |
| | | (વૈય્યાવચ્ચ, કીટ વિતરણ) | |
| | (૨) | શ્રી ઉષાબેન કિશોરભાઇ શેઠ, USA | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| | (૩) | શ્રી ઈલાબેન શરદભાઇ ડેલીવાળા, મુંબઇ | રૂા. ૧,૬૧,૦૦૦/- |
| | | (કીટ વિતરણ) | |
| | (૪) | શ્રી અશોકભાઇ શાંતિલાલ શાહ, અમદાવાદ | |
| | | હસ્તે : શ્રી ચંદ્રકાંતભાઇ ગોસલિયા | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| | (૫) | સ્વ. મંગળાબેન ભોગીલાલ શાહ, બોટાદ | |
| | | હસ્તે : શ્રી સુરેખાબેન શાહ (કોબા) | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| | (૬) | શ્રી હર્ષાબેન નરેશકુમાર શાહ, મુંબઇ | |
| | | હસ્તે : શ્રી સુરેખાબેન શાહ | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| **ભોજનાલય :** | (૧) | શ્રી ચંદ્રકાંતભાઇ ગાંધી, મુંબઇ | |
| | | હસ્તે : શ્રી સુનિલભાઇ ગાંધી | રૂા. ૨૧,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| | (૨) | શ્રી શિરીષભાઈ એચ. રૂપાણી, અડાલજ, ગાંધીનગર | રૂા. ૨૧,૦૦૦/- |
| છાશકેન્દ્ર : | (૧) | શ્રી ઊર્મિલાબેન ધોળકિયા, USA | રૂા. ૪૦,૦૦૦/- |
| | (૨) | શ્રી ડૉ. મહેન્દ્રભાઇ નાણાવટી, USA | $ 500 |
| | (૩) | શ્રી ચંદ્રકાંતભાઇ ગોસલિયા, કોબા | રૂા. ૧૦,૯૯૨/- |
| | (૪) | શ્રી ચંદનબેન શાહ, લંડન | રૂા. ૧૧,૦૦૦/- |


## વૈરાગ્ય સમાચાર

**(૧) મુંબઈ :** પરમકૃપાળુદેવના અનન્ય ભક્ત, પૂજ્યશ્રી આત્માનંદજી સાહેબના શિષ્યરત્ન, આપણી સંસ્થાના ભૂતપૂર્વ મેનેજિંગ ટ્રસ્ટી અને સૌના લાડીલા આદ. **શ્રી જયંતભાઇ એમ. શાહ**નું તા. ૧૬-૦૩-૨૦૨૦ ના રોજ ૯૦ વર્ષની વયે દેહાવસાન થયું છે.

**અધ્યાત્મ યાત્રા :** સ્વાતંત્ર્ય સેનાની શ્રી જયંતભાઇ શાહની અધ્યાત્મયાત્રા શરૂ થઇ હતી - શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, ઘાટકોપરથી કે જ્યાં તેઓ નિયમિત સત્સંગ-ભક્તિના કાર્યક્રમોમાં હાજરી આપતા હતા. શ્રી શશીભાઇ ઝવેરી તેમજ શ્રી જયસિંહભાઇ (દેવલાલી) ની ભક્તિના આયોજનમાં તેમનો ફાળો રહ્યો હતો. લગભગ ૪૦ વર્ષની વયે ત્યાં સેક્રેટરી અને પછી ટ્રસ્ટીના પદે રહ્યા હતા. જ્ઞાનમંદિરે તે સમય દરમ્યાન ઉત્તરોત્તર પ્રગતિ કરી હતી.

પાત્રતા અને ધર્મમાં રુચિ તો હતી જ; તેમાં તેમનો પરિચય થયો પૂજ્યશ્રી આત્માનંદજી સાહેબનો. એમના જ્ઞાનવૈભવ, નિર્મળ ગુણોથી આકર્ષાઇ પૂજ્યશ્રી સાથે જોડાતા અધ્યાત્મ યાત્રાને પૂરો વેગ મળ્યો હતો. તેઓ કોબા આશ્રમમાં નિયમિતપણે આવતા અને સાહેબજીના સત્સંગનો લાભ લેતા હતા. પૂજ્યશ્રીના સત્સંગ-બોધથી પ્રેરાઇને તેઓએ અમેરિકાથી જ પત્રમાં જણાવ્યું હતું, ''કરિષ્યે વચનં તવ'' (આપની આજ્ઞા પ્રમાણે વર્તીશ.) લગભગ ૧૯૯૦ થી સંસારની બધી જ જવાબદારી પૂરી કરી તેઓ કોબા આશ્રમમાં સ્થાયી થઇ ગયા હતા.

નિયમિતપણે શ્રી જિનપૂજા, નિત્યક્રમ અને પરમકૃપાળુદેવના વચનામૃતના સત્સંગ શ્રવણ-મનનથી તેમની આત્મકલ્યાણની યાત્રા વધારે દૃઢ થઇ હતી. તેમનું સત્શ્રુતનું જ્ઞાન-તત્ત્વજ્ઞાન તથા સત્ધર્મશ્રદ્ધા પ્રેરણાદાયક હતા.



**નિઃસ્વાર્થ સેવા :** પૂજ્યશ્રી સાહેબના માર્ગદર્શન અને તેમના આશીર્વાદ સાથે સાધનાપંથે પ્રયાણ કરતાં પ્રસન્નતાથી ભરપૂર શ્રી જયંતભાઇ પૂજ્યશ્રીના જમણા હાથ બની ગયા હતા. તેઓએ કોબા આશ્રમને એક નવીન, આધુનિક આશ્રમ બનાવવાની પૂરી જવાબદારી લઇ લીધી હતી. તેઓ તન-મન-ધન અને આત્માથી પૂજ્યશ્રી તથા સંસ્થાને સમર્પિત હતા.

પરમકૃપાળુદેવના યોગબળ અને પૂજ્યશ્રી સાહેબના આશીર્વાદથી આશ્રમના નવીનીકરણમાં જિનમંદિર, ગુરુમંદિર, સંતકુટિર, ભોજનશાળા વગેરેના બાંધકામમાં તેઓ બીજા મુમુક્ષુભાઇઓની સંગાથે તન-મન-ધનથી જોડાઇ ગયા હતા. સ્વાધ્યાયહોલના નિર્માણમાં તેમનું મુખ્ય યોગદાન હતું.

તેમની નિર્ણયશક્તિ, વિચક્ષણતા અને કાર્યદક્ષતાને લીધે તેમની સલાહ અનુસાર આશ્રમમાં વહીવટમાં મહત્ત્વના નિર્ણયો લેવાતા હતા. ગુરુકુળ સારી રીતે ચાલે એ આશયથી તેઓએ પૂજ્યશ્રીની આજ્ઞાથી એજ્યુકેશન ફંડ બનાવ્યું હતું.

**રાજ-પરિવાર સંગઠનમાં યોગદાન :** પૂજ્યશ્રી સાહેબજીની સલાહથી શ્રી જયંતભાઇએ રાજ-પરિવારના

સંતો જેમકે પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઇ ઝવેરી (ધરમપુર), પૂ.શ્રી નલીનભાઇ કોઠારી (સાયલા), પૂ.શ્રી ગોકુળભાઇ, પૂ.શ્રી ગાંગજીભાઇ (કુકમા), તેમજ ઘણા દિગંબર પંડિતો જેમકે, પંડિત શ્રી ધીરુભાઇ, પંડિત શ્રી હુકમચંદજી ભારિલ્લ તેમજ ઘણા સંતો તેમજ અગ્રણી મહાનુભાવોની સત્સંગશ્રેણીનું આયોજન આશ્રમમાં કરી, મુમુક્ષુઓને તેમજ કોબા આશ્રમને રાજ-પરિવારમાં આગવું સ્થાન અપાવવામાં તેમનો અવિસ્મરણીય ફાળો હતો.

**પ્રતિષ્ઠા, તીર્થયાત્રા, ધર્મયાત્રાનું આયોજન :** શ્રી જયંતભાઇ શાહે પૂજ્યશ્રીના માર્ગદર્શન હેઠળ જિનમંદિરની પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો તેમજ શ્રી સમ્મેદશિખરજી, શ્રી ગિરનાર તીર્થ, શ્રી શ્રવણ બેલગોડા તીર્થ જેવા અનેક તીર્થોની યાત્રાનું આયોજન કર્યું હતું.

**લેખનકાર્ય :** સંસ્થાના આધ્યાત્મિક મુખપત્ર 'દિવ્યધ્વનિ' માટે તેઓ નિયમિત લેખો પણ લખતા હતા. તેમણે 'બૃહદ્ આલોચના' ના અર્થનું સંકલન કરતું એક પુસ્તક પણ પ્રકાશિત કર્યું હતું, જે સાધકોને સાધનામાં ઘણું ઉપયોગી બન્યું છે. તેમના લેખો દ્વારા પણ સાધકોને ઘણું પાથેય મળતું.

**કૌટુંબિક જવાબદારી :** તેમના ધર્મપત્ની શ્રીમતી ઇન્દિરાબેન, તેમના પુત્રો શ્રી સ્નેહલભાઇ (યુ.એસ.એ.), શ્રી પરાગભાઇ (ઘાટકોપર), પુત્રી શ્રીમતી સીતાબેન ધોળકિયા (સાંતાક્રુઝ) અને અન્ય પરિવારજનોને તેઓએ અધ્યાત્મ અને ધર્મના રંગે ચડાવવામાં ખૂબ અગત્યનો ફાળો આપ્યો હતો. તેમના મોટા પુત્ર શ્રી સ્નેહલભાઇ આજે પણ અમેરિકામાં ધરમપુર આશ્રમના પ્રમુખપદે સેવા આપી રહ્યા છે.

આવા પરમકૃપાળુદેવના ભક્ત, પ્રેમાળ અને કુટુંબમાં નૈતિકતાના મૂલ્યોનું સિંચન કરનાર, કોબા આશ્રમના વિકાસમાં બહુમુખી યોગદાન આપનાર શ્રી જયંતભાઇ શાહનું સ્વાસ્થ્ય અચાનક બગડતાં તેમને લીલાવતી હોસ્પિટલ (મુંબઇ) માં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેઓએ અંતિમ શ્વાસ લઇ માનવભવની સાર્થક યાત્રા પૂર્ણ કરી, અનંતની યાત્રામાં તેમનો આત્મા જોડાઇ ગયો.

પોતાની જીવનરૂપી લતાને ધર્મ અને અધ્યાત્મરૂપી જળ દ્વારા નિરંતર નવપલ્લવિત રાખનારા એવા શ્રી જયંતભાઇ સદ્ગતિને પ્રાપ્ત થાય તેમાં કોઇ આશ્ચર્ય નથી. સદ્ગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને આગામી થોડા જ ભવોમાં તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

(૨) **રાજકોટ :-** લગભગ ૩૫ વર્ષથી આપણી સંસ્થામાં રહીને સેવા-સત્સંગ-સ્વાધ્યાય કરનારા કોબા પરિવારના આત્મીયજન મુમુક્ષુવર્ય **આદ. મુક્તાબેન ચુનીલાલ મહેતા**નું તા. ૦૮-૦૫-૨૦૨૦ ના શુક્રવારના રોજ ૯૧ વર્ષની વયે દેહાવસાન થયું છે.

પરમ આદરણીય મુક્તાબા એટલે સેવાની મૂર્તિ. તેમનું જીવન એટલે શ્રુતજ્ઞાન, ભક્તિ અને સેવાનો ત્રિવેણી સંગમ.

૧૯૭૫ થી તેઓ પૂજ્યશ્રીના પરિચયમાં હતા. રાજકોટની સ્કૂલમાં શિક્ષિકા તરીકેનું સાદુ અને સરળ જીવન હતું. તેઓ પૂજ્યશ્રીના પરિચયમાં આવ્યા પછી જેટલી ધર્મયાત્રાઓ થતી તેમાં જોડાતા. તેમની સાથે તેમના બે મિત્ર બહેનો આવતા. બહેનશ્રી રંજનબેન (શ્રી સૂર્યકાંતભાઇ શેઠના બેન) તથા બહેનશ્રી વનિતાબેન-જેઓ તેમની જ સ્કૂલમાં શિક્ષિકા હતા. નાની વયથી જ તેઓ રાજકોટમાં દીવાનપુરામાં શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુમંડળ સાથે સ્વાધ્યાયમાં જોડાયેલા.

યાત્રા માટે તેમનો ઘણો ઉત્સાહ રહેતો. તીર્થસ્થાન વિષેની માહિતી પણ બરાબર જાણતા. યાત્રા દરમ્યાન પૂજ્ય સાહેબજીના ભોજન વગેરેની સેવાઓ કરતા. કોબા શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્રની સ્થાપના

પછી થોડા વખતમાં પૂજ્યશ્રીની આજ્ઞાથી સાધના માટે તેઓએ નિવૃત્તિ લઈને સંપૂર્ણપણે આશ્રમમાં સેવા-સાધનામાં લાગી ગયા. આગંતુક સાધકોનું તેઓ ખૂબ લાગણીપૂર્વક ધ્યાન રાખતા. તેમનું જીવન એકદમ સાદુ હતું., કથાનુયોગના ખૂબ પ્રેમી. તેમનો મુખ્ય પરિગ્રહ હતો - સત્શાસ્ત્રો, સારા મેગેઝીન અને 'કથાનુયોગ' ના પુસ્તકો. તેમને લેખનનો શોખ હતો. 'દિવ્યધ્વનિ' માં તેઓના લેખો પ્રગટ થતાં. સ્વભાવે શાંત, સૌમ્ય અને સરળ પ્રકૃતિના હતા. પરોપકારની ભાવના તેમના રગેરગમાં વ્યાપેલી હતી. તેમની સ્મરણશક્તિ ઘણી સારી હતી. પૂજ્યશ્રીના બોધદાયક જીવનપ્રસંગોનું વર્ણન કરતાં ભાવવિભોર થઇ જતાં. આદ. શ્રી પ્રફુલભાઇ લાખાણીએ તેનું વીડિયો રેકોર્ડિંગ કર્યું છે.

જ્યારે સમય મળે ત્યારે મહાપુરુષોના જીવનના પ્રેરક પ્રસંગો પોતાની શૈલીમાં જણાવતા. તેઓ પૂજ્ય બહેનશ્રી તથા સોનેજી પરિવારના આત્મીયજન હતા. ડૉ. રાજેશભાઇના લગ્નમાં તેઓ ખાસ રાજકોટથી કરફ્યુ હતો તો પણ આવ્યા હતા. સંસ્થાના પુસ્તક પ્રકાશનો તથા આધ્યાત્મિક મુખપત્રમાં ઘણો સહયોગ આપતા.

તેમનું સ્વાસ્થ્ય નબળું પડતાં તેઓને રાજકોટ વધુ રહેવું પડતું. છતાં સમયે સમયે કોબા આવતા ત્યારે ખૂબ પ્રસન્ન થતાં. તેઓ ખૂબ ઉદાર દિલના હતા. સમયે સમયે પૂજ્યશ્રીના આહારદાન માટે તથા સંસ્થામાં ઉદારતાથી દાન આપતા.

તેઓએ સેવા, ભક્તિ, સાધના દ્વારા ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું છે. તેઓશ્રી આવતા ભવોમાં વિશેષ આરાધના કરી શીઘ્ર પરમપદને પ્રાપ્ત કરે એવી સમસ્ત કોબા પરિવારની પ્રભુગુરુને પ્રાર્થના છે.

(૩) **પૂના :** શ્રીમતી **મંજુલાબેન પ્રતાપરાય મહેતા**નું તા. ૦૯-૦૫-૨૦૨૦ ના શનિવાર, વૈશાખ વદ બીજના દિવસે ૮૨ વર્ષની વયે દેહાવસાન થયું છે.

તેઓશ્રીનો જન્મ તા. ૧૨-૧૨-૧૯૩૮ ના રોજ થયો હતો. તેઓ ૩૫ વર્ષથી પૂજ્યશ્રી તથા સંસ્થા સાથે ઘનિષ્ઠતાથી જોડાયેલા હતા. તેઓને પૂજ્યશ્રી, પૂજ્ય બહેનશ્રી અને સંસ્થા પ્રત્યે અંતરનો અહોભાવ હતો. તેઓ સરળ સ્વભાવી અને ધર્મનિષ્ઠ હતા. સેવાની ભાવના તો તેઓના રગેરગમાં વ્યાપ્ત હતી. તેઓ આદ. પ્રતાપભાઈ સાથે અવારનવાર કોબા પધારીને સત્સંગ-ભક્તિ-સેવાનો વિશેષ લાભ લેતા હતા. પૂજ્યશ્રીની આજ્ઞા અનુસાર તેઓ ભક્તિ, સામાયિક, પ્રભુસ્મરણ, સદ્વાચન આદિ ક્રમની આરાધના કરતા. આ આરાધનાક્રમ તેઓએ નિયમિતપણે જિંદગીના અંત સુધી જાળવી રાખ્યો હતો. સત્પુરુષની આજ્ઞાપાલનની કેવી અદ્ભુત અંતરંગ રુચિ !

પૂજ્યશ્રી જ્યારે પૂના પધારતા ત્યારે તેઓની બધી વ્યવસ્થા અને સેવા અંતરના ઉમળકાપૂર્વક કરતા. પૂજ્યશ્રી માટે અનાજ, લોટ, મસાલા વગેરે જાતે તૈયાર કરતા. સૂક્ષ્મ બાબતોમાં પણ તેઓ ચીવટ રાખતા. તેઓના રૂમમાંથી એક બેગ મળી આવેલ; જેમાં પૂજ્યશ્રી વાપરતા હતા તે ટોવેલ, નેપકીન, બેડશીટ વગેરેનો સંગ્રહ છે. આદ. પ્રતાપભાઇને ધર્મકાર્યોમાં તેઓએ સદા પ્રશંસનીય સહયોગ આપ્યો હતો. જીવદયા અને દાન પ્રત્યે પણ તેઓને અનુરાગ હતો. સાદગી, સેવા, કુટુંબપ્રેમ, પરોપકાર, વ્યવહારકુશળતા, સરળતા, કરુણા જેવા અનેકવિધ સદ્ગુણોરૂપી જળસિંચન દ્વારા તેઓએ પોતાની જીવનલતાને નવપલ્લવિત રાખી હતી. પોતાના સંતાનોમાં નાનપણથી જ ધર્મના સંસ્કારોનું સિંચન કર્યું હતું, જેના પરિણામે તેઓના સંતાનો આજે ધર્મ અને અધ્યાત્મ ક્ષેત્રે પ્રગતિ સાધી રહ્યા છે.

તેઓનો પાવન આત્મા આવતા ભવોમાં વિશેષ આરાધના કરીને શીઘ્ર પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**(૪) બોટાદ :** આપણી સંસ્થામાં છેલ્લા પાંત્રીસ વર્ષથી રહીને સાધના-સેવા કરતા મુમુક્ષુવર્ય આદ. બા.બ્ર. સુરેખાબેનના માતુશ્રી **મંગળાબેન ભોગીલાલ શાહ**નું ચૈત્ર વદ પાંચમ તા. ૧૨-૪-૨૦૨૦ ના રવિવારના બપોરે ૧.૩૦ કલાકે દેહાવસાન થયું છે. તેઓ ઘણા વર્ષોથી આપણી સંસ્થા સાથે સંકળાયેલા હતા. તેઓ શ્રી પર્યુષણ પર્વ, દીપાવલી આરાધના શિબિર, ડિસેમ્બર માસની શિબિર વગેરે દરેક શિબિરમાં સંસ્થામાં અચૂક પધારતા અને સત્સંગ-ભક્તિનો લાભ લેતા હતા. તેઓ નિખાલસ પ્રકૃતિના હતા તેમજ પરગજુ સ્વભાવના હતા. પરોપકારી સ્વભાવ એ તેઓના વ્યક્તિત્વની ધ્યાનાકર્ષક વિશેષતા હતી. તેઓની ધર્મભાવના પણ ખરે જ પ્રશંસનીય હતી. ધર્મકાર્ય કે સત્કાર્યો માટે તેઓ દાનની સરવાણી વહેવડાવતા હતા. તેઓ સાધુ-સાધ્વીજીઓની અંતઃકરણપૂર્વક વૈયાવચ્ચ (સેવા) કરતા હતા. બોટાદ સંપ્રદાયમાં દીક્ષાર્થીની શોભાયાત્રા હોય કે સાધુ-સાધ્વીજીની સમાધિની પાલખી હોય-તેનો તેઓ અચૂક લાભ લેતા. દેહાવસાનના થોડા દિવસો અગાઉ તેઓ આપણી સંસ્થામાં ૧ મહિનો જેટલું રોકાયા હતા અને સંસ્થામાં સ્વામિવાત્સલ્યની કાયમી તિથિ લખાવવાની પોતાની ભાવનાની પૂર્તિ કરી હતી. તેઓ સૌમ્ય અને શાંત પ્રકૃતિના હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**(૫) મુંબઇ :** આપણી સંસ્થામાં સત્સંગ-ભક્તિ અર્થે અવારનવાર પધારતાં શ્રી **ગુલાબચંદભાઇ શાહ**નું તા. ૧-૬-૨૦૨૦ ના રોજ દેહાવસાન થયું છે. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેઓને અત્યંત અહોભાવ હતો. કોબા આશ્રમમાં પણ તેઓ પ્રિય હતા. તેમનો રમૂજી સ્વભાવ સૌને ગમતો હતો. સદા આનંદમાં રહેવું એ તેઓના વ્યક્તિત્વની ધ્યાનાકર્ષક બાબત હતી. તેઓના બહેન આદ. શ્રી ઊર્મિલાબેન દર વર્ષે અમેરિકાથી આવીને આપણી સંસ્થામાં ત્રણ-ચાર મહિના રોકાતા ત્યારે તેમની સાથે ગુલાબચંદભાઇએ પણ આવવાનું શરૂ કર્યું. પૂજ્યશ્રી પ્રત્યે તેઓને અંતરનો ભક્તિભાવ હતો. સંસ્થાના સુંદર વાતાવરણથી તેઓ ખૂબ પ્રભાવિત હતા. નાદુરસ્ત તબિયત હોવા છતાં પણ તેઓ સંસ્થામાં પધારતા. તેમના આનંદી સ્વભાવને કારણે મુમુક્ષુઓ સાથે આત્મીયતા બંધાઈ હતી. સંસ્થા અને ગુરુકુળ માટે તેઓએ આર્થિક યોગદાન પણ આપ્યું હતું. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**(૬) આગિયા (તા. ખેડબ્રહ્મા) : પૂંજાભાઇ કોદરભાઇ પ્રજાપતિ**નું તા. ૦૩-૦૪-૨૦૨૦ ના રોજ ૮૪ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ આપણી સંસ્થામાં અવાર નવાર સત્સંગ અર્થે પધારતા. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેઓને અત્યંત ભક્તિભાવ હતો. પૂજ્યશ્રીની આજ્ઞા અનુસાર તેઓ આધ્યાત્મિક માર્ગે ચાલવાનો સ્તુત્ય પ્રયત્ન કરતા હતા. આપણી સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વના પ્રસંગે પધારીને તેઓએ અઠ્ઠાઇ તપની આરાધના કરી હતી. નીતિનિયમોના પાલનમાં તેઓ ચુસ્ત હતા. ધર્મ પ્રત્યેની તેઓની ભાવના પ્રશંસનીય છે. જીવનના અંત સુધી તેઓ પર્યુષણ મહાપર્વ તથા અગિયારસના ઉપવાસ કરતા રહ્યા. તેઓ સેવાભાવી, સરળ અને મિલનસાર સ્વભાવના હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## સંસ્થા સ્થાપના દિનની ઉજવણી વેળાએ



પૂજ્ય બહેનશ્રી



બા. બ્ર. સુરેશજી

## ગણિની આર્યિકા પૂજ્ય શુભમતિ માતાજીનો કોબામાં મંગલ પ્રવેશ અને પ્રવચન



## શ્રી રાજમંદિરમાં રાજભક્તિ



**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2018-2020**
**issued by SSP Ahmedabad valid upto 31-12-2020 - Publication Date 15th of every month**

# 'આ જ મારા ગુરુ'

જેમની પાસે બેસતાં દેહ ભુલાઈ જાય, જેમના નેત્રોમાં મોક્ષના દર્શન થાય, જ્યાં વંદન કરવાનો આપમેળે જ ઉલ્લાસ જાગે અને જેમના ચરણ પ્રાપ્ત કરતાં જાણે શેત્રુંજય, ગિરનાર વગેરે સર્વ તીર્થોની પ્રાપ્તિ થતી હોય તેવું લાગે ત્યારે અંતરથી એમ બોલાઈ જાય કે આ જ મારા ગુરુ....

જ્યાં અંતર આનંદ અનુભવે, હૈયું ઠરવા લાગે, મન શાંત પડે, મૂંઝવણનું વગર માંગે સમાધાન થાય, કહ્યા વગર બધું જ સમજાઇ જાય, જેમના શબ્દો કાન નહિ પણ હૈયું સાંભળે, જેમની આજ્ઞા પાળતાં અંતર અનુભૂતિ થાય. આવા ગુરુને ધારવા ના પડે. બસ, આપણા આત્મામાંથી એક જ શબ્દ નીકળે - આ જ મારા ગુરુ.

હે ગુરુદેવ ! આપની પરમ કરુણા, આંખોમાં કરુણા, વાણીમાં કરુણા, વ્યવહારમાં કરુણા, આપશ્રીએ અમારું બધેથી ધ્યાન ખસેડીને અમારા પોતાના ઘરમાં લઈ ગયા એટલે કે અમને અમારા આત્મામાં મૂકી દીધાં ! આપના મુખ પરની પવિત્રતા, આપની આંખોમાં રહેલી પ્રસન્નતા, આપના શબ્દોમાં રહેલી સૌમ્યતા, આપના ભાવોમાં રહેલી નિખાલસતા તે અદ્‌ભુત છે ! આપશ્રી તો પ્રેમના સાગર છો. વધારે શું કહું?

આપના કલ્યાણમય ઉપદેશથી નિજપદની પ્રાપ્તિ કરાવનાર હે ગુરુદેવ ! પ્રેમથી આપનું પૂજન કરું, ભક્તિથી આરતી કરું, સેવાથી નૈવેદ્ય કરું, સમર્પણના સાથિયા કરું તો પણ આ આત્માર્થી જીવો આપના ઋણથી ક્યારેય મુક્ત ના થઈ શકે.

## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ 'દિવ્યધ્વનિ' જૂન-જુલાઇ ૨૦૨૦ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**ડૉ. સર્જનભાઈ દિલીપભાઈ શાહ પરિવાર, અમદાવાદ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' જૂન-જુલાઇ ૨૦૨૦ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**શ્રી ધીરુભાઈ ત્ર્યંબકભાઈ ડગલી તથા શ્રી મંજુબેન ધીરુભાઈ ડગલી, વિલેપાર્લે (વે) મુંબઇ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,